પાના ૮, કિંમત ૩.૨, તા. ૨૭-૦૧-૨૦૨૬-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૩૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

ભારત-યુરોપીયન સંઘ વચ્ચે ઐતિહાસિક વ્યાપાર કરાર

દેશના રોજગારલક્ષી ઉદ્યોગો માટે ૪૫ કરોડ લોકોનું બજાર વધુ ખુલશે : ૨૦ વર્ષથી ચાલતી વાટાઘાટો બાદ દિલ્હીમાં સંયુક્ત જાહેરાત : એક વર્ષમાં કરાર અમલી બનશે

નવી દિલ્હી, તા. ૨૭

મેરિકાના ઉંચા ટેરિફ દુર થવાની અનિશ્ચિતતા વચ્ચે આજે ભારત અને યુરોપીયન સંઘ વચ્ચે ઐતિહાસિક મુક્ત વ્યાપાર કરાર પર થયો છે અને તેનાથી ભારતીય નિકાસ માટે હવે યુરોપીયન દેશોના દરવાજા વધુ ખુલ્લા મુકાશે.

આ વ્યાપાર કરારની આજે જાહેરાત બાદ આગામી વર્ષે તે અમલી બનશે. લગભગ ૨૦ વર્ષના લાંબી ચર્ચા વિચારણા અને વાટાઘાટો બાદ આજે આ ઐતિહાસિક કરાર પણ નિર્ણય લેવાયો હતો. પ્રજાસતાક દિને રાષ્ટ્રીય પરેડના મહેમાન બનેલા યુરોપીયન સંઘના વડા ઉર્સ્લા વોન ડેર લેપન તથા યુરોપીયન સંઘના અન્ય અતિથિની હાજરીમાં આ કરાર પર જાહેરાત થશે.

વિશ્વના સૌથી વિકસીત દેશોના સમૂહ તરીકે ૨૭ દેશોના આ સંગઠન જેમાં ફ્રાન્સ, ઈટલી, જર્મની, ડેનમાર્ક જેવા દેશો પણ સામેલ છે તેથી કુલ ૪૫ ક્રોડની વસતિનું મોટું અને વિકસીત બજાર ભારતીય અર્થતંત્રને ફળશે તો ૧૪૦ કરોડની વસતિ ધરાવતા ભારતનું એક વિકસતુ જતુ બજાર યુરોપીયન કંપનીઓને મળશે.

ખાસ કરીને યુરોપનું વિશાળ નાણાકીય બજાર, એન્જીનીયરીગ ક્ષેત્રનો લાભ ભારતના ઉદ્યોગને મળશે તો અમેરિકાના ઉંચા ટેરિફથી ભારતના ટેક્ષટાઈલ, દવા, આઈટી સહિતના ક્ષેત્રોને જે આંચકો લાગ્યો છે તેની ભરપાઈ યુરોપીયન બજારોથી થશે. ભારતે હાલમાંજ જે રીતે બ્રિટન સાથે મુક્ત વ્યાપાર કરાર કર્યા છે તેનાથી હવે પુરુ યુરોપ એ ભારત માટે મહત્વપૂર્ણ વ્યાપારી સ્થાન બનશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પ્રજાસતાક દિન પરેડમાં યુરોપીયન સંઘના વડા ઉર્સેલા વોન-દાર લેપન અને યુરોપીયન કાઉન્સીલના પ્રેસીડેન્ટ એન્ટાનિયો કોસ્ટાને આમંત્રીત કરીને માસ્ટર સ્ટ્રોક માર્યો હતો. આ ઉપરાંત યુરોપની આધુનિક સંરક્ષણ ઉત્પાદન પ્રણાલીનો લાભ પણ ભારતને થશે. ભારતની મુલાકાતે આવેલા યુરોપીયન સંઘના વડાએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે મજબૂત ભારત એ વૈશ્વિક સ્થિરતા માટે મહત્વનું પુરવાર થશે.ભારત અને યુરોપીયન સંઘ વચ્ચે આજે વ્યાપાર કરારની જાહેરાતથી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જબરો આંચકો લાગ્યો છે અને બન્ને દેશોના મુક્ત વ્યાપાર કરાર પર

અનુસંધાન પાના ૭ પર

અમેરિકામાં બરફના તોફાનમાં ૨૯નાં મોત

નવી દિલ્હી, તા. ૨૭

અમેરિકામાં રવિવારથી શરૂ થયેલા બરફનાં તોફાને દેશભરમાં સ્થિતિ બગાડી દીધી છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦ રાજયો અને રાજધાની વોશિંગ્ટન ડીસીમાં ઈમરજન્સી જાહેર કરી છે.

નેશનલ વેધર સર્વિસ (NWS) અનુસાર, તોફાન લગભગ ૩,૨૨૦ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલું છે. લગભગ ૨૧ કરોડ એટલે કે બે-તૃતીયાંશ અમેરિકનો આ તોફાનની ચપેટમાં છે. ડેઈલી મેલ અનુસાર, ન્યૂયોર્ક સહિત દેશભરમાં અત્યાર સુધીમાં ૨૯ લોકોના મોત થયા છે.દેશના ઘણા વિસ્તારોમાં ૧૨ થી ૨૦ ઈંચ સુધી બરફ પડ્યો, જેના કારણે હાઈવે બંધ થઈ ગયા, ફ્લાઈટ્સ રદ થઈ અને શાળાઓમાં રજાઓ જાહેર કરવામાં આવી. સોમવાર સાંજ સુધી લગભગ ૭ લાખ ઘર વીજળી વિના રહ્યા.ફ્લાઈટઅવેર અનુસાર, સોમવારે દેશભરમાં ૮,૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ. શુક્રવારથી અત્યાર સુધીમાં ૩૧,૦૦૦થી વધુ ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે. જ્યારે રવિવારે ૧૦,૮૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ છે. નિષ્ણાતોનું કહેવું છે કે ફ્લાઈટ રદ થવા અને વિલંબની સમસ્યા ઘણા દિવસો સુધી રહી શકે છે.અમેરિકાનું ટેનેસી સૌથી વધુ પ્રભાવિત થયું. અહીં રવિવારે બપોર સુધીમાં લગભગ ૩.૩૭ લાખ ઘરો અને વ્યવસાયોમાં વીજળી નહોતી.લ્યુઈસિયાના અને મિસિસિપીમાં ૧ લાખથી વધુ ઘરોમાં વીજળી નહોતી. કેન્ટુકી, જ્યોર્જિયા, અલાબામા અને વેસ્ટ વર્જિનિયામાં પણ લાખો ઘરો વીજળી વિના છે. બરફ અને સ્નોફોલથી વૃક્ષો અને પાવર લાઈન તૂટી ગઈ.ટિપ્પાહ ઈલેક્ટ્રિક પાવરે જણાવ્યું કે નુકસાન મોટું છે. ફરીથી વીજળી સપ્લાય શરૂ કરવામાં ઘણા અઠવાડિયાનો સમય લાગી શકે છે. ટેનેસી વેલી ઓથોરિટીએ જણાવ્યું કે મુખ્ય પાવર સિસ્ટમ સ્થિર છે, પરંતુ કેટલાક વિસ્તારોમાં વીજળીની સમસ્યા ચાલુ છે.



- **કેટલાક વિસ્તારોમાં ૨૦ ઇંચ સુધી બરફ પડ્યો, સ્કૂલ-હાઈવે બંધ : ૭ લાખ ઘરમાં વીજળી ગુલ, ૮ હજાર ફ્લાઈટ્સ રદ**

રાજસ્થાનમાં વાવાઝોડા સાથે વરસાદ : જયપુરમાં ધૂળની આંધી

મધ્ય પ્રદેશના ૨૮ જિલ્લામાં આજે અને કાલે વરસાદનું એલર્ટ

નવી દિલ્હી, તા. ૨૭

દેશના ઉત્તર-પશ્ચિમ રાજ્યોમાં હવામાન પલટાયું છે. પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ સહિત ઘણા રાજ્યોમાં મંગળવારથી ભારે પવન સાથે વરસાદનો દોર શરૂ થવાનો છે. રાજસ્થાનના જયપુરમાં આજે સવારે ધૂળભરી આંધી સાથે વરસાદ પડ્યો.

મધ્યપ્રદેશમાં ભોપાલ, ગ્વાલિયર સહિત ૨૮ જિલ્લામાં આજે અને કાલે વરસાદનું એલર્ટ છે. ઘણા શહેરોમાં રાતનું તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે જઈ શકે છે. યુપીના ૧૪ જિલ્લામાં વરસાદ સાથે કરા પડવાની ચેતવણી આપવામાં આવી છે. ૫૦ જિલ્લામાં ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી પવન ફૂંકાશે.આ તરફ, હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષાથી સ્થિતિ બગડી છે. ઘણા નેશનલ હાઈવે પર બરફ જામી ગયો છે. જેના કારણે સેંકડો પર્યટકો ફસાયા છે. હવામાન વિભાગે આજે પણ કુલ્લુ, કિન્નૌર, ચંબા, લાહૌલ-સ્પીતિ અને સિમલામાં ભારે વરસાદ અને હિમવર્ષાનું એલર્ટ જાહેર કર્યું છે.

કાશ્મીરમાં મોટાભાગની જગ્યાઓએ આજે વરસાદ કે બરફવર્ષાની સંભાવના છે. બરફથી ઢંકાયેલા ઊંચા વિસ્તારોમાં રહેતા લોકોને બહાર જવાનું ટાળવાની ચેતવણી આપવામાં આવી છે. શ્રીનગરમાં સોમવારે રાત્રે લઘુત્તમ તાપમાન -૦.૧ ડિગ્રી નોંધાયું હતું. ગુલમર્ગ ખીણ સૌથી ઠંડી જગ્યા રહી, જ્યાં તાપમાન -૯.૦ ડિગ્રી નોંધાયું હતું.રાજસ્થાનમાં છેલ્લા ત્રણ દિવસથી કડકડતી ઠંડી બાદ મંગળવારે વરસાદનું એલર્ટ છે. હવામાન વિભાગે જયપુર સહિત ૧૦ જિલ્લામાં આજથી બે દિવસ વાવાઝોડા સાથે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. જયપુરમાં આજે સવારે ધૂળભર્યા પવન ફુંકાયા બાદ

અનુસંધાન પાના ૭ પર

પશ્ચિમ બંગાળમાં ગોડાઉનની આગમાં ૮ શ્રમિકો સળગી મર્યા

૨૪ પરગણા જિલ્લામાં બે ગોડાઉનમાં ભયાનક આગમાં ઘણા મજૂરો ગુમ

નવી દિલ્હી, તા. ૨૭

પોલીસના જણાવ્યા અનુસાર, આગ સવારે લગભગ ૩ વાગ્યે લાગી હતી. ફાયર બ્રિગેડની ૧૨ ગાડીઓએ લગભગ ૭ કલાકની જહેમત બાદ સવારે ૧૦ વાગ્યે આગ પર કાબૂ મેળવ્યો. જોકે, ગોડાઉનના કેટલાક ભાગોમાં મોડી સાંજ સુધી ધુમાડો અને આગ ચાલુ રહી હતી.સાંજે લગભગ ૫ વાગ્યે ત્રણ મૃતદેહ મળ્યા. બાદમાં શોધખોળ દરમિયાન અન્ય પાંચ મૃતદેહ મળી આવ્યા. બારુઈપુર પોલીસ જિલ્લાના એસપી શુભેન્દુ કુમારે જણાવ્યું કે તમામ મૃતદેહો એટલી ખરાબ રીતે દાઝી ગયા છે કે ઓળખ શક્ય નથી.

શરૂઆતમાં ૬ લોકો ગુમ થયા હોવાની માહિતી મળી હતી, પરંતુ પરિવારજનોનું કહેવું છે કે આ સંખ્યા ૧૦થી વધુ હોઈ શકે છે. ગોડાઉનમાં એક ડેકોરેટિંગ કંપની અને એક લોકપ્રિય મોમો ચેઈનના મજૂરો કામ કરતા હતા, જેઓ ત્યાં જ કામચલાઉ રૂમોમાં રહેતા હતા.ચાર મજૂરોએ સમયસર ફેક્ટરીમાંથી બહાર ભાગીને પોતાનો જીવ બચાવ્યો. મૃતક અને ગુમ થયેલા મજૂરો પૂર્વ મેદિનીપુર, પશ્ચિમ મેદિનીપુર અને દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના રહેવાસી છે.

અનુસંધાન પાના ૭ પર

સંસદના બજેટ સત્ર પહેલા સરકાર દ્વારા સર્વપક્ષીય બેઠકનું આયોજન

આવતીકાલે રાષ્ટ્રપતિના અભિભાષણથી સંસદનું નવું સત્ર શરૂ થશે

નવી દિલ્હી, તા. ૨૭

સંસદના બજેટ સત્ર પહેલાં સરકારે કાયદાકીય અને અન્ય એજન્ડા પર ચર્ચા કરવા માટે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુના જણાવ્યા અનુસાર, રક્ષા મંત્રીની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠક સંસદ ભવન એનેક્સીના મુખ્ય સમિતિ રૂમમાં થશે. તેમાં ૩૫+ પક્ષોના સાંસદો ભાગ લઈ શકે છે.

બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધન કરવા સાથે શરૂ થશે. કેન્દ્રીય બજેટ ૧ ફેબ્રુઆરીએ રજૂ થશે. આ દિવસે રવિવાર છે.

બજેટ સત્ર દરમિયાન લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા માટે કામચલાઉ ધોરણે ત્રણ દિવસ (૨ થી ૪ ફેબ્રુઆરી) નક્કી કરવામાં આવ્યા છે. ૨૮ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરીએ કોઈ શૂન્યકાળ રહેશે નહીં.

૨૦૨૬નું બજેટ નાણા મંત્રી નિર્મલા સીતારમણનું સતત નવમું બજેટ હશે. નાણા મંત્રી ૭.૪% વિકાસ દર અને અનિશ્ચિત ભૂ-રાજકીય પરિસ્થિતિઓ વચ્ચે ૧ ફેબ્રુઆરીએ લોકસભામાં બજેટ રજૂ કરવાના છે. આ મોદી ૩.૦ સરકારનું ત્રીજું પૂર્ણ બજેટ હશે.

બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીએ શરૂ થશે અને ૨ એપ્રિલ સુધી ચાલશે. આ દરમિયાન એક ઈન્ટરસેશન બ્રેક પણ હશે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૩ ફેબ્રુઆરી સુધી નિર્ધારિત છે, જ્યારે બીજો તબક્કો ૯ માર્ચથી ૨ એપ્રિલ સુધી ચાલશે. બજેટ સત્રમાં ૩૦ બેઠકો યોજાશે.

લોકસભામાં ૯ બિલ પેન્ડિંગ છે, જેમાં વિકસિત ભારત શિક્ષણ અધિષ્ઠાન વિધેયક ૨૦૨૫, પ્રતિભૂતિ બજાર સંહિતા ૨૦૨૫ અને બંધારણ (૧૨૯મો સુધારો) વિધેયક ૨૦૨૪ સામેલ છે. આ બિલોની હાલમાં સંસદીય સ્થાયી સમિતિઓ તપાસ કરી રહી છે.

સર્વપક્ષીય બેઠક પહેલાં કોંગ્રેસે પણ બજેટ સત્રની રણનીતિ પર ચર્ચા કરવા માટે સંસદીય દળના સ્ટ્રેટેજી ગ્રુપની મીટિંગ બોલાવી છે. આ મીટિંગ મંગળવારે CPP ચેરપર્સન સોનિયા ગાંધીના ઘરે

અનુસંધાન પાના ૭ પર

કલેક્ટર ટીના ડાબી ફરી વિવાદમાં તિરંગાને ખોટી દિશામાં સલામી આપી

ટીના ડાબી તિરંગાને સલામી આપતા હોવાનો વિડીયો વાયરલ

નવી દિલ્હી, તા. ૨૭

રાજસ્થાનના બારમેર જિલ્લા કલેક્ટર ટીના ડાબી ફરી એકવાર સોશિયલ મીડિયામાં વિવાદમાં આવ્યાં છે. આ વખતે વિવાદનું કારણ કોઈ વહીવટી નિર્ણય કે સરકારી કામ નથી, પરંતુ ગણતંત્ર દિવસે એક મોટી ભૂલ કરી તે છે. ટીના ડાબી ધ્વજને સલામી આપતા તિરંગાની દિશા ભૂલી ગયા હતાં. જેનો વીડિયો અત્યારે સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે.

ગણતંત્ર દિવસની સવારે બારમેરમાં જિલ્લા કલેક્ટર તીના ડાબીએ પ્રથમ તેમના સરકારી આવાસ પર રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યો હોવાનુ સૂત્રોએ જણાવ્યું છે. જોકે, ચર્ચાની વાત એ છે કે, ટીના ડાબીએ જિલ્લા કલેક્ટર કાર્યાલયના પરિસરમાં અધિકારીઓ, કર્મચારીઓ અને શાળાના વિદ્યાર્થિનીઓની હાજરીમાં ધ્વજ વંદનના કાર્યક્રમમાં હાજરી આપી હતી. પરંતુ તિરંગો લહેરાવ્યાં બાદ સલામી આપવામાં આવતી વખતે તીના ડાબી થોડીક વાર માટે વિપરીત દિશામાં ઊભા રહેલા દેખાયા હતાં.

ટીના ડાબી વિપરિત દિશામાં ઊભા હોવાવથી સુરક્ષા જવાનના ઇશારો કર્યો અને પછી તેમણે તરત જ દિશા સુધારી લીધી હતી. પરંતુ આ ઘટના એક વીડિયોમાં કેદ થઈ ગઈ અને આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થવા લાગ્યો છે.

અનુસંધાન પાના ૭ પર

શંકરાચાર્યના અપમાનમાં રાજીનામું આપનાર બરેલીના મેજિસ્ટ્રેટ સસ્પેન્ડ

સિટી મેજીસ્ટ્રેટ અલંકાર અગ્નિહોત્રી પ્રકરણમાં સરકારે કમિશનરને તપાસ સોંપી

નવી દિલ્હી, તા. ૨૭

શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદના અપમાનમાં રાજીનામું આપનાર બરેલીના સિટી મેજિસ્ટ્રેટને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. શાસને કમિશનરને મામલાની તપાસ સોંપી છે. સાથે જ અલંકાર અગ્નિહોત્રીને શામલી અટેચ કરી દેવામાં આવ્યા છે.

મોડી રાત્રે શંકરાચાર્યે સિટી મેજિસ્ટ્રેટ સાથે ફોન પર વાત કરી. તેમને કહ્યું - આખો સનાતની સમાજ તમારાથી પ્રસન્ન છે. જે પદ તમને સરકારે આપ્યું હતું, અમે તેનાથી મોટું પદ ધર્મના ક્ષેત્રમાં તમને આપીશું.

અલંકાર અગ્નિહોત્રીએ ગણતંત્ર દિવસ પર રાજીનામું આપ્યું હતું. તેનું કારણ UGCનો નવો કાયદો અને શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદના શિષ્યોની મારપીટ જણાવી હતી. તેમણે ૫ પાનાનો પત્ર પણ લખ્યો હતો. ત્યારબાદ સાંજે સાડા ૭ વાગ્યે અગ્નિહોત્રી DM અવિનાશ સિંહને મળવા તેમના આવાસ પર પહોંચ્યા હતા.બહાર આવતા સિટી મેજિસ્ટ્રેટે કહ્યું - મને DM આવાસમાં ૪૫ મિનિટ બંધક બનાવીને રાખવામાં આવ્યો. SSPના કહેવા પર મને છોડવામાં આવ્યો. રાત્રે ૧૧ વાગ્યે અગ્નિહોત્રીએ સરકારી આવાસ ખાલી કરી દીધું. જોકે, તેઓ બરેલીમાં જ છે અને પોતાના પરિચિતના ઘરે રોકાયા છે.

બ્રાહ્મણ વર્ગમાંથી આવતા અલંકાર અગ્નિહોત્રી ૨૦૧૯માં PCS અધિકારી બન્યા હતા. તેમનો ૧૫મો રેન્ક આવ્યો હતો. કાનપુરના રહેવાસી અલંકાર ઓફિસમાં ભગવાન બજરંગબલીની તસવીર લગાવીને ચર્ચામાં આવ્યા હતા.

બરેલીના ADM દેશ દીપક સિંહે કહ્યું, "સિટી મેજિસ્ટ્રેટ અલંકાર અગ્નિહોત્રીના આરોપો પાયાવિહોણા છે. તેમને બંધક બનાવવામાં આવ્યા ન

અનુસંધાન પાના ૭ પર

મેક્સીકોમાં ફુટબોલ મેચ વખતે અંધાધુંધ ગોળીબારમાં ૧૧નાં મોત

સ્ટેડીયમમા અચાનક ધસી આવેલા ગનમેને આતંક મચાવતા હાહાકાર

મેકસીલો, તા. ૨૭

લેટીન અમેરિકન દેશ મેકસીકોમાં એક બંદુકધારીએ ફુટબોલ મેચ દરમ્યાન અંધાધુંધ ગોળીબાર કરીને ૧૧થી વધુ લોકોની હત્યા કરી હતી. જ્યારે તેના ગોળીબારમાં અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.સેન્ટ્રલ મેકસીકોના સાલામાનકામાં એક સ્થાનિક ફુટબોલ મેચ દરમ્યાન મેદાનની અંદર ધસી ગયો હતો અને તેણે અનેક વાહનો પર અને મેચ સમયે હાજર રહેલા લોકો પર અંધાધુંધ ગોળીબાર શરૂ કર્યો હતો.સ્થાનિક મેચ પુરો થયા બાદ લોકો પરત

જઈ રહ્યા હતા તે સમયે અચાનક થયેલા ગોળીબારના કારણે જબરી અફડાતફડી ફેલાઈ ગઈ છે અને અંદાજે ૧૦૦ જેટલા ગોળીબારના રાઉન્ડ કર્યા હોવાનું માનવામાં આવે છે.સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ બાદમાં ગનમેન નાસી જવામાં સફળ રહ્યો હોય તેવું માનવામાં આવે છે. પોલીસે તેની શોધ માટે ટુકડીઓ રવાના કરી છે અને ઈજાગ્રસ્તોમાં અનેક લોકોની હાલત ગંભીર હોવાનું માનવામાં આવે છે.

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.

મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

સુરત મહાનગર પાલિકા દ્વારા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી

એકે. રોડ જળક્રાંતિ મેદાનમાં ધ્વજ વંદન બાદ વિવિધ કાર્યક્રમો યોજાયા

સુરત, તા.૨૭

સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ૭૭માં પ્રજાસત્તાક દિનની વરાછા ઝોન-એ, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, જળક્રાંતિ મેદાન ખાતે ભવ્ય ઉજવણી ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા ગતરોજ સવારે ૧૦:૦૦ કલાકે વરાછા ઝોન-એ, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, ટી.પી.૧૫, ફા.પ્લોટ નં.૧૦૫, જળક્રાંતિ મેદાન, ધરમનગર રોડ, ધરતી નગર વોર્ડ ઓફિસની સામે, ફુલપાડા, સુરત ખાતે ધ્વજવંદન કાર્યક્રમ, સન્માન સમારોહ અને દેશભક્તિ આધારીત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ. પ્રજાસત્તાક પર્વની સુવર્ણમય સવારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓ બેન્ડની મધુર ધૂન અને દેશભક્તિના નારા સાથે પ્રભાતફેરી સ્વરૂપે ધ્વજ વંદન સમારોહમાં જોડાયા હતા. રાષ્ટ્ર ભક્તિ સભર વાતાવરણમાં માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી, માન. મ્યુ.કમિ. શ્રીમતી શાલિની અગ્રવાલ, IAS તથા અન્ય મહાનુભાવોએ સાથે મળી ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની પરેડ સાથે રાષ્ટ્રની આન બાન અને શાન સમા તિરંગાને રાષ્ટ્રગાન સાથે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી.આ કાર્યક્રમ પ્રસંગે માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણીએ નગરજનોને રાષ્ટ્રીય પર્વની શુભકામના પાઠવી જણાવ્યું હતું કે પ્રજાસત્તાક દિવસ રાષ્ટ્ર પ્રત્યે સન્માનની ભાવના સાથે, આપણી સંપ્રભુતાનો ઉત્સવ મનાવવાનો પણ પ્રસંગ છે. આ એ લાખો સ્વતંત્રતાસેનાનીઓનાં મહાન પ્રયાસો અને બલિદાનોને આભાર સાથે યાદ કરવાનો દિવસ છે. મીની ભારત તરીકે પ્રસિધ્ધ સુરત શહેર જરી ઉધોગ, ટેક્ષટાઇલ ઉધોગ, વાણિજય ઉધોગ, અને હીરા ઉધોગ માટે વિશ્વભરમાં પ્રસિધ્ધ વિશ્વના સૌથી ઝડપી વિકસીત શહેરોમાં ચોથો ક્રમાંક ધરાવે છે. સમગ્ર દેશમાં શહેરીજનોને ઉત્તમ પ્રાથમિક સુવિધા પુરી પાડવા બાબતે આરોગ્ય અને સ્વચ્છતા ક્ષેત્રે, સ્માર્ટ સિટી, સ્વચ્છ પાણી, ડ્રેનેજ, સ્પોર્ટ્સ, પરિવહન, સ્વચ્છ વાયુ, પી.એમ. સ્વનિધિ યોજના સહિત વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી પ્રદાન કરી રાષ્ટ્રીય કક્ષાના બહુવિધ એવોર્ડ મેળવનાર મહાનગર મેટ્રોસીટી અને મેગા સીટી બનવા જઇ રહ્યું છે. શહેરની વધતી વસ્તીને ધ્યાનમાં લેતા લાંબા ગાળાની પાણી પુરવઠાની જરૂરિયાતની માંગને પહોંચી વળવા સુરત મહાનગરપાલિકા દ્વારા તાપી નદી પર કન્વેશનલ બેરેજ બનાવવાનું આયોજન છે. આ સૂચિત બેરેજના લીધે અરબ સાગરમાં વહી જતુ મીઠા પાણીનો સંગ્રહ શક્ય બનશે. આ બેરેજના નિર્માણ થકી આવનારા ૫૦ વર્ષમાં સુરતમાં પાણી તંગી નહીં પડે તેવી વ્યવસ્થા કરનારું વિશ્વનું પહેલું શહેર બનશે.

પ્રજાસત્તાક પર્વની નવસારી જિલ્લાના ચીખલી ખાતે આન, બાન અને શાન સાથે ઉજવણી

સુશાસન, આત્મનિર્ભરતા અને વિવિધ વિકાસ કામોથી વિકસિત ભારતના સ્વપ્નને નવી ઊર્જા મળી રહી છે: મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

નવસારી, તા.૨૭

નવસારી જિલ્લાના ચીખલી ખાતે નેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર જિલ્લા કક્ષાની ૭૭ મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી ગુજરાત રાજ્ય સરકારના નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની ગૌરવભરી ઉપસ્થિતિમાં આન, બાન અને શાન સાથે હર્ષોલ્લાસપૂર્વક યોજાઈ હતી. રાષ્ટ્રધ્વજ ફરકાવતા સમગ્ર મેદાન દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

રાષ્ટ્રધ્વજને સલામી આપ્યા બાદ નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ પ્રેરણાદાયક સંબોધનમાં જણાવ્યું હતું કે, પ્રજાસત્તાક પર્વ માત્ર ઉજવણી નથી, પરંતુ સંવિધાનના મૂલ્યોને આત્મસાત કરીને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવાનો સંકલ્પ કરવાનો અવસર છે. તેમણે ઉમેર્યું હતું કે ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે સરકાર, સમાજ અને નાગરિક સૌએ સંયુક્ત પ્રયાસો કરવા જરૂરી છે.

મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી

નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી અને મજબૂત નેતૃત્વને કારણે ભારતે આત્મનિર્ભરતા, ટેકનોલોજી, માનવબળ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક વિશ્વસનીયતા ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે તેમ જણાવ્યું હતું. સાથે જ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ઊર્જાવાન નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્ય સુશાસન, વિકાસ અને જનકલ્યાણના માર્ગે દ્રઢપણે આગળ વધી રહ્યું હોવાનું જણાવ્યું. મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે, સ્વસ્થ, સલામત અને સુરક્ષિત ગુજરાતનું નિર્માણ સરકારની પ્રાથમિકતા છે. સાથે, ઔદ્યોગિક અને શહેરી વિકાસ, શિક્ષણ, આરોગ્ય, ઊર્જા, ખેડૂતો, મત્સ્યોદ્યોગ, પર્યટન વિકાસ વિગેરે વિકાસલક્ષી યોજનાઓનો ચિતાર આપ્યો હતો. ઉપરાંત, નવસારી મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સુખાકારી અને સુવિધાઓ અર્થે હાથ ધરાયેલ વિવિધ વિકાસ કામોની પણ છણાવટ કરેલ. તેમજ, મંત્રીશ્રીએ આ પાવન પ્રસંગે તાજેતરમાં યોજાયેલ સોમનાથ સ્વાભિમાન પર્વ, એકતા યાત્રા, વંદે માતરમ્ ગીતની ઉજવણી, ભગવાન બીરસા મુંડાની જન્મજયંતિ ઉજવણી, અર્નિંગ વેલ - લિવિંગ વેલ તથા ગુજરાતના આંગણે આયોજન થનાર કોમનવેલ્થ ગેમ્સ વિશે જણાવી એક ભારત શ્રેષ્ઠ ભારત પર વિશેષ ભાર મૂક્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, જિલ્લા

અનુસંધાન પાના ૭ પર

ઓએનજીસી કેન્દ્રીય વિદ્યાલય નં.૩માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

મુખ્ય મહેમાન ચંદ્રશેખરના હસ્તે તિરંગો લહેરાવાયો

સુરત, તા.૨૭

કેન્દ્રીય વિદ્યાલય નંબર ૩, ONGC ખાતે ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહ, ગૌરવ અને દેશભક્તિના વાતાવરણમાં કરવામાં આવી. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી ચંદ્રશેખર, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને પ્લાન્ટ મેનેજર, ONGC હજીરા પ્લાન્ટ, સુરત હતા. ખાસ મહેમાનોમાં શ્રી એસ.કે. મહાપાત્રા, ચીફ જનરલ મેનેજર, અને શ્રી આર.કે. મિશ્રા, સીએમ (એચઆર), ONGC હજીરા પ્લાન્ટ, સુરતનો સમાવેશ થતો હતો. કાર્યક્રમની શરૂઆત મુખ્ય મહેમાનના આગમન અને NCC/ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સના વિદ્યાર્થીઓ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત સાથે થઈ. ત્યારબાદ મુખ્ય મહેમાન શ્રી ચંદ્રશેખર દ્વારા ધ્વજવંદન અને રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગીતનું સમૂહ ગાન કરવામાં આવ્યું. આચાર્ય શ્રી રાજેશ કુમારે મહેમાનોનું લીલોતરીથી સ્વાગત કર્યું.

સ્વાગત પ્રવચનમાં, શાળાના આચાર્ય શ્રી રાજેશ કુમારે પ્રજાસત્તાક દિવસના મહત્વ પર પ્રકાશ પાડ્યો અને વિદ્યાર્થીઓને બંધારણના મૂલ્યોને આત્મસાત કરવા માટે પ્રોત્સાહિત કર્યા. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલ દેશભક્તિ કવિતાઓ, સમૂહ નૃત્યો અને ભાષણોએ બધાને પ્રભાવિત કર્યા. આ પ્રસંગે, રમતગમતમાં તેમની સિદ્ધિઓ બદલ વિદ્યાર્થીઓને અને ઉચ્ચ ગુણવત્તાવાળા પરીક્ષાના પરિણામો માટે શિક્ષકોને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું. મુખ્ય મહેમાન શ્રી ચંદ્રશેખરે વિદ્યાર્થીઓને રાષ્ટ્રની સૌથી મોટી તાકાત ગણાવતા કહ્યું કે આજના વિદ્યાર્થીઓ આવતીકાલના જવાબદાર નાગરિકો અને દેશના નેતાઓ છે. તેમણે વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે શિસ્ત, સમયપાલન અને નૈતિક મૂલ્યોને અપનાવવા વિનંતી કરી. તેમણે જણાવ્યું કે સતત પ્રયાસ, આત્મવિશ્વાસ અને સકારાત્મક વિચારસરણી દ્વારા કોઈપણ ધ્યેય પ્રાપ્ત કરી શકાય છે. અંતે, તેમણે વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય હિત માટે કામ કરવા અને ભારતને આત્મનિર્ભર અને મજબૂત રાષ્ટ્ર બનાવવામાં યોગદાન આપવા પ્રોત્સાહિત કર્યા. આ કાર્યક્રમનું સંચાલન શ્રી દિલીપ કુમાર શર્મા, પીજીટી હિન્દી અને શ્રીમતી કોમલ, પ્રાથમિક શિક્ષક દ્વારા નિપુણતાથી કરવામાં આવ્યું હતું. શ્રી ભુવનેશ જાંગીડે તમામ મહેમાનોનો આભાર માન્યો, અને સમારોહ મીઠાઈ વિતરણ સાથે સમાપ્ત થયો.

પોદાર પ્રેપ જહાંગીરાબાદ ખાતે 'કિડ્યુકેશન હડલ'નું આયોજન

વિજ્ઞાન આધારીત પ્રાયોગીક શિક્ષણ પદ્ધતિથી વાલીઓને માહિતગાર કરાયા

સુરત, તા.૨૭

શિક્ષણ ક્ષેત્રે નવીન પ્રયોગો માટે જાણીતી પોદાર પ્રેપ (જહાંગીરાબાદ) શાળા દ્વારા તાજેતરમાં 'કિડ્યુકેશન હડલ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ખાસ કરીને S.T.R.E.A.M. (વિજ્ઞાન, ટેકનોલોજી, વાંચન/લેખન, એન્જિનિયરિંગ, કળા અને ગણિત) વિષયો પર આધારિત હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વાલીઓને ગોખણપટ્ટીને બદલે શાળામાં અપાતા વિજ્ઞાન આધારિત પ્રાયોગિક શિક્ષણની પદ્ધતિઓથી પ્રત્યક્ષ રીતે માહિતગાર કરવાનો હતો. આ ઈન્ટરેક્ટિવ સત્રમાં વાલીઓએ પોતાના સંતાનો સાથે મળીને ટેકનોલોજી અને આર્ટસની વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લઈ શિક્ષણનો આનંદ માણ્યો હતો. શાળાના પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે, "બાળકના સર્વાંગી વિકાસ માટે વાલીઓ તેની શિક્ષણ પદ્ધતિને સમજે તે અનિવાર્ય છે". શાળાના આ નવતર અભિગમ અને શિક્ષણમાં આધુનિક ટેકનિકના ઉપયોગને વાલીઓએ મુક્ત કંઠે વખાણ્યો હતો.

અંભેટા ગામે તાલુકા કક્ષાનો ૭૭મો પ્રજાસત્તાક પર્વનીની ઉજવણી કરાઇ

વિવિધ સરકારી, શૈક્ષણિક, સહકારી, સામાજિક, ધાર્મિક સંસ્થાઓ સહિત ગ્રામ પંચાયત કચેરીઓમાં પ્રજાસત્તાક પર્વ ઉજવાયો

સુરત, તા.૨૭

સમગ્ર ભારત દેશની અંદર ઠેર-ઠેર ૭૭ માં પ્રજાસત્તાક પર્વની શાળા-કોલેજઓમાં, સહકારી મંડળીઓમાં, સરકારી કચેરીઓ, તેમજ ખાનગી સંસ્થાઓમાં અન્ય જગ્યાએ ૭૭ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાષ્ટ્રીય ધ્વજને સલામી આપી તેમજ શાળા-કોલેજ માં વિવિધ દેશ ભક્તિ આધારિત કૃતિઓ રજુ કરી ધૂમધામ પૂર્વક ઉજવણી કરવામાં આવી છે

ત્યારે ઓલપાડ તાલુકા કક્ષા નો ૭૭ માં પ્રજાસત્તાક પર્વની અંભેટા ગામે ઓલપાડ મામલતદાર એચ.ડી.ચોપડા નાં વરદ હસ્તે ધ્વજ વંદન કરી રાષ્ટ્રીય ધ્વજને સલામી આપવામાં આવી હતી.શહીદો ને યાદ કરી, મા ભોમ ની રક્ષા કરતાં સૈનિકોને યાદ કર્યા હતા.ભારતના બંધારણના ઘડવૈયા ડો.ભીમરાવ આંબેડકર સાહેબને ને પણ યાદ કર્યા હતાં.૭૭માં પ્રજાસત્તાક નિમિત્તે વિધાર્થીઓ દ્વારા અવનવી દેશભક્તિ થીમ આધારિત કૃતિઓ રજૂ કરી હતી.અને સાથોસાથ ઓલપાડ તાલુકા નું ગૌરવ વધાવનારા ગુજરાત પોલીસ કર્મી ફરજ બજાવતા અંભેટા ગામ નાં વતની જેમણે રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવ્યો છે તેવાં વિજયભાઇ નટવર પટેલ અને બીજા રિટાયર પોલીસ કર્મી જીતેન્દ્રભાઈ પટેલ,અને ઓલપાડ તાલુકા નાં ભાંડુત ગામ નાં વતની અને કોબા પ્રાથમિક શાળા નાં આચાર્ય ધર્મેશભાઈ પટેલ જેમને હાલ ચિત્રકુંટ એવોડ મેળવીયો આ ત્રણેય ઓલપાડ તાલુકા ગૌરવ અપાવવાં બદલ તેઓ નું પણ સન્માન કરાયું હતું.ઓલપાડ તાલુકા પંચાયત કચેરી ખાતે કારોબારી અધ્યક્ષ જયેશભાઇ પટેલ,ઓલપાડ પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ ડી.બી.દેસાઈ,ઓલપાડ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે પુરૂષોત્તમ ફાર્મસ પ્રમુખ મનહરભાઈ પટેલ,ઓલપાડ ન્યાયલય ખાતે શ્રીમતી એન.ડી.શર્મા સાહેબ નાં હસ્તે ધ્વજ વંદન કરાયું હતું તેમજ ગામડાઓની શાળા,સહકારી મંડળીઓમાં ખાનગી કંપનીઓમાં પણ ૭૭ માં સ્વાતંત્ર દિન ની ધ્વજ ફરકાવી સલામી આપી ઉજવણી કરવામાં આવી હતી.

સાંધીએર ગામે રૂા. ૫.૧૦ કરોડનાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત-લોકાપર્ણ

ગરીબ અને આદિવાસીઓના વિકાસ કામમાં વિરોધ પક્ષ રાજનીતિ ન કરે-પૂર્વ મંત્રી મુકેશ પટેલ

સુરત, તા.૨૭

ઓલપાડ તાલુકાનાં સાંધીએર ગામે સુરત સાંસદ મુકેશભાઈ દલાલ અને ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલની જોડીએ રૂ.૧.૧૬ કરોડનાં ખર્ચે નવનિર્મિત પ્રા.શાળા ભવનનું લોકાપર્ણ તથા રૂ.૨.૬૪ કરોડનાં ૬૬ સુડા આવાસ,રૂ.૧.૧૫ કરોડનાં ખર્ચે બનનાર સાંધીએરથી સિથાણ ગામને જોડતો પાકો ડામર રોડ તથા રૂ.૧૫ લાખનાં ગામના કામો મળી કુલ રૂ.૩.૯૪ કરોડનાં નવા વિકાસ કામોનું ખાતમુહૂર્ત મળી કુલ રૂ.૫.૧૦ કરોડનાં વિકાસ કામો ગ્રામજનોની સુવિધા માટે ભેટ આપી હતી.

આ પ્રસંગે સાંસદ મુકેશભાઈ દલાલે પૂર્વમંત્રી અને ધારાસભ્ય મુકેશભાઈ પટેલે તાલુકાની કાયાપલટ માટે કરેલ વિકાસ કામોની સરાહના કરી કહ્યું હતું કે,દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈએ ડીઝીટલ અને એ.આઈ.નાં આધુનિક યુગમાં વિપક્ષોનાં હોબાળા વચ્ચે 'મનરેગા યોજના'ને બદલી ગરીબોને કામોની ગેરંટી સાથે વાર્ષિક ૧૨૫ દિવસની રોજગારી ઉપરાંત પારદર્શક વહીવટથી તેઓના બેંક ખાતામાં રકમ જમા થાય તેવી'જી રામજી'યોજના અમલમાં મુકતા મજુર વર્ગનાં લોકોને સરળતાથી જોબકાર્ડ મળશે.આ પ્રસંગે પૂર્વ રાજયમંત્રી મુકેશભાઈ પટેલે વિપક્ષ ઉપર શાબ્દિક ચાપકા મારી કહ્યું કે,વિપક્ષનાં લોકોને 'જી રામજી'યોજના સામે વાંધો નથી,પણ તેઓને આ યોજના થકી'જી રામજી'બોલવામાં વાંધો છે.એટલું જ નહીં પણ સ્થાનિક વિપક્ષનાં લોકો મારી સામે વિરોધ કરે તે હું સહન કરી લઈશ,પરંતુ મારા આદિવાસી,ગરીબ અને મજુર વર્ગનાં લોકોનાં બની રહેલ પ્રધાનમંત્રી આવાસ સહિત ગામના વિકાસ કામોમાં ક્યારેય રાજનીતિ ન કરે તેવી હું વિનંતી કરૂં છું,નહીતર જે લોકો આવી રાજનીતિ કરી રહ્યા છે,તેને કુદરત ક્યારેય માફ નહીં કરે.તેમણે વધુ કહ્યું કે,

પ્રા.શા.નાં અભ્યાસ કરતા બાળકોની ખૂટતી શિક્ષણ વ્યવસ્થા માટે જે કોઈ સુવિધા જોઈએ તે હું આપીશ,પણ સાથે બાળકો,વાલીઓ અને ગુરૂજનોએ પણ શિક્ષણ પ્રત્યે જાગૃત રહેવા અનુરોધ કરૂં છું.તેમણે વધુ જણાવ્યું કે,સને: ૨૦૧૨ થી આજદિન સુધીમાં મેં સાંધીએર ગ્રામજનોને રૂ.૨૦

અનુસંધાન પાના ૭ પર

ગણતંત્ર દિવસે સુમુલ ડેરીને ગૌરવ જેસટી પાલન માટે પ્રશંસા પ્રમાણપત્ર

સુરત, તા.૨૭

૭૭મા ગણતંત્ર દિવસના અવસરે સુરત–તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (સુમુલ ડેરી)ને ભારત સરકારના નાણાં મંત્રાલયના આવક વિભાગ હેઠળના CGST અને સેન્ટ્રલ એક્સાઈઝ, સુરત કમિશનરેટ દ્વારા પ્રશંસા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું.આ સન્માનઆર્થિક વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન GST રિટર્ન સમયસર ફાઈલ કરવા તેમજ GST ની નિયમિત ચુકવણીબદલ આપવામાં આવ્યું છે. સુમુલ ડેરી દ્વારા કરવામાં આવેલા આ નિયમિત અને જવાબદાર કર પાલનને રાષ્ટ્રના મજબૂત અને સ્થિર વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન તરીકે માન્યતા આપવામાં આવી છે.પ્રમાણપત્ર કમિશનર (IRS) ડૉ. મનપ્રીત અરોરાદ્વારા તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ એનાયત કરવામાં આવ્યું હતું, જે સુમુલ ડેરી તરફથીમેનેજિંગ ડિરેક્ટર શ્રી સી.એ. અરુણ પુરોહિતએ સ્વીકાર્યું હતું.આ સન્માન સુમુલ ડેરીની મજબૂત નાણાકીય શિસ્ત, પારદર્શક શાસન અને જવાબદાર સહકારી કાર્યશૈલીનું પ્રતિબિંબ છે. સુરત અને તાપી જિલ્લાના લાખો દૂધ ઉત્પાદકો તથા ગ્રાહકોને સેવા આપતી સુમુલ ડેરી સહકારી મૂલ્યો સાથે દેશની અર્થવ્યવસ્થામાં સતત યોગદાન આપી રહી છે.સહકાર આધારિત કાર્યપદ્ધતિ અને ખેડૂતોની ભાગીદારીથી સંચાલિત સુમુલ ડેરી ''સહકારથી સમૃદ્ધિ''ના મૂળમંત્રને સાર્થક કરતી આગવી સંસ્થા તરીકે કાર્ય કરી રહી છે.

પ્રેસિડન્સી સ્કૂલમાં ગણતંત્ર દિન અને 'સ્પોર્ટ્સ ડે'ની ઊજવણી

વહેલી સવારે વિદ્યાર્થીઓએ પ્રભાતફેરી કરી રાષ્ટ્રીય પર્વને ચેતનવંતુ બનાવ્યું

સુરત, તા.૨૭

તારીખ ૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ન્યુ રાંદેર રોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલમાં આજરોજ ધ્વજવંદન કાર્યક્રમ અને શાળાનો વાર્ષિક 'સ્પોર્ટ્સ ડે' યોજાયો હતો. શાળાની સ્થાપનાવર્ષથી શરૂ થયેલી અવિરત પરંપરા પ્રમાણે સૌ પ્રથમ ખૂબ વિશાળ પ્રભાતફેરી થકી સમગ્ર વાતાવરણને રાષ્ટ્રીય પર્વથી ચેતનવંતુ બનાવી વિદ્યાર્થીઓ પટાંગણમાં સજ્જ થયા. રાષ્ટ્રીય તહેવાર અને રમતોત્સવ, શૈક્ષણિક-સંસ્કૃતિ ગરિમાપૂર્ણ મહત્તાસભર આ દિવસે 'ધ્વજવંદન' કાર્યક્રમ બાદ ટ્રસ્ટીવર્ય શ્રી હિતેન્દ્રભાઈ ચુડાવાળા, આચાર્યા કુ. દીપિકા શુકલ તથા મહેમાનોએ સરસ્વતી પૂજા-વંદના કરી હતી. ટ્રસ્ટીવર્ય શ્રીહિતેન્દ્રભાઈ ચુડાવાળાએ વિદ્યાર્થીઓને દેશ પરત્વે ફરજપરસ્ત રહી ઉત્તમ નાગરિક સાબિત થઈ આગળ વધવા માટે વિદ્યાર્થીઓને ટકોર કરી હતી. ટ્રસ્ટીવર્ય શ્રી કારિયાસાહેબે પ્રજાસત્તાક પર્વની સૌને શુભકામનાઓ પાઠવી હતી. મુખ્ય મહેમાનપદે શિક્ષણ હિતચિંતક ઝછ શ્રી રૂપીનભાઈ પચ્ચીગર તથા 'સ્પોર્ટ્સ ડે' ના ઉદ્ઘાટક તરીકે ઝછ શ્રી વિરલભાઈ મારફતિયા હાજર રહ્યા હતા. ધ્વજને સલામી આપ્યા બાદ શ્રી રૂપીનભાઈ પચ્ચીગરે ભારતીય બંધારણની વાતો કરી હતી. છેલ્લા એક અઠવાડિયાથી ચાલી રહેલા વિભાગવાર 'સ્પોર્ટ્સ ડે'ના વિજેતાઓનો આજે ફાઇનલ વાર્ષિક 'સ્પોર્ટ્સ ડે' યોજાયેલ હતો. જેનું ઉદ્ઘાટન કરતાં શ્રી વિરલભાઈ મારફતિયાએ કહ્યું હતું કે વિદ્યાર્થીઓની શારીરિક મજબૂતી માટે અને રમતોને જીવંત રાખવા માટે શાળાનું આવા કાર્યક્રમોનું આયોજન ખૂબ જ પ્રશંસનીય છે. શાળાના પટાંગણમાં ગણવેશમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ સમગ્ર પટાંગણને 'ભારત માતા કી જય'ના નારાથી ગજાવ્યું હતું. આ તબક્કે પ્રેસિડન્સી સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, 'પ્રેસિડન્સી સિનીયર સિટીઝન વાચનાલય'ના તમામ સભ્યો પણ હાજર રહ્યા હતા. આમ સ્કૂલનો ધ્વજવંદન કાર્યક્રમ અને સ્પોર્ટ્સ ડે રંગેચંગે ઉજવાયો હતો.

પાવરગ્રીડ વીજ લાઈનના વિરોધમાં ઓલપાડના ભાદોલમાં મિટિંગ યોજાઈ

આગામી તા.૧૧ મી ફેબ્રુઆરીના રોજ ખેડૂતો દ્વારા મહારેલીનું આયોજન

સુરત, તા.૨૭

સુરત જિલ્લાના કામરેજ, પલસાણા, બારડોલી, મહુવા, અંબિકા,ઓલપાડ, માંગરોળ, માંડવી તથા ભરૂચ જિલ્લાના હાંસોટ, અંકલેશ્વર, જંબુસર,આમોદ, વાગરા તાલુકાના ગામમાંથી પાવરગ્રીડ વીજ ટ્રાન્સમિશન લાઈન પસાર થાય છે. ઘણા તાલુકામાં કલેક્ટર દ્વારા કોઈ પણ પ્રકારનો હુકમ કરેલ નથી તેમ છતાં પાવર ગ્રીડ કોર્પોરેશન દ્વારા કાયદાનું ખોટું અર્થઘટન કરી ખોટી રીતે પોલીસ બંદોબસ્ત મેળવીને જબરદસ્તી ખેડૂતોના ખેતરમાં કામો કરે છે. જેનો સમગ્ર ખેડૂત આલમ વિરોધ કરી રહ્યો છે. આ બાબતે ઓલપાડ તાલુકાના ભાદોલ ગામે એક મીટિંગ યોજાઈ હતી. જેમાં આગામી તા.૧૧ મી ફેબ્રુઆરીના રોજ સુરત વનિતા વિશ્રામ ખાતેથી કલેક્ટર કચેરી સુધી ખેડૂતો રેલી કાઢી તાકાત બતાવવાનું નક્કી કરાયું હતું. જેમાં પાંચ હજાર ખેડૂતો ભેગા થવાનો અંદાજ માનવામાં આવી રહ્યો છે.

હાલમાં સમગ્ર ગુજરાતમાં વીજ ટ્રાન્સમિશન લાઈન ને લઈને ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિ દ્વારા અનેક આંદોલનો ચાલી રહ્યા છે. તેના ભાગ રૂપે જે ગામમાંથી ટ્રાન્સમિશન લાઈન પસાર થાય છે. તે ગામના ખેડૂતોને માર્ગદર્શન આપવા તથા આગળની રણનીતિ નક્કી કરવા માટે ખેડૂત સમાજ ગુજરાતના નેજા હેઠળ આજે સોમવારના રોજ આનંદ આશ્રમ ભાદોલ તા.ઓલપાડ જી.સુરત મુકામે અગત્યની મીટીગ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં પ્રારંભમાં દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશ પટેલ(ઓરમા)એ જણાવ્યું કે, દેશ આઝાદ થયા ને ૭૭ વર્ષ પૂર્ણ થઈ ગયા, પરંતુ આજે પણ આપણે આઝાદ નથી એવું સરકાર ની નીતિ પરથી લાગી રહ્યું છે. ખેડૂત સમાજ ખેડૂતોના હિતમાં લડત આપી રહ્યો છે ત્યારે ખેડૂતોએ સહકાર આપવાની જરૂર છે. આ પ્રસંગે સહકારી આગેવાન દર્શન નાયકે જણાવ્યું કે, ખેડૂતોએ પક્ષાપક્ષી થી દૂર રહીને ખેડૂતોના હિતમાં કાર્ય કરતા ખેડૂત સમાજને સહકાર આપવો જોઈએ. ભૂતકાળમાં પણ લડત ચલાવીને ખેડૂત સમાજે ખેડૂતોને ન્યાય અપાવ્યો

અનુસંધાન પાના ૭ પર

ફેશન બોડી ટાઈપ પ્રમાણે પ્રિન્ટ પસંદ કરો

માર્કેટમાં આજકાલ વિવિધ પ્રકારના પ્રિન્ટવાળા કપડાં ખૂબ જ લોકપ્રિય છે. સ્ટ્રાઈપ, પોલ્કા ડોટ્સ, ફ્લોરલ, કલમકારી, ગઢવાલી, અજરખ, ઈક્કત, સાંગાનેરી,બુટ્ટીસ, ઓલ ઓવર બુટ્ટા વગેરે જેવી અનેક પ્રિન્ટ મળે છે. પરંતુ દરેક પ્રિન્ટ દરેકને સમાન રીતે શોભતી નથી. તમારા બોડી ટાઈપ પ્રમાણે પ્રિન્ટ પસંદ કરવાથી તમારો લુક વધુ આકર્ષક અને સંતુલિત બને છે. કેટલીક પ્રિન્ટ વેસ્ટર્ન આઉટફિટમાં સુંદર લાગે છે, તો કેટલીક ઈન્ડિયન એથનિક વેરમાં સારી લાગે છે, કેટલીક પ્રિન્ટ માત્ર બ્લાઉઝમાં અને કેટલીક પ્રિન્ટ માત્ર સાડીમાં વધુ ફ્લેટરિંગ લાગે છે. આ લેખમાં આપણે આ વિશે વિગતવાર જાણીશું.

પહેલા સમજીએ કે મુખ્ય બોડી ટાઈપ કયા છે. સામાન્ય રીતે સ્ત્રીઓના બોડી શેપને પાંચ મુખ્ય કેટેગરીમાં વહેંચવામાં આવે છેઃ -એપલ શેપ (ઉપરનો ભાગ મોટો, પેટ આસપાસ ફેટ, કમર પહોળી) - પિયર શેપ (નીચેનો ભાગ મોટો, હિપ્સ વાઈડ, ઉપરનો ભાગ પાતળો) - એવરેજ/રેક્ટેન્ગલ શેપ (સીધી બોડી, કમર અને હિપ્સ લગભગ સમાન) -એવરેજ/હોર ગ્લાસ શેપ (કમર પાતળી, બસ્ટ અને હિપ્સ સમાન)

- ઈન્વર્ટેડ ટ્રાયેન્ગલ (ખભા વાઈડ, હિપ્સ પાતળા) હવે જોઈએ કે કઈ પ્રિન્ટ કયા બોડી ટાઈપ માટે યોગ્ય છે.

સ્ટ્રાઈપ પ્રિન્ટઃ- વર્ટિકલ સ્ટ્રાઈપ્સ બોડીને લાંબી અને સ્લિમ દેખાડે છે. જો તમારી પાસે એપલ અથવા રેક્ટેન્ગલ શેપ છે તો વર્ટિકલ સ્ટ્રાઈપ્સવાળા કૂર્તા, ટોપ અથવા સાડીમાં પહેરો. આ પ્રિન્ટ વેસ્ટર્ન ડ્રેસ અને શર્ટમાં પણ ખૂબ સારી લાગે છે. હોરિઝોન્ટલ સ્ટ્રાઈપ્સ માત્ર પાતળી બોડીવાળી મહિલાઓ માટે સારી છે, કારણ કે તે બોડીને બ્રોડ દેખાડે છે. જો તમારી હાઈટ ઓછી હોય તો તમે વર્ટિકલ સ્ટ્રાઈપ પહેરી શકો. જો ખૂબ જ પાતળા હોવ તો ડ્રેસ કે ટોપમાં હોરિઝોન્ટલ સ્ટ્રાઈપ પહેરી શકો જેથી તમે થોડા બ્રોડ લાગી શકો.

પોલ્કા ડોટ્સઃ આ પ્રિન્ટ પ્લેફુલ છે. નાના પોલ્કા ડોટ્સ પાતળી અને એવરેજ બોડીવાળી મહિલાઓ માટે આદર્શ છે. મોટા ડોટ્સ હોર ગ્લાસ અથવા પિયર શેપ વાળી બોડી ટાઈપમાં સારા લાગે છે, પરંતુ એપલ શેપ બોડી ટાઈપમાં પોલ્કા પ્રિન્ટ નથી સારી લાગતી. આ પ્રિન્ટ વેસ્ટર્ન ટોપ્સ, સ્કર્ટ અને બ્લાઉઝમાં વધુ શોભે છે.ફ્લોરલ પ્રિન્ટઃ ફ્લોરલ પ્રિન્ટ રોમેન્ટિક અને ફેમિનાઈન છે. નાના ફ્લોરલ પેટર્ન પિયર શેપ બોડી અને એપલ શેપ બોડી ટાઈપ માટે સારા છે, કારણ કે તે ધ્યાનને વિભાજિત કરે છે. મોટી ફ્લોરલ પ્રિન્ટ એવરેજ બોડી ટાઈપ અને રેક્ટેન્ગલ બોડી ટાઈપમાં સુંદર લાગે છે. ફ્લોરલ પ્રિન્ટ ઈન્ડિયન આઉટફિટ જેમ કે કૂર્તી, અનારકલી અને સાડીમાં ખાસ કરીને સારા લાગે છે. ફ્લોરલ પ્રિન્ટ એક કેઝ્યુઅલ લુક આપે છે. હોલિડેઝ, કોફી ડેટ અને કેઝ્યુઅલ આઉટિંગ માટે ફ્લોરલ પ્રિન્ટ ખૂબ જ સારી લાગે છે. ફ્લોરલ પ્રિન્ટના કલર કોમ્બિનેશ સીઝન પ્રમાણે હોય છે. જેથી શિયાળામાં તમે વાઈબ્રન્ટ કલર પહેરી શકો કે જે ફ્રેશ લુક આપે અને ઉનાળામાં પેસ્ટલ શેડની ફ્લોરલ પ્રિન્ટ પહેરી શકો.

બુટ્ટી અને ઓલ ઓવર બુટ્ટાઃ આ ટ્રેડિશનલ પ્રિન્ટ ગુજરાતી અને રાજસ્થાની સ્ટાઈલમાં વધુ જોવા મળે છે. નાની બુટ્ટી, પાતળી બોડી અને રેક્ટેન્ગલ શેપ માટે આદર્શ છે, જ્યારે મોટા બુટ્ટા એવરેજ બોડી ટાઈપમાં સુંદર લાગે છે. ઓલ ઓવર બુટ્ટા સાડી અને લહેંગામાં ખૂબ જ રોયલ લુક આપે છે. પિયર બોડી ટાઈપમાં ટોપ માટે નાની બુટ્ટી પહેરવી અને બોટમ પ્લેન રાખો. બુટ્ટીમાં સેલ્ફ બુટ્ટી પણ આવે અને કોન્ટ્રાસ્ટ કલર કોમ્બિનેશનમાં પણ આવે. સેલ્ફ કોમ્બિનેશન એટલે, જો બેજ કલરનું ફેબ્રિક હોય તો તેની પર બેજ કલરના જ બુટ્ટા આવે અને કોન્ટ્રાસ્ટ એટલે, જો બેજ કલરનું ફેબ્રિક હોય તો તેની સાથે મરૂન કલરનું પ્રિન્ટિંગ આવે. બુટ્ટી કે બુટ્ટાની સાઈઝની પસંદગી તમારી પર્સનલ ચોઈઝ અને તમારા બોડી ટાઈપને અનુરૂપ કરી શકાય.

કલમકારી અને ગઢવાલી પ્રિન્ટઃ આ બ્લોક પ્રિન્ટ ટ્રેડિશનલ અને આર્ટિસ્ટિક છે. કલમકારીમાં ગોડ્સ-ગોડેસીસના મોટિવ્સ હોય છે, જે એવરેજ બોડી ટાઈપમાં સારા લાગે છે. ગઢવાલી પ્રિન્ટ નાના મોટિવ્સવાળા હોય છે, જે પિયર શેપ બોડી ટાઈપ અને એપલ શેપ માટે ફ્લેટરિંગ છે. આ બંને પ્રિન્ટ ઈન્ડિયન આઉટફિટમાં જેમ કે સાડી, કૂર્તા-પ્લાઝો અને અનારકલીમાં શ્રેષ્ઠ લાગે છે. આ બન્ને પ્રિન્ટ દેખાવમાં જ એટલી સુંદર હોય છે કે એમાં કોઈ પેટર્ન ન હોય તો પણ સારી લાગે. કોઈ મહિલા જ્યારે કલમકારી અને ગઢવાળી પ્રિન્ટના ડ્રેસ પહેરે ત્યારે અલગ જ તરી આવે છે.

બ્લાઉઝમાં પ્રિન્ટ પસંદ કરતી વખતે ધ્યાન રાખો કે મોટી પ્રિન્ટ બસ્ટને હાઈલાઈટ કરે છે, જ્યારે નાના પ્રિન્ટ સ્લિમ લુક આપે છે. બ્લાઉઝ માટેની જે પ્રિન્ટ સિલેક્ટ કરીએ ત્યારે સાડીને અનુરૂપ બ્લાઉઝની પ્રિન્ટ સિલેક્ટ કરવાની હોય છે. જેમકે, જો તમારું શરીર સુડોળ હોય પણ એ તમે જો પ્લેન સાડી પહેરી હોય તો તેની સાથે મોટા બુટ્ટા વળી પ્રિન્ટવાળું બ્લાઉઝ પણ પહેરી શકાય. જો તમારું શરીર ભરેલું હોય તો પ્લેન સાડી સાથે જીણી બુટ્ટીવાળું બ્લાઉઝ પહેરી શકાય. એ રીતે સાડીમાં પણ તમારી બોડીને અનુરૂપ સાડીની પ્રિન્ટની ડિઝાઈન પસંદ કરવી.

કલમકારી અને ગઢવાલી પ્રિન્ટઃ આ બ્લોક પ્રિન્ટ ટ્રેડિશનલ અને આર્ટિસ્ટિક છે. કલમકારીમાં ગોડ્સ-ગોડેસીસના મોટિવ્સ હોય છે, જે એવરેજ બોડી ટાઈપમાં સારા લાગે છે. ગઢવાલી પ્રિન્ટ નાના મોટિવ્સવાળા હોય છે, જે પિયર શેપ બોડી ટાઈપ અને એપલ શેપ માટે ફ્લેટરિંગ છે. આ બંને પ્રિન્ટ ઈન્ડિયન આઉટફિટમાં જેમ કે સાડી, કૂર્તા-પ્લાઝો અને અનારકલીમાં શ્રેષ્ઠ લાગે છે. આ બન્ને પ્રિન્ટ દેખાવમાં જ એટલી સુંદર હોય છે કે એમાં કોઈ પેટર્ન ન હોય તો પણ સારી લાગે. કોઈ મહિલા જ્યારે કલમકારી અને ગઢવાળી પ્રિન્ટના ડ્રેસ પહેરે ત્યારે અલગ જ તરી આવે છે.

એક નજર ઈધર ભી કેમ્બ્રિજનો ધ મેથેમેટિકલ બ્રિજ

બ્રિટનના કેમ્બ્રિજનું નામ પડતાં જ પહેલા 'કેમ્બ્રિજ યુનિવર્સિટી'નું સ્મરણ થાય એવો એનો મહિમા છે. કેમ્બ્રિજમાં 'પન્ટિંગ ટૂર' જાણીતી છે. કેમ નામની નદીમાં પરંપરાગત લાકડાની હોડીમાં બેસી ગાઈડ સાથેની યાત્રાનો લાભ શિક્ષણ માટે સ્નેહ ધરાવતા લોકોએ અવશ્ય લેવો જોઈએ. પોણો કલાકની શૈક્ષણિક યાત્રા દરમિયાન ભણતા ભણતા અઠવાડિયામાં બે દિવસ હોડીને હંકારવાનું કામ કરતા ૧૮-૨૦ વર્ષના વિદ્યાર્થી અને વિદ્યાર્થિની શારીરિક શ્રમ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ વિશે તલસ્પર્શી માહિતી આપતા હોય છે.

મેથેમેટિક્સ બ્રિજઃ

એક ભોળપણવાળું બાળપણ હતું, જેમાં વાર્તા શ્રવણ મહત્ત્વનો હિસ્સો હતું. છકો મકો-મિયાં ફૂસકી-બકોર પટેલ તેમજ ગિજુભાઈ બધેકાની બાળવાર્તા સાથે રામાયણની કેટલીક કથા સાંભળવામાં મોજ પડતી અને રાવણ પર વિજય પ્રાપ્ત કરવા લંકા જવા વાનરસેનાએ તરતા પથ્થરોથી રામ સેતુ બાંધ્યો એ કથા હેરત પમાડતી. મુગ્ધાવસ્થામાં દુષ્યંત કુમારની પંક્તિ રોમાંચિત કરતી અને આપણા ભૂપેન હઝારીકા સેતુ ઉપરાંત સિડનીનો હાર્બર બ્રિજ, યુએસનો ગોલ્ડન ગેટ બ્રિજ સહિત અનેક પુલની વાતોથી પુલની મહત્તા સમજાણી. કેમ્બ્રિજના 'ધ મેથેમેટિક્સ બ્રિજ'ની યાત્રા ગ્લેમરસ નથી, પણ જ્ઞાનવર્ધક જરૂર છે.

૫૦ ફૂટ ૮ ઈંચ લંબાઈનો આ બ્રિજ 'મેથેમેટિક્સ બ્રિજ' નામથી પ્રખ્યાત છે. જોકે, બ્રિજનું કોઈ સત્તાવાર નામ નથી. 'ક્વીન્સ બ્રિજ' અથવા 'એસેક્સબ્રિજ' તરીકે પણ એનો ઉલ્લેખ જોવા મળે છે. આ બંને નામ વ્યક્તિલક્ષી છે જ્યારે મેથેમેટિક્સ બ્રિજ નામ એના અર્થ અનુસાર ગણિત સાથે નાતો ધરાવે છે. ગણિતમાં રુચિ હશે તો ટ્રહસ્નીહં (સ્પર્શ રેખા) અને ઇક્વેજ (વર્તુળની ત્રિજ્યા)થી વાકેફ હશો.

બ્રિજની ડિઝાઈન તૈયાર કરતી વખતે વિલિયમ એથરિજ નામના પ્રોજેક્ટ મેનેજરે બહુ ચીવટ રાખી હતી.

લાકડું જેટલું સીધું એટલું વધુ મજબૂત રહે. આ ગુણધર્મને ધ્યાનમાં રાખી મિસ્ટર એથરીજે લાકડાની સીધી પટ્ટીનો જ ઉપયોગ કર્યો છે. આમ આખો બ્રિજ આડી-ઊભી લાકડાની પટ્ટીઓથી તૈયાર થયો છે. આડી લાંબી પટ્ટીઓ સ્પર્શ રેખા અને ઊભી નાની પટ્ટીઓ ત્રિજ્યાની યાદ અપાવે છે. ડિઝાઈનમાં એ વાતની તકેદારી રાખી છે કે જો કોઈ પણ હિસ્સો બદલવાની જરૂર પડે તો બ્રિજના અન્ય કોઈ પણ હિસ્સાને છૂટો પાડ્યા વિના એટલો ભાગ બદલવાનું કામ થઈ શકે છે.

૧૭૪૯માં તૈયાર થયેલા આ બ્રિજનું સમારકામ ૧૮૬૬માં કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૯૦૫માં મૂળ ડિઝાઈન જાળવી રાખી ટિકવૂડ (સાગનું લાકડું)ને બદલે ઓકવૂડ (ઈમારતી લાકડું) વાપરવામાં આવ્યું હતું. ત્યારથી આજ દિન સુધી અડીખમ ઊભો છે અને દરરોજ એના પર અવરજવર થયા કરે છે અને અનેક સપનાં આકાર લે છે.

કેમ્બ્રિજમાં તૈયાર થયેલા વૈજ્ઞાનિકોઃ

અમારી બોટ યાત્રા દરમિયાન વિવિધ શૈક્ષણિક ઈમારતોનું દર્શન થયું એમાં ટ્રિનિટી કોલેજ, કિંગ્સ કોલેજ, સેન્ટ જોન્સ કોલેજ, 'કાઈસ્ટસ કોલેજ' તેમજ ક્વીન્સ કોલેજ પ્રમુખ શિક્ષણ સંસ્થાઓ હતી. આ કોલેજોમાં વિશ્વ વિખ્યાત વ્યક્તિઓએ અભ્યાસ કરી શિક્ષણ ક્ષેત્રે અનેરી ઊંચાઈ હાંસિલ કરી વિશ્વના વિકાસમાં મહામૂલું યોગદાન આપ્યું છે.

મુંબઈમાં 'અમિતાભનો પ્રતીક્ષા બંગલો' અને હૈદરાબાદમાં 'રામોજી સ્ટુડિયો' કે પછી યુએસમાં હોલિવૂડ સ્ટુડિયોની ટૂર વખતે આંખો અંજાઈ જાય અને મનમાં આનંદ આનંદ થાય એ સ્વાભાવિક છે. એમાં કશું અજુગતું નથી, પણ આઈઝેક ન્યૂટન, ચાર્લ્સ ડાર્વિન, સ્ટીફન હોકિંગ જેવા જગવિખ્યાત વૈજ્ઞાનિકો કે પછી જોન કીટ્સ જેવા ઉમદા કવિ જે કોલેજમાં ભણ્યા હતા એના દર્શનથી કોઈ ગ્લેમરસ અનુભવ ભલે ન થાય, પણ એ જોઈ અંતરમાં ઉમળકો જાગે અને વિશ્વને કશુંક આપવામાં નિમિત્ત બનવાના અભરખા જાગે તો એનાથી બીજું રૂડું શું?

આઈઝેક ન્યૂટનઃ

'આઈઝેક ન્યૂટનએ અહીં વિદ્યાભ્યાસ કર્યો હતો, ટ્રિનિટી કોલેજ', ગાઈડ કહ્યું અને બધા એકીટસે કોલેજને જોવા લાગ્યા. ગુત્વાકર્ષણનો સિદ્ધાંત અને ગતિના નિયમો (લોઝ ઓફ મોશન) ન્યૂટનના સૌથી મહત્ત્વનાં યોગદાન છે. ગુત્વાકર્ષણના સિદ્ધાંતે સમજાવ્યું કે ગુત્વાકર્ષણ ન હોય તો પૃથ્વી પર વાતાવરણ જ ટકે નહીં અને જો વાતાવરણ ન હોય તો મનુષ્ય જીવન સંભવ છે ખરું? ન્યૂટનના ગતિના ત્રણ નિયમ સમજવાથી ધરતી પર થતી હલનચલનની સમજણ વિકસે છે.

સમયના અભાવે પ્રત્યક્ષ જોવા ન મળ્યો, પણ કોલેજના વિશાળ પ્રાંગણમાં આવેલા વાઈટહોલ ગાર્ડન્સનો એક હિસ્સો 'ન્યૂટન્સ ઓચર્ડ' તરીકે પ્રખ્યાત છે એ જાણવા મળ્યું. અહીં ટહેલતી વખતે 'ઝાડ પરથી સફરજન નીચે પડ્યું, ઉપર કેમ ન ગયું?' એવો સવાલ એના મનમાં સળવળ્યો અને જગતને ગુત્વાકર્ષણના નિયમની ભેટ મળી.

ચાર્લ્સ ડાર્વિનઃ

'આ જમણી બાજુ દેખાય એ 'કાઈસ્ટ્સ કોલેજ' એમ કહેવામાં આવ્યું ત્યારે વધુ એક કોલેજ જોઈ એથી વિશેષ કોઈ લાગણી ન થઈ. જોકે, બોટમાં સાથે બેઠેલા સહેલાણીએ કહ્યું કે' ચાર્લ્સ ડાર્વિનનું શિક્ષણ અહીં થયું હતું' ત્યારે એ કોલેજને ધ્યાનથી નીરખવાની ઈચ્છા થઈ. 'થિયરી ઓફ ઈવોલ્યુશન' (વાનરમાંથી માણસ કેવી રીતે બન્યો) અને 'સર્વાઈવલ ઓફ ધ ફિટેસ્ટ' (પરિસ્થિતિ અનુસાર બદલાનારા જ ટકી શકશે) જેવા બે મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતની જગતને ભેટ આપનારા ડાર્વિન ૧૮૩૧માં આ કોલેજમાંથી ગ્રેજ્યુએટ થયા હતા.

હકીકત એ છે કે એમના મોટાભાગના સિદ્ધાંત કેમ્બ્રિજ યુનિવર્સિટી છોડ્યા પછી વિકસ્યા હતા પણ ગાઈડ આપેલી જાણકારી અનુસાર કોલેજના પરિસરમાં આવેલા બોટનિકલ ગાર્ડનમાં લટાર મારવાથી માનવીય લક્ષણો અંગેના એમના ક્રાંતિકારી સિદ્ધાંતના બીજ આ ગાર્ડનમાં જ રોપાયા હશે એવો વિચાર સહેજે આવી જાય છે.

સ્ટીફન હોકિંગઃ

'ધીસ ઈઝ ધ કોલેજ વ્હેર સ્ટીફન હોકિંગ સ્ટડીડ' વાક્ય કાન પર પડતા જ બધ્ધી આંખો 'ટ્રિનિટી કોલેજ'ને તાકવા લાગી. સામાન્ય માનવીને પલ્લે ન પડે એવા ભારેખમ 'કોસ્મોલોજી અને થિયોરેટિકલ ફિઝિક્સ' જેવા વિષયોનું અધ્યયન કરનારા સ્ટીફન અંકલએ બ્રહ્માંડના રહસ્યોનો તાગ મેળવવામાં જિંદગી ખર્ચી કાઢી. 'બ્લેક હોલ્સ' તેમજ 'ગ્રેવિટેશનલ વેવ્ઝ' જેવા વિષયોમાં સઘન સંશોધન કરી માનવજાતની દ્રષ્ટિ વિકસાવવામાં તેમનો અમૂલ્ય ફાળો છે. સ્ટીફન હોકિંગ વિશે ખાસ્સું અધ્યયન કરનારા એક સહેલાણીએ કહ્યું કે 'તેમના કેટલાંક વિધાન કોતરી રાખવા જેવા છે. એક જગ્યાએ તેમણે લખ્યું છે કે 'કરોડો વર્ષો સુધી મનુષ્ય પ્રાણી જેવું જ જીવન જીવતો હતો. પછી અચાનક એવું બન્યું કે એની કલ્પના શક્તિને પાંખો ફૂટી. આપણે બોલતા-સાંભળતા થયા. બોલી શકવાની શક્તિને કારણે વિચારોની આપલે થવા લાગી, મનુષ્ય અશક્યને શક્ય બનાવતો થયો. બોલવાથી માનવજાતને અમૂલ્ય સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે અને નહીં બોલવાથી-ચૂપ રહેવાથી સૌથી મોટી નિષ્ફળતાઓ મળી છે. આપણે સતત બોલતા રહેવું જોઈએ.' આ વાત પૂરી થતા બધાએ તાળીઓ પાડી અને હકારમાં ડોકું ધુણાવ્યું. એટલે તરત પેલા મહાશય બોલ્યા કે 'સ્પીક, નો સાયલન્સ' અને કોરસમાં 'યસ યસ' ગુંજી ઉઠ્યું.

નોકરી શોધવા માટેનાં આ છે સ્માર્ટ સૂત્ર

આ ક્ષેત્રમાં સંપૂર્ણ પસંદગી બનવા માટે એઆઈ એડિટિંગ ટૂલ અને ફેક્ટ ચેકિંગ કુશળતા મેળવો. આ કુશળતા તમને ખરેખર નોકરી શોધનારાઓની ભીડથી અલગ પાડશે અને તમને નોકરીદાતાઓ માટે ટોચની પસંદગી બનાવશે.

ડિજિટલ પોર્ટફોલિયો

હકીકતમાં, કોર્પોરેટ જગતમાં, ગુગલ યોરસેલ્ફ, એચઆરની દુનિયા એ નવો ટ્રેન્ડ છે. ભરતી કરનારાઓ પહેલા તમારા ઓનલાઈન ફૂટપ્રિન્ટને જુએ છે, તેથી એક ડિજિટલ પોર્ટફોલિયો બનાવો. તમારા બધા કાર્ય, લેખન, પ્રોજેક્ટ્સ, વિડીઓઝ, સંશોધન વગેરે ડોક્યુમેન્ટ્સને એક જ જગ્યાએ રાખો અને તેમને નોકરીદાતાઓ માટે ઉપલબ્ધ કરાવો. આઈટી પ્રોફેશનલ માટે ગિટ હબ અને ક્રિએટિવ દુનિયા માટે બી-હેન્સ / ડ્રિવલ અને યુટ્યૂબ અને લિંકડીન પોસ્ટ્સમાં સક્રિય બનો, જેનાથી નોકરી મેળવવામાં સરળતા રહેશે. ઉપર જે ડિજિટલ પોર્ટફોલિયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે સામાન્ય લોકોની સરખામણીએ આ પોર્ટફોલિયો ધરાવનારાઓને ત્રણ ગણી વધુ નોકરીની તકો પૂરી પાડે છે.

લિંકડીનનો મહત્તમ લાભ લો

આજકાલ નોકરી શોધવા માટે લિંકડીન સૌથી સ્માર્ટ પ્લેટફોર્મ છે. તે ફક્ત એક પ્રોફાઈલ નથી, તે એક ઈન્ટરવ્યૂ જેવું છે, જ્યાં તમારી પ્રવૃત્તિઓ જ તમારા માટે 'વોક-ઈન ઈન્ટરવ્યુ' જેવી હોય છે. લિંકડીન પ્લેટફોર્મનો મહત્તમ ઉપયોગ કરવા માટે આ ટિપ્સ અનુસરો.

દર ૧૦ દિવસે તમારી પ્રોફાઈલ અપડેટ કરો. દરરોજ ૧૦ થી ૧૫ મિનિટ નેટવર્કિંગ કરો. અઠવાડિયામાં ઓછામાં ઓછી બે પોસ્ટ તમારા ક્ષેત્રને લગતી હોય પોસ્ટ કરો, પછી ભલે તે તે ક્ષેત્રની માહિતી સંબંધિત હોય, વિચારો સંબંધિત હોય કે કામ કરવાની શૈલી સંબંધિત હોય.

તમારા ક્ષેત્રમાં ઓછામાં ઓછા ૫૦ પ્રોફેશનલને કોન્ટક્ટ કરો. સાંભળવામાં આ ખૂબ જ મહેનતનું કામ લાગશે, પરંતુ તમે જે ક્ષેત્રમાં કરિયર બનાવવા જઈ રહ્યા છો, તે ક્ષેત્રના ઓછામાં ઓછા ૫૦ મહત્ત્વના લોકોને તો તમારે જાણવા જ જોઈએ અને જો તમે કોઈપણ રીતે તેમના સંપર્કમાં રહી શકો, તો તેનાથી શ્રેષ્ઠ બીજું કંઈ નથી. નોકરી મેળવવા અને તમારા ક્ષેત્રમાં સફળ થવાનો આ ખરેખર સૌથી સ્માર્ટ રસ્તો છે.

જો તમારા

ક્ષેત્રમાં કોઈ મહત્ત્વપૂર્ણ વ્યક્તિ કંઈક સિદ્ધિ હાંસલ કરે છે, તો તેમને અભિનંદન મેસેજ મોકલો. અને હા, મહત્ત્વપૂર્ણ પ્રસંગોએ એચઆર અને રિક્રૂટર્સને મહત્વપૂર્ણ પ્રસંગે નાના અને આકર્ષક મેસેજ મોકલવાનું ભૂલશો નહીં. લિંકડીનનું અલ્ગોરિધમ તમને એવા લોકો સાથે સંપર્ક કરાવે છે જે તમારી તકો વધારી શકે છે.

સૌથી મોટી તાકાત છે નેટવર્કિંગ

એમાં કોઈ બે મત નથી કે આજે પણ ૪૦ થી ૬૦ ટકા નોકરીઓ અનૌપચારિક નેટવર્કિંગ દ્વારા મળે છે, પરંતુ પ્રશ્ન એ છે કે તે નેટવર્કિંગ કેવી રીતે કરવું. ધ્યાનમાં રાખો-

-જૂના સાથીદારો, કોલેજના વરિષ્ઠ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શકોના સંપર્કમાં રહો.

- ઈન્ડસ્ટ્રી ઈવેન્ટ્સ કે વેબિનારમાં ભાગ લો.

- ૧૦-૧૫ મિનિટની ઔપચારિક વાતચીત, 'કોફી ચેટ્સ' જરૂરી છે.

- દર ત્રણ મહિને ત્રણ નવા ઈન્ડસ્ટ્રી કનેક્શન ઉમેરો, અને હા, સફળતાની કહાણી, અનુભવો, સમસ્યાઓ વગેરે શેર કરતા રહો. આ પ્રક્રિયા તમને રિઝ્યુમની કતારમાંથી બહાર કાઢીને તકોના હાઈવે પર લઈ જશે.

એઆઈની મદદવાળી જોબ સર્ચ

ચોક્કસપણે, એઆઈને કારણે માત્ર અમુક લોકોની નોકરીઓ પર સંકટ નથી આવ્યું, પરંતુ તેની મદદથી નોકરી શોધવાનું પણ સરળ બન્યું છે, શરત માત્ર એટલી છે કે તમે તેનો સાચો ઉપયોગ કરો. શું તમે આ પ્રક્રિયાને ઓટોમેટ કરી શકો છો? દાખલા તરીકે, જોબ રોલ મુજબ કવર લેટર, જોબ એલર્ટ, ઈન્ટરવ્યૂ પ્રેક્ટિસ અને રિક્રૂટર્સ સાથે સંવાદ - આ એવી રીતો છે જેનાથી તમે પરંપરાગત પદ્ધતિથી નોકરી શોધવાની સરખામણીમાં ચાર ગણી ઝડપથી નોકરી શોધી શકશો.

ન પૈસાનો પાવર, ન રૂપિયાનો રૂઆબ ભારતમાં આજેય છે બાર્ટર સિસ્ટમનું ચલણ

અહીં જરાય 'ના બાપ બડા ન મૈયા, ધ હોલ થીંગ ઈઝ ધેટ કે ભૈયા સબ સે બડા રૂપૈયા' કામનું નથી. અહીં પૈસો બોલતો નથી, એની બોબડી સાવ બંધ છે. અહીં નથી કેશ ચાલતી કે નથી ક્રેડિટ દોડતી. ભારતમાં થોડાં સ્થળ, ગામ જે કે જ્યાં નથી પૈસાનો પાવર કે નથી રૂપિયાનો રૂઆબ. તો બધુ ચાલે છે કેમ?

શરૂઆત હિમાલયથી કરીએ. આ ટાઢાબોળ પર્વત દેવની કંદરામાં આવેલાં ઘણાં નાનાં, સાવ ટચૂકડા, ગામોમાં આખું વર્ષ બરફ છવાયેલો રહે છે. અહીં સ્થાનિક રહેવાસીઓ ચોક્કસ રિવાજો અને પરંપરા નિભાવવામાં માને છે. આશ્ચર્યચકિત બાબત એ છે કે અહીં હજી પ્રાચીન 'બાર્ટર સિસ્ટમ' ચલણમાં છે. બાર્ટર સિસ્ટમ એટલે એકસચેન્જ ઑફ ગુડસ. ફોર ગુડસ સરળ ભાષામાં ચીજોને બદલે ચીજની આપ-લે. સોદામાં રોકડાને સ્થાન જ નહીં. તમે ઘઉં પકાવો છો તો ઘઉં આપીને જે જોઈતું હોય ત્યાં પહોંચીને એ વસ્તુ લઈ લો. માનવામાં નથી આવતું ને?

હિમાચલ પ્રદેશની સ્પિતી ખીણમાં કિબ્બર (Kibber) નામનું નાનકડું ગામ. પૃથ્વી પર સૌથી ઊંચાઈએ માનવ વસવાટનું સ્થળ. દરિયાની સપાટીથી ૪,૨૭૦ મીટરની ઊંચાઈએ આવેલા કિબ્બરમાં ૭૭ ઘર અને ૩૬૬ માનવનો વસવાટ, જેમાં ૧૮૭ પુરુષો, ૧૭૦ સ્ત્રી. આ આંકડા ૨૦૧૧ સેન્સસના છે.

કિબ્બરની અન્ય વિશિષ્ટતા એના ઘર, મકાનો છે. ટ્રાન્સપોર્ટેશનની સમસ્યાને લીધે સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સામગ્રીમાંથી ઘર બંધાય છે. આવું જ વેપાર-ધંધાનું છે. બહારથી કંઈ મગાવવું કે મોકલવું આસાન નથી. આમ છતાં કિબ્બરવાસીઓ સૌથી નજીકના સ્થળે પોતાના ઉત્પાદન લઈને પહોંચી જાય. સૌથી નજીકનું સ્થળ છે. લદાખનું લેહ. અહીં પહોંચવામાં ત્રણ દિવસ લાગે.

પોતાના ઘોડા, યાક સહિતનાં પ્રાણીઓ પર માલ લાદીને તેઓ લેહ પહોંચેપ અહીં પોતાના માલના બદલામાં જોઈતી ચીજ-વસ્તુ મેળવી લે. આ રોકડ હિન આદાન-પ્રદાન એટલે બાર્ટર સિસ્ટમ વરસોથી તેમનો જીવનનિર્વાહ ચલાવે છે.

કિબ્બર પાસે તો વિકલ્પ નથી પણ પુડીચેરી (હા. હા. પોંડીચેરી) ૧૫-૨૦ મિનિટમાં પહોંચી શકાય એવા ઓરોવિલે (Auroville) માં રોકડવિહિન અર્થતંત્ર છે. અહીં તો વિવિધ દેશના સંસ્કૃતિના અને માન્યતા ધરાવતા લોકો સાથે સંપથી રહે છે. આ સ્થળની અન્ય વિશિષ્ટતા એ છે કે અહીં બધાના પગાર સરખા છે. પછી એ કોઈ કલાકૃતિ બનાવે કે ધ્યાનમાં બેસી જાય. અહીં રોકડ લેવડ-દેવડ થતી જ નથી. બહુ જરૂર પડે તો કાર્ડ સ્વીકારવામાં આવે છે. ઓરોવિલે વિવિધ પ્રોજેક્ટમાં કેશલેસ રહેવાનો પડકાર સફળતાપૂર્વક ઝીલતું રહ્યું છે. અહીં તો ફ્રી સ્ટોરમાં બધુ આસાનીથી ચાલે છે.

અલબત્ત, ઓરોવિલેની વ્યવસ્થા ઘણાને ગળે ઊતરતી નથી અને એની ટીકા કરનારાઓ પણ છે ખરા.કિબ્બર અને ઓરોવિલેથી એકદમ અલગ કેસ છે ખુલિયા ગામનો. પૂર્વ ઓરિસામાં આવેલા આ આંતરિયાળ ગામમાં નોટબંધીને પગલે બાર્ટર સિસ્ટમનું પુનરાગમન થયું હતું. રૂ. ૧૦૦૦ અને ૫૦૦ની નોટ અચાનક અસ્પૃશ્ય બની ગયા બાદ મુશ્કેલી ઊભી થઈ.

તંત્રી લેખ...

મંગળવાર, તા. ૨૭ જાન્યુઆરી ૨૦૨૬

જિદ્દ બાંગલાદેશ ક્રિકેટને ભારે પડશે : વિશ્વ કપમાંથી બહાર

ટી-૨૦ વર્લ્ડ કપની અમારી મેચોનું આયોજન સ્થળ બદલો, એ મુદ્દાને બાંગલાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) કરતાં દેશની રખેવાળ સરકારના વહીવટી તંત્રએ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી નાખ્યા બાદ કોઈ ઉપાય ન રહેતાં ભારતમાં રમવા જવા કરતાં વર્લ્ડ કપમાંથી બહાર થઈ જવાનો નિર્ણય લીધો છે. ભારતમાં અમારી ટીમ સામે સુરક્ષાનું જોખમ છે, આ એક જ રાગ બીસીબી અને સરકારે આલાપે રાખ્યો હતો. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે બીસીબીની તરફેણમાં મતદાન કર્યું, પણ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના અન્ય તમામ સભ્ય દેશો અને ખુદ આઈસીસી પણ બાંગલાદેશની મેચીસનું સ્થળ બદલવાના પક્ષમાં ન હોવાથી વધુ એક દિવસમાં નિયત સમયપત્રક પ્રમાણે ભાગ લો અથવા વર્લ્ડ કપમાંથી તમારી બાદબાકી થઈ જશે, એવા અલ્ટિમેટમ બાદ બીસીબી પાસે કોઈ વિકલ્પ ન રહેતાં સ્પર્ધામાંથી ખસી જવાનો નિર્ણય લેવો પડયો છે. તેના સ્થાને હવે સ્કોટલેન્ડને રમવાની તક મળશે. બાંગલાદેશમાં ગયાં વર્ષથી ભારતદ્વેષ ચરમ પર છે. કહેવાતા વિદ્યાર્થી આંદોલન બાદ તત્કાલીન વડાપ્રધાન શેખ હસીનાની સરકારનું પતન થયું અને તેમણે ભારતમાં શરણું લીધું હોવાથી કટ્ટર ઈસ્લામવાદીઓએ ભારતવિરોધી ભાવનાઓ ભડકાવવામાં કશુંજ બાકી રાખ્યું નથી. નોબેલ વિજેતા મોહમ્મદ યુનુસની મધ્યવર્તી સલાહકાર સરકાર પણ પાકિસ્તાનના ખોળામાં બેસવા તત્પર છે અને તક મળે ભારત અને લઘુમતી હિન્દુવિરોધી પ્રવૃત્તિઓને તેમનો છૂપો ટેકો છે. ઈન્ડિયન પ્રીમિયર લીગની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સે બાંગલાદેશી ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને રુખસદ આપી ત્યારથી બાંગલાદેશે કાગારોળ શરૂ કરી કે ભારતમાં યોજાનારા ટી-૨૦ વર્લ્ડ કપમાં અમારા ખેલાડીઓની સુરક્ષા સામે જોખમ છે. આઈસીસીએ તમામ પ્રકારે ખાતરી આપી અને વારંવાર રજૂઆતો કરી, છતાં અમારી મેચો શ્રીલંકામાં ખસેડો એવો આગ્રહ પકડી રાખ્યો, પછી જિદ્દ પકડી કે સ્પર્ધામાં અમારું ગ્રુપ બદલી નાખો, જેથી અમારે ભારતમાં ન રમવું પડે. આના માટે ભારતનો દાખલો આપી બીસીબીએ દલીલ કરી કે, ૨૦૨૫માં પાકિસ્તાનમાં ચેમ્પિયન્સ ટ્રોફીનાં આયોજન વખતે ભારતની મેચો અન્યત્ર રખાઈ હતી, તો અમને પણ આવી સવલત આપો. ભારત-પાકિસ્તાન વચ્ચેના બગડેલા સંબંધોને પગલે આઈસીસી અને બંને દેશના બોર્ડે ૨૦૨૭ સુધી એવી સહમતી સાધી છે કે, બંનેમાંથી એક પણ દેશ આઈસીસીની સ્પર્ધાનું યજમાન હોય તો બીજા દેશની મેચો અન્યત્ર રમાડવી. બાંગલાદેશ ક્રિકેટ જગતમાં પોતાની તાકાતને વધારે આંકવા ગયું અને વચગાળાની સરકારે પણ વિકિટમ કાર્ડ રમવાની જિદ્દ પકડતાં મામલો ગુંચવાયો. બાંગલાદેશ ત્રણ ગ્રુપ મેચો કોલકાતા અને એક મુંબઈમાં રમવાનું હતું. આ બાબતમાં બાંગલાદેશનું ઉપરાણું લેનાર પાકિસ્તાન પર પણ પસ્તાળ પડી છે. વાંકદેખાઓ તો ત્યાં સુધી કહે છે કે, ભારતનું ક્રિકેટ વિશ્વમાં સૌથી વધુ ઊપજે છે અને ભારતીય જય શાહ અત્યારે આઈસીસીના વડા હોવાથી બાંગલાદેશને દબાવવામાં આવી રહ્યું છે. ભૂતકાળમાં વર્લ્ડ કપ જેવી સ્પર્ધાઓમાં ચોક્કસ દેશમાં સુરક્ષાના અભાવ અથવા દ્વિપક્ષી સંબંધોમાં તણાવને કારણે ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ જેવી ટીમોએ શ્રીલંકા, બાંગલાદેશ અને કેનિયા-ઝિમ્બાબ્વેમાં રમવા જવાની ના ભણતાં તેમને એ મેચીસના પોઈન્ટથી હાથ ધોવા પડયા હતા. આથી, આ વખતે પણ આઈસીસી આ રુખ બદલશે નહીં એ પાકું હતું. જો કે, આનાથી નુકસાન બાંગલાદેશ ક્રિકેટને જ સૌથી વધુ થવાનું છે.

આહાર પ્રણાલીમાં બદલાવની જરૂર

નિઃસંદેહ ભોજનમાં શાકાહાર કે માંસાહારને સામેલ કરવું એક વ્યક્તિગત નિર્ણય છે, પરંતુ પર્યાવરણવિદ્દોનું કહેવું છે કે માંસાહાર દુનિયામાં ગ્લોબલ વોર્મિંગ અને જળવાયુ પરિવર્તનનું એક મોટું કારણ બની રહ્યું છે. વિશ્વ સ્તર પર માંસની ખપત ઓછી કરવી ખાદ્ય પ્રણાલી દ્વારા થનારા કાર્બન ઉત્સર્જનને લગભગ એક ચતુર્થાંશ ઓછું કરી શકે છે.

જળવાયુ પરિવર્તનની ભયાવહતાને ઓછી કરવા માટે દુનિયાએ નિશ્ચિત રૂપે માંસની ખપતમાં ઘટાડો કરવો પડશે. માંસાહારી ભોજનની કાર્બન ફૂટપ્રિન્ટ શાકાહારી ભોજનની તુલનામાં વધારે હોય છે. પશુઓની વધતી સંખ્યાથી મિથેન ગેસનું ઉત્સર્જન વધે છે, જે કાર્બન ડાયોક્સાઈડના મુકાબલે વધુ ખરાબ ગ્રીનહાઉસ ગેસ છે. વિશ્વ સંસાધન સંસ્થા અનુસાર માત્ર બકરી જેવા એક પ્રાણીના માંસાહારમાં ઘટાડો કરવાથી ૨૦૫૦ સુધીમાં પ્રતિ વ્યક્તિ ભોજન અને જમીન ઉપયોગ સંબંધિત ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ૧૫થી ૩૫ ટકાનો ઘટાડો આવશે. શાકાહારી બનવાથી પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન અડધાથી વધુ ઘટી શકે છે. ઉલ્લેખનીય છે કે માંસ ઉદ્યોગ પ્રદૂષણ, ભોજન અને પાણીના ઘટાડા એ જળવાયુ પરિવર્તન જેવી સમસ્યાઓને જન્મ આપે છે. પશુઓના મળમૂત્રામાં મળી આવતા બેક્ટીરિયા, કીટનાશક, એન્ટીબાયોટિક્સનું પારિસ્થિતિકીય તંત્ર પર ખરાબ પ્રભાવ પડે છે. તે ઉપરાંત માંસજફક્ટરીઓ અને કતલખાનાંથી નીકળનારો મોટાભાગનો કચરો જળાશયો અને નદીઓમાં પહોંચીને જળસ્રોતોને દૂષિત કરે છે. પશુઓના મળમૂત્રની સાથે એમોનિયા અને મિથેન જેવા ગેસોનો સ્રાવ થાય છે. વર્લ્ડવોચ ઈન્સ્ટિટ્યૂટ અનુસાર દુનિયાભરમાં ઉત્સર્જિત થનારા મિથેન ગેસનો ૧૫-૨૦ ટકા હિસ્સો ભોજન માટે પાળવામાં આવતા પશુ ઉત્સર્જિત કરે છે. બીજી તરફ માંસ માટે કરાતું પશુપાલન ઉત્પાદકતાના હિસાબે અત્યધિક નુક્સાનદાયક છે. કારણ કે જાનવરો ભારે માત્રામાં અનાજ ખાયછે અને બદલામાં તેનાથી બેહદ ઓછી માત્રામાં માંસ, ડેરી ખાદ્ય પદાર્થ કે ઈંડાં પ્રાપ્ત થાય છે. વૈજ્ઞાનિકો અનુસાર જાનવરોથી માત્ર એક કિલોગ્રામ માંસ પ્રાપ્ત કરવા માટે તેમને ૧૦ કિલોગ્રામ અનાજ ખવડાવવું પડે છે. પાટા ઈન્ડિયા અનુસાર એક કિલોગ્રામ માંસનું ઉથ્પાદન કરવા માટે લગભગ ૨૦ હજાર લીટર પાણીની જરૂર પડે છે, જ્યારે એક કિલોગ્રામ ઘઉંનું ઉત્પાદન કરવા માટે માત્ર ૫૦૩ લીટર પાણીની જરૂરિયાત હોય છે.એકંદરે આહારમાંથી માંસને દૂર કરવાથી દુનિયાભરમાં ભોજનની આદતો સંબંધિત પ્રતિ વ્યક્તિ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં અડધો ઘટાડો આવી શકે છે. જળવાયુ પરિવર્તનનો ખતરો ઓછો કરવા માટે આપણી આહાર પ્રણાલીમાં બદલાવ કરવાની જરૂર છે.

આ નીતિની સફળતા માટે હજુ રાહ જોવી પડશે.

ભવિષ્યનું નિર્માણ કરતી શિક્ષણ નીતિ

ધીમે ધીમે સરકાર તેને લાગુ કરી રહી છે. તેનાં પરિણામ તો આપણને કેટલાક વર્ષો બાદ જ મળી શકશે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)ના અમલને ત્રણ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે. ૨૯ જુલાઈ, ૨૦૨૦ના રોજ આ નીતિ રજૂ થઈ હતી. ત્યારે તેને દેશ-દુનિયામાં બહુ પ્રશંસા મળી હતી. માનવામાં આવ્યું કે જો આ નીતિ સંપૂર્ણ રીતે લાગુ થશે તો દેશની શિક્ષણ વ્યવસ્થાની તસવીર બદલાઈ જશે. જોકે હજુ તે સંપૂર્ણ રીતે લાગુ થઈ શકી નથી. આ નીતિની સફળતા માટે હજુ રાહ જોવી પડશે. ત્યારે જ દેશમાં શિક્ષણ અને શિક્ષણ સંસ્થાઓની ગુણવત્તામાં સુધારની આશા રાખી શકાશે. હાલમાં ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ, ૨૦૨૪ જારી થયું જેમાં કોઈપણ ભારતીય શિક્ષણ સંસ્થા ટોચની ૧૦૦ સંસ્થાઓમાં પોતાનું સ્થાન ન બનાવી શકી. જોકે આઈઆઈટી બોમ્બે, આઈઆઈટી દિલ્હી, આઈઆઈટી ખડગપુર, આઈઆઈટી મદ્રાસ, દિલ્હી યુનિવર્સિટી પણ આ રેન્કિંગમાં કોઈ સ્થાન પ્રાપ્ત ન કરી શક્યા જેટલી અપેક્ષા હતી. આંકડા અનુસાર દેશમાં લગભગ ૧૧૧૩ યુનિવર્સિટીઓ, ૪૩૭૯૬ કોલેજ અને ૧૧૨૯૬ એકીકૃત સંસ્થાઓ છે, પરંતુ કોઈપણ આ રેન્કિંગમાં શીર્ષ ૧૦૦માં પણ જગ્યા ન બનાવી શક્યું. આ ગંભીર ચિંતનનો વિષય છે. આપણે આત્મવિશ્લેષણની જરૂર છે કે કેમ આપણી શિક્ષણ સંસ્થાઓ વર્લ્ડ રેન્કિંગમાં ટોચના ૧૦ કે ૨૦માં નથી?જે પ્રકારે જીવિત રહેવા માટે ખોરાક-પાણી અને વાયુ સાથે અન્ય ચીજોની જરૂરિયાત હોય છે એ જ પ્રકારે કોઈપણ સમાજ અને દેશના ઉત્થાન કે વિકાસ માટે શિક્ષણ અત્યંત જરૂરી છે. ઈતિહાસ સાક્ષી છે કે પ્રાચીન સમયમાં ભારતીય શિક્ષા પદ્ધતિ અતિ ઉત્તમ હતી. અહીં ન માત્ર પ્રસિદ્ધ વિશ્વવિદ્યાલય હતા, જેમાં વિભિન્ન વિષયોનું શિક્ષણ અપાતું હતું, બલ્કે તેમાં વિદેશથી પણ વિદ્યાર્થીઓ શિક્ષણ લેવા આવતા હતા.તક્ષશિલા, નાલંદા, વિક્રમશીલા, ઓદંતપુરી વગેરે મહત્ત્વપૂર્ણ યુનિવર્સિટીઓમાં તત્કાલી નજરૂરિયાત અનુસાર વિભિન્ન વિષયોનું શિક્ષણ અપાતું હતું. વિભિન્ન કારણોસર એક સમય એવો આવ્યો જ્યારે આપણે શિક્ષણ પર વ્યાપક ધ્યાન ન આપ્યું, જે કારણે ભારત પ્રગતિના પથ પર ધીમે ધીમે પાછળ પડતું ગયું. સંભવતઃ આ જ કારણ એક લાંબા સમય સુધી દેશે ગુલામીનો અભિશાપ વેઠવો પડ્યો. અમેરિકા, બ્રિટન, જાપાન અને અન્ય પશ્ચિમી દેશો આધુનિક શિક્ષણના જોરે જ વિકસિત થયા છે. એ દેશ જે શિક્ષણ, જ્ઞાન-વિજ્ઞાન અને ઉદ્યોગીકરણમાં પાછળ રહી ગયા તેમના નિવાસીઓનું જીવનસ્તર નિમ્ન રહ્યું. આજે જો દેશને પ્રગતિના પંથે આગળ વધારવો હોય તો માત્ર શિક્ષણ નહીં, બલ્કે ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષણની જરૂર છે.દેશમાં પ્રતિભાઓની અછત નથી. ઈસરો, ડીઆરડીઓ, આઈઆઈટી જેવી સંસ્થાઓએ દેશ-વિદેશમાં પોતાનો ડંકો વગાડ્યો છે પરંતુ સમસ્યા એ છે કે આવી સંસ્થાઓ માત્ર બે-ચાર છે. દેશની વિશાળ જનસંખ્યાને જોતાં આ પ્રગતિ ઊંટના મોંમાં જીરા સમાન છે. આપણે એ પણ જાણવું જોઈએ કે કેમ આ સંસ્થાઓથી શિક્ષણ પ્રાપ્ત કરીને મોટાભાગના વિદ્યાર્થીઓ વિદેશ ચાલ્યા જાય છે? તે ઉપરાંત જે સેંકડોની સંખ્યામાં વિભિન્ન યુનિવર્સિટીઓ અહીં મોજૂદ છે તે ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ કેમ નથી આપી શકતી? દેશમાં પ્રત્યેક વર્ષ લાખો છાત્ર બીટેક કરે છે, પરંતુ ત્યારબાદ તેમની શી સ્થિતિ હોય છે તે કોઈથી છૂપું નથી. ઉચ્ચ શિક્ષણના નામે આપણે માત્ર સ્નાતકની ઉપાધિ આપી રહ્યા છીએ તો પછી એવી ડિગ્રીનો શો ફાયદો?આજે દેશમાં બે પ્રકારની સ્કૂલ-કોલેજો અને યુનિવર્સિટીઓ છે - સરકારી અને ખાનગી. મોટાભાગની સરકારી શિક્ષણ સંસ્થાઓ આજે રાજકારણનો અખાડો બની ગઈ છે. એવું પણ નથી કે આ સંસ્થાઓમાં યોગ્યતાનો અભાવ છે, પરંતુ કડવું સત્ય એ છે કે તેમાં સામુહિક જવાબદારીની ભાવનાનો અભાવ છે. કેટલાક ગણ્યાગાંઠ્યા લોકો અને સંસ્થાઓને બાદ કરતાં અન્ય તમામ ખાનાપૂર્તિમાં જ પડ્યા રહે છે. હવે જો ખાનગી શિક્ષણ સંસ્થાઓની વાત કરવામાં આવે તો મોટાભાગે માત્ર પૈસા કમાવાનો જ ધંધો છે. તેમના માટે શિક્ષણ માત્ર એક વ્યવસાય છે. જોકે પૈસા કમાવા અનુચિત નથી, પરંતુ જો શિક્ષણના નામે માત્ર પૈસા કમાવા તથા ડિગ્રીઓ વહેંચવી જ ઉદ્દેશ્ય બની જાય તો તે બિલકુલ અયોગ્ય છે. એનાથી પણ વધારે ચિંતાનો વિષય એ છે કે સરકારી તંત્ર શિક્ષણ સંસ્થાઓમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર પર લગામ લગાવવામાં નિષ્ફળ રહ્યું છે. જો સમય રહેતાં આપણે આપણી શિક્ષણ વ્યવસ્થા પર ધ્યાન ન આપ્યું તો દેશનો કિસ એ સ્તર પર સંભવ નથી, જેના પર આપણે ભવિષ્યમાં તેને લઈ જવાની વાત કરી રહ્યા છીએ. જો વાસ્તવમાં આપણો ઉદ્દેશ્ય દેશને વિકસિત બનાવવાનો હોય તો તેના માટે પ્રત્યેક સ્તરના પ્રયાસ કરવા પડશે. સૌથી મુખ્ય છે શિક્ષણની ગુણવત્તા પર ધ્યાન આપવું તથા તેમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર પર લગામ લગાવવી, કારણ કે જો આપણે આપણા સમાજને ઉચ્ચ શિક્ષિત અને જાગૃત કરી લીધો તો દેશ આપોઆપ વિકાસના પથ પર આગળ વધવા લાગશે. સાથે જ વિભિન્ન પ્રકારની આર્થિક, ધાર્મિક અને સામાજિક સમસ્યાઓ પણ સમાપ્ત થઈ જશે. આધુનિકીકરણની સમસ્ત પ્રક્રિયા ઉચ્ચ ગુણવત્તાના શિક્ષણ પર નિર્ભર છે.જો આપણે આપણા દેશને વિકસિત દેશોની શ્રેણીમાં લાવવા માંગીએ છીએ, જો આપણે ઇચ્છીએ છીએ કે નાગરિકોનું જીવન સ્તર ઉચ્ચ હોય, દેશ વિકાસના પથ પર આગળ વધે તો કોઈપણ ભોગે શિક્ષણની ગુણવત્તામાં સુધાર કરવો જ પડશે. કંઈક એવી વ્યવસ્થા પણ કરવી પડશે જેનાથી શિક્ષણ માફિયા પર અંકુશ લગાવી શકાય. નહિ તો દેશને વિકસિત દેશોની શ્રેણીમાં લાવવો માત્ર સ્વપ્ન બનીને રહી જશે.

ભારતને તમામ ક્ષેત્રે પ્રત્યેક યુગે મહાપુરુષોનું માર્ગદર્શન પ્રાપ્ત થયું છે.

પ્રજાની સત્તાનો મહિમા થવો જરૂરી

- ૧૦૫ વર્ષ પહેલાં સ્વદેશીની જે હાકલ પડી હતી તે તેનો પ્રતિઘોષ આજે સંભળાઈ રહ્યો છે. ૨૦૨૦માં કોરોના સમયે આખા દેશે એક થઈને આ કુદરતી આપદાનો સામનો કર્યો હતો. આજે ફરી એક થઈને આર્થિક સંકટમાંથી બચવા માટે આગળ આવવાની આ ઘડી છે.

વિશ્વના સૌથી મોટા ગણતંત્ર એવા ભારતનું બંધારણ અસ્તિત્વમાં આવ્યાની હીરકજયંતી પણ ઊજવાઈ ગઈ છે. સ્વતંત્રતા પછી હવે લોકતંત્ર પણ ૭૬ વર્ષનું થયું છે. સ્વતંત્ર ભારતનો ઈતિહાસ તપાસીએ તો પણ આર્થિક, સામાજિક, રાજકીય, કુદરતી પડકારોની હારમાળા જોવા મળે. માનવસર્જિત યુદ્ધોની સ્થિતિ તો અનેક વખત થઈ તમામ પડકારોમાંથી આ દેશ સાંગોપાંગ પાર ઊતર્યો. એટલું જ નહીં, ભારતની આ યાત્રા અવિરત અને ઉન્નત રહી. ભારતનો માર્ગ ઊર્ધ્વગામી રહ્યો. આ દેશ માત્ર કોઈ રાજસત્તા કે ભૂખંડ નથી એટલે એવું ચોક્કસ કહી શકાય કે, આ સમગ્ર યાત્રા સદીઓની છે. તેમાંથી આ સાડા સાત દાયકા પ્રજાતંત્રના છે.

ભારતને તમામ ક્ષેત્રે પ્રત્યેક યુગે મહાપુરુષોનું માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. દેશની સ્વતંત્રતાની લડતમાં ગાંધીજી, સરદાર સાહેબ, પંડિત નેહરુ, સુભાષ બાબુ, ભગત સિંહ, ચંદ્રશેખર આઝાદ સહિત હજારો લોકોનું બહુમૂલ્ય યોગદાન છે. આ દેશનું બંધારણ ઘડનાર મહાનુભાવો પણ રાષ્ટ્રહિતથી વિશ્વહિતની ઉદાત્ત ભાવનામાં માનતા હતા. ડૉ. ભીમરાવ આંબેડકર અને સ્વતંત્રતા પછી બંધારણ સભાના ૨૯૯ જેટલા સદસ્યોએ બંધારણ ઘડયું હતું. ભાષા, સંસ્કૃતિ, પરંપરાની વિવિધતાને ધ્યાને રાખીને આ બંધારણમાં નાગરિક એટલે કે દેશવાસી અને કાયદો કેન્દ્રમાં છે. ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ અમલમાં આવેલા આ બંધારણમાં સમયાંતરે સુધારા, ઉમેરા થતા આવ્યા છે, પરંતુ તેનું પોત જાળવવા પર હંમેશાં ભાર મૂકવામાં આવ્યો છે. ભારતનું બંધારણ અન્ય લોકશાહી દેશોની સરખામણીમાં એટલા માટે અલગ પડે છે કે તેની શરૂઆત 'ભારતના નાગરિકો' શબ્દથી થાય છે. 'અમે ભારતના લોકો, ભારતને એક સાર્વભૌમ સમાજવાદી પંથ નિરપેક્ષ, લોકતાંત્રિક ગણરાજ્ય બનાવવા તથા તેના તમામ નાગરિકોને ન્યાય-સામાજિક, આર્થિક અને રાજકીય, સ્વતંત્રતા, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની... સુનિશ્ચિત કરવા માટે બંધારણ સભામાં સંવિધાન સ્વીકારી સ્થાપિત કરી અમને અર્પણ કરીએ છીએ.' આપણા બંધારણમાં અધિકારોની સાથે જ નાગરિક ઉત્તરદાયિત્વની સ્પષ્ટતા છે એટલે જ જવાબદાર પ્રજાતંત્રની તેમાં સંકલ્પના છે તો બીજી તરફ નાગરિકોને તમામ પ્રકારે ન્યાય મળે તેવો પણ સંકલ્પ વ્યક્ત કરાયો છે. આના ઘણા સૂચિતાર્થો છે જેની ચર્ચાનું આ ટાણું છે. ૭૬ વર્ષનું પરિપક્વ લોકતંત્ર એટલે લોક અને તંત્ર, પ્રજા અને સત્તાધીશો વચ્ચેનાં સાયુજ્યનું વ્યવસ્થા તંત્ર એમ કહી શકાય. આ ગણતંત્ર દિવસે પ્રત્યેક નાગરિકને એવો પ્રશ્ન થવો જોઈએ કે, પોતે પોતાને મળેલા અધિકાર અંતર્ગત નિર્ભય, નીડર રહીને જીવી શકે છે? મતાધિકાર એ પ્રત્યેક નાગરિકનો ફક્ત અધિકાર નહીં, પરંતુ લોકશાહીમાં તેની ફરજ છે. શું તેનો ઉપયોગ કરે છે? રાષ્ટ્ર પ્રત્યેની તમામ ફરજો નિભાવે છે? બંધારણના અનુચ્છેદ ૧૯માં ૭ પ્રકારની સ્વતંત્રતા નાગરિકને પ્રાપ્ત છે. આ સ્વતંત્રતાનો ઉપયોગ એ કરી શકે તેના માટેની જાગૃતિ પણ તે નાગરિકની પોતાની ફરજ છે. આપણો દેશ ધર્મ વૈવિધ્યથી પણ સંપન્ન છે, પરંતુ નાગરિક ધર્મ સર્વોચ્ચ છે તેનું પાલન અપેક્ષિત છે. રાષ્ટ્ર સ્વતંત્ર થયું ત્યારની અને આજની સ્થિતિમાં સ્વાભાવિક રીતે ઘણો બધો ફેર છે. તથ્યો બદલાયા છે, પરંતુ તત્ત્વો યથાવત્ છે એ સમયે બ્રિટિશરોની દમનકારી નીતિનો ભોગ પ્રજા બની હતી અને આપણે સ્વતંત્ર થયા હતા. આજે અમેરિકાની ટેરિફ નીતિ આપણને પજવી રહી છે. પ્રજાતંત્રમાં પ્રજા તરીકે કૌવત અને સમર્પણ બતાવવાની આ ઘડી છે. ૧૦૫ વર્ષ પહેલાં સ્વદેશીની જે હાકલ પડી હતી તે તેનો પ્રતિઘોષ આજે સંભળાઈ રહ્યો છે. ૨૦૨૦માં કોરોના સમયે આખા દેશે એક થઈને આ કુદરતી આપદાનો સામનો કર્યો હતો. આજે ફરી એક થઈને આર્થિક સંકટમાંથી બચવા માટે આગળ આવવાની આ ઘડી છે. પ્રજાની સત્તાની વ્યાખ્યાન ચરિતાર્થ કરવાનો આ સમય છે. પ્રજા પોતે પોતાના દેશમાં બનેલી વસ્તુ ખરીદે, દેશને આર્થિક રીતે અડીખમ રાખે તે પણ ૭૬મા વર્ષની બહુ જ મોટી ઉજવણી ગણી શકાય. રાષ્ટ્રની આર્થિક નીતિ ઘડવાનું કામ સત્તાધીશો કરે પરંતુ રાષ્ટ્રને આર્થિક રીતે પગભર કરવા માટે નાગરિકોની સજાગતા, સક્રિયતા અનિવાર્ય છે. ખરાઅર્થમાં લોકતંત્ર ત્યારે સાર્થક થાય. દેશની સુરક્ષા સૌથી અગત્યની બાબતો પૈકી એક છે. વર્તમાન સરકારે આતંકવાદ સામેની લડાઈ સંગીન, વધારે અસરકારક બનાવી છે. અળવીતરા પાડોશી દેશોને જરૂર પડી ત્યારે પાઠ ભણાવવામાં આપણી સેના અને સરકારે કૌવત બતાવ્યું છે. પ્રજાએ પણ આ સમયે ધૈર્ય બતાવ્યું છે, ભવિષ્યમાં પણ તેવું થાય કે, આ ગણતંત્ર દિવસનો સંકલ્પ હોઈ શકે. રાષ્ટ્રની સુરક્ષા સામે પડકાર વધી રહ્યા છે. કોમી વૈમનસ્ય, ધર્મ આધારિત રાષ્ટ્રનીતિ આસપાસના દેશોમાં ભભૂકી રહી છે તેની આગ આપણને દઝાડે નહીં તે આપણી અગ્રતા રહેવી જરૂરી છે. બંધારણે આપેલા વિવિધ અધિકારોની સાથે રાષ્ટ્રહિત અગત્યનું છે. આખા દેશમાં જેન-ઝી એટલે કે યુવાપેઢીની પ્રવૃત્તિઓ ચર્ચામાં છે. સ્વતંત્રતાનો અર્થ અરાજકતા અને આછકલાઈ નહીં તે સમજવું પડે. માગણી કરવાનો સૌને અધિકાર પરંતુ દેશહિતને જોખમમાં મૂકીને નહીં. કોમી એકતા સદીઓથી ભારત દેશની ઓળખ રહી છે. સમયાંતરે તેને તોડવાના પ્રયાસ આંતર-બાહ્ય રીતે થતા આવ્યા છે. આવા પ્રયાસને સફળ ન થવા દેવા તે પણ પ્રજાના હાથમાં છે. દેશનું સુકાન યોગ્ય વ્યક્તિઓના હાથમાં સોંપવું તે પણ પ્રજાના હાથમાં છે, પ્રજા જ ખરી સત્તાધીશ છે. દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી સંસદમાં જાય ત્યારે તેના પગથિયે વંદન કરે છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ' તેમણે આપેલું ફક્ત સૂત્ર નથી, પરંતુ બંધારણમાં લોકતંત્રની જે કલ્પના ૭૬ વર્ષ પહેલાં શાબ્દિક રીતે મૂકવામાં આવી છે તેને ચરિતાર્થ કરવાનો મંત્ર છે. આ મંત્ર દરેક નાગરિકને કંઠસ્થ હોવો જોઈએ. પ્રજાને એવી ખબર હોવી જોઈએ કે, આપણે રાષ્ટ્રના સત્તાધીશ છીએ. અર્થ એ છે કે, રાષ્ટ્રમાં ઉપસ્થિત થતી ઘટનાઓ, બનાવોમાં કેટલેક અંશે જવાબદારી આપણી પણ છે.

જમીનથી લગભગ ૧૨૦ મીટર નીચે બનેલા આ ભોંયરાના દરવાજા બુલેટપ્રૂફ છે,

ફળફળાદી પણ નાશ પામે તો?

- તિજોરીનો દરવાજો બરફના જાડા પડથી ઢંકાયેલો છે. તેની અંદર પણ તાપમાનને ઈલેક્ટ્રોનિક રીતે માઈનસ ૧૮ ડિગ્રી પર રાખવામાં આવે છે

ભવિષ્યવેત્તાઓ દ્વારા પૃથ્વીનાં વિનાશની આગાહીઓ કરવામાં આવતી હોય છે. ઘણી બધી વખત એવા સમાચારો પણ સામે આવતા રહે છે. વિવિધ પ્રકારે પૃથ્વી પર તબાહી થઈ જશે એવી આગાહીઓ કરવામાં આવતી હોય છે. જો પૃથ્વી પરનું તમામ પાણી સુકાઈ જશે, અથવા બધા ગ્લેશિયર્સ અચાનક પીગળી જશે, એલિયન્સ માણસો પર હુમલો કરશે કે પછી ભવિષ્યમાં માણસો પર રોબોટ્સનું રાજ હશે એવી અનેક કલ્પનાઓ ફિલ્મોમાં પણ કરવામાં આવી છે. આવી બાબતોને સામાન્ય રીતે આપણે તો બહુ ગંભીરતાથી લેતા નથી, પરંતુ ઘણા બધા વૈજ્ઞાનિકો આવા તમામ ખતરાને ગંભીરતાથી લેતા હોય છે. અને વિશ્વના ઘણા દેશોએ આંતરિક તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. ભલે પ્રલય હજુ હજારો વર્ષો દૂર હોય, પણ સજ્જતા અત્યારથી શરૂ કરી દેવામાં આવી છે. દુનિયાનાં ઘણા બધા દેશોએ આ પ્રકારની એક તૈયારીનાં ભાગરૂપી ડૂમ્સડે વોલ્ટ બનાવ્યું છે. ડૂમ્સડે વોલ્ટ શું છે, તે શા માટે બનાવવામાં આવ્યું હતું? એ સમજવાનો પ્રયાસ કરીએ. તેનાં નામ પરથી જ લાગે છે કે ડૂમ્સડે વૉલ્ટ એ પૃથ્વી પર આવનાર એક તબાહીનાં દિવસ માટે તૈયારીનાં ભાગરૂપે બનાવવામાં આવેલી તિજોરી છે. પૃથ્વી પર છેલ્લી આવી આપત્તિ ૬.૫ કરોડ વર્ષો પહેલા આવી હતી. વૈજ્ઞાનિકોનું માનવું છે કે આ સમયગાળા દરમિયાન આપણે ડાયનાસોરની સાથે સાથે બીજી કેટલીક ખાદ્ય પ્રજાતિઓ અને પ્રાણીઓની પ્રજાતિઓ પણ ગુમાવી દીધી. જો આપણી પાસે આ પ્રજાતિ હોત, તો તે મનુષ્યો માટે ખૂબ મદદરૂપ થઈ હોત, પણ તેમાંથી બોધપાઠ લઈને હવે જ્યારે આગામી પ્રલય આવશે, ત્યારે આવું ન થાય એ માટે એક પ્રકારની વૈશ્વિક જીન બેંકમાં વિવિધ પ્રજાતિઓ સાચવવામાં આવી રહી છે. આ જીન બેંક ૧૦૦ દેશોની સરકારોના સહયોગથી બની રહી છે. તેને ડૂમ્સડે વૉલ્ટ નામ આપવામાં આવ્યું છે. ડૂમ્સડે વૉલ્ટ માટેનું સ્થળ નોર્વેના પર્વતોની તળેટીમાં પસંદ કરવામાં આવ્યું છે. આ વૉલ્ટ બનાવવાની કામગીરી ૨૦૦૮માં જ પૂર્ણ થઈ હતી, પરંતુ વિશ્વને તેના વિશે બહુ પાછળથી ખબર પડી હતી. જો કે, અહીં બાંધકામ ચાલુ છે અને ખાદ્ય પ્રજાતિઓનું સંરક્ષણ પણ થઈ રહ્યું છે. જે જગ્યાએ ડૂમ્સડે વૉલ્ટ બનાવવામાં આવ્યું છે તે ઉત્તર ધ્રુવની સૌથી નજીક છે. જે કોઈપણ દેશ આ બેંકમાં તેના બીજ જમા કરવા માંગે છે તેણે નોર્વેની સરકાર સાથે ડિપોઝિટ કરાર પર હસ્તાક્ષર કરવા પડે છે. જો કે આ બેંકમાં જમા કરાયેલા બીજ પર માલિકી હક્કો માત્ર બીજ જમા કરનારા દેશોનો રહેશે અને નોર્વેની સરકારનો નહીં.

જમીનથી લગભગ ૧૨૦ મીટર નીચે બનેલા આ ભોંયરાના દરવાજા બુલેટપ્રૂફ છે, જેને મિસાઈલ દ્વારા પણ ભેદી શકાતા નથી. આ વૉલ્ટ પરમાણુ યુદ્ધ, રોગચાળો, પ્રલય વગેરે જેવી પરિસ્થિતિઓ પછી પૃથ્વી પર ખેતી ફરી શરૂ કરવામાં મદદ કરી શકે એટલા સક્ષમ છે. આ તિજોરીમાં વિશ્વ્વના લગભગ તમામ દેશોમાંથી ૮ લાખ ૬૦ હજારથી વધુ પાકના બિયારણ, કઠોળ, ઘઉં અને ચોખાના નમૂનાઓ જમા કરવામાં આવ્યા છે.તિજોરીનો દરવાજો બરફના જાડા પડથી ઢંકાયેલો છે. તેની અંદર પણ તાપમાનને ઈલેક્ટ્રોનિક રીતે માઈનસ ૧૮ ડિગ્રી પર રાખવામાં આવે છે જેથી બીજ સુરક્ષિત રહે. આખી સિસ્ટમ એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે જો તિજોરીનો પાવર સપ્લાય બંધ થઈ જાય તો પણ બીજ કેટલાંક વર્ષો સુધી સુરક્ષિત રહેશે. અમેરિકા, યુરોપ, યુક્રેન અને ભારત જેવા દેશોની સાથે આ તિજોરીમાં પણ પોતાના પાકના બીજ સાચવી રાખ્યા છે.તિજોરીમાં ૮ લાખ ૬૦ હજાર

બોલિવૂડની એક આગવી મર્દાની અભિનેત્રી રાણી મુખર્જી

સતત એક પાત્ર જીવી જનારી અભિનેત્રી તરીકે રાણી મુખર્જી ફિલ્મરસિકો પર અમીટ છાપ છોડી રહી છે. ૨૦૧૪માં 'મર્દાની' ફિલ્મનો પહેલો ભાગ આવ્યો ત્યાર પછી તે અંગત જિંદગીમાં એક પુત્રીની માતા બની, પણ ફરી ફિલ્મમાં સક્રિય થવાનો ચાર વર્ષે નિર્ણય કર્યા પછી તે 'મર્દાની-ટુ'માં લેડી ઈન્સ્પેકટર શિવાની શિવાજી રોય તરીકે પાછી ફરી અને હવે એ ફરી સાત વર્ષે તે 'મર્દાની-થ્રી'માં એ જ પાત્ર દ્વારા ત્રાટકવા તૈયાર છે.

'મર્દાની' અને 'મર્દાની-ટુ'માં પુરુષ વિલન સાથે બાખડનારી રાણી મુખર્જી આ વખતે મહિલા વિલન - ખલનાયિકા - અમ્માજી સાથે બાથ ભીડવાની છે. ૩૦ જાન્યુઆરીએ રિલીઝ થનારી આ ફિલ્મ સત્યઘટના પર આધારિત છે અને પહેલી બે ફિલ્મ કરતાં આ ફિલ્મ વધુ છાપ છોડશે એમ મનાય છે.

૨૦૧૪માં આદિત્ય ચોપરા સાથે લગ્ન કર્યા પછી 'યશરાજ બેનર'ની જ ફિલ્મોમાં અભિનય કરતી રાણી મુખર્જીએ તેની કારકિર્દી દરમિયાન મોટાભાગની ફિલ્મો 'યશરાજ'માં જ કરી છે. ૨૧ માર્ચ ૧૯૭૮માં રામ મુખર્જી અને કૃષ્ના મુખર્જીને ત્યાં જન્મેલી રાણી મુખર્જીએ તેનું શિક્ષણ માણેકજી કૂપર સ્કૂલમાં લીધું છે અને મીઠીબાઈ કોલેજ ઑફ આર્ટસ અને એસએનડીટી વિમેન્સ યુનિવર્સિટીમાંથી તેણે હોમ સાયન્સમાં ડિગ્રી મેળવી છે.

કાજોલ જેવી ઉત્કૃષ્ટ અભિનેત્રીની પિત્રાઈ બહેન રાણી પણ અભિનયમાં કાજોલને બરાબરની ટક્કર આપી છે. તેણે પોતાની કારકિર્દી દરમિયાન એક નેશનલ એવૉર્ડ અને એક વાર ફિલ્મફેર એવૉર્ડ મેળવ્યા છે. રાણી એવી એકમાત્ર અભિનેત્રી છે જેણે એક જ વર્ષે જુદી-જુદી બે કેટેગરીમાં ફિલ્મફેર એવોર્ડ મેળવ્યા છે.

૨૦૦૪માં મણિરત્નમની 'યુવા' ફિલ્મમાં તેણે શ્રેષ્ઠ અભિનેત્રીનો અને એ જ વર્ષે કુણાલ કોહલીની 'હમ તુમ' ફિલ્મ માટે તેને શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી અભિનેત્રી તરીકે પણ તેણે એવૉર્ડ મેળવ્યો હતો.એ જ રીતે તેને નેશનલ એવૉર્ડ ૨૦૨૩માં આવેલી ફિલ્મ 'મિસીસ ચેટર્જી વર્સીસ નોર્વે' ફિલ્મ માટે મળ્યો હત.. આઠ ફિલ્મફેર એવૉર્ડ, પાંચ વાર આઈફા એવૉર્ડ, સાત વાર સ્ક્રીન એવૉર્ડ, બે વાર સ્ટારડસ્ટ એવૉર્ડ, પાંચ વાર ઝી સિને એવૉર્ડસ મેળવનારી રાણી બોલિવૂડના પુરુષ અદાકારો વચ્ચે એકમાત્ર મર્દાની અદાકારા છે એમ કહીએ તો એમાં કાંઈ જ ખોટું નથી.રાણીએ તેની અભિનયની કારકિર્દીની માત્ર ૧૮ વર્ષની ઉંમરે બંગાળી ફિલ્મથી કરી હતી. એના દિગ્દર્શક તેનાં પિતા રામ મુખર્જી હતા. હિન્દીમાં તેની પહેલી ફિલ્મ અમજદ ખાનના પુત્ર શાદાબ ખાન સાથે હતી. 'રાજા કી આયેગી બારાત' ૧૯૯૬માં રિલીઝ થઈ હતી, પણ તે બોક્સ ઓફિસ પર જરાય ચાલી નહોતી.

જોકે, ૧૯૯૮માં આમિર ખાન સાથેની 'ગુલામ' અને શાહરુખ ખાન સાથેની 'કુછ કુછ હોતા હૈ'ને બોક્સઓફિસ પર જબરદસ્ત સફળતા મળ્યા પછી રાણીને કયારેય પાછું ફરીને જોવાની જરૂર નથી પડી. તેણે જે ફિલ્મો કરી છે, તેમાં તેણે અમિટ છાપ છોડી છે અને રાણીની મોટાભાગની ફિલ્મો બોક્સઓફિસ ગજાવતી રહી છે.

રાણીની સફળ ફિલ્મોની વાત કરીએ તો હેલો બ્રધર, બાદલ, હે રામ, હદ કર દી આપને, બિચ્છુ, ચોરી ચોરી ચૂપકે ચૂપકે, નાયકઃ ધ રિયલ હીરો, કભી ખુશી કભી ગમ, પ્યાર દિવાના હોતા હૈ, મુઝસે દોસ્તી કરોગે, સાથિયા, ચલતે ચલતે, કલ હો ના હો, યુવા, હમ તુમ, વીર ઝારા, બ્લેક, બંટી ઔર બબલી, કભી અલવિદા ના કહેના, મર્દાની, હિચકી, મર્દાની-ટુ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. રાણીએ બોલિવૂડની ખાન ત્રિપૂટી આમિર ખાન, સલમાન ખાન અને શાહરુખ ખાન તેમ જ સૈફ અલી ખાન સાથે સફળ ફિલ્મોમાં અભિનય કર્યો છે. જોકે, એક સમયે લગ્ન પછી તેની કેટલીક ફિલ્મો નિષ્ફળ પણ ગઈ હતી, પણ 'મર્દાની' ફિલ્મે તેને બોલિવૂડમાં ફરી સ્થાપિત કરી દીધી છે.

'મર્દાની-થ્રી' પછી રાણી શાહરુખ ખાન સાથે 'કિંગ'માં અને એ પછી તે 'ઓહ માય ગોડ' - સિરીઝની ત્રીજી ફિલ્મમાં દેખાશે. આ ફિલ્મની વિશેષતા એ છે કે આ ફિલ્મમાં પહેલી જ વાર રાણી અક્ષય કુમાર સાથે કોઈ ફિલ્મમાં આવી રહી છે. અક્ષય અને રાણી બંને સફળ કલાકાર હોવા છતાં બંનેએ સાથે ક્યારેય કામ કર્યું નથી. આમ 'ખિલાડી' અને 'મર્દાની' પહેલી જ વાર સાથે ચમકશે...

OTTનું હોટસ્પોટ

૨૪ જાન્યુઆરી-૩૧ જાન્યુઆરી દરમિયાન ટી-૨૦ અને અક્ષય કુમારના શોની બોલબાલા

ન્યૂ ઝીલેન્ડ સામેની વન-ડે સિરીઝ હારી ગયા પછી હવે ટી-૨૦ સિરીઝ શરૂ થઈ રહી છે. ૨૧, ૨૩, ૨૫, ૨૮ અને ૩૧ જાન્યુઆરીએ રમતગમતના ચાહકોને એ માણવાની મજા પડવાની છે. ત્યારે સોની લીવ અને સોની ટી.વી. પર ૨૭ જાન્યુઆરીથી અક્ષય કુમારના સંચાલન હેઠળ 'વ્હીલ ઓફ ફોર્ચ્યુન' નામનો કાર્યક્રમ શરૂ થઈ રહ્યો છે. દ્રશ્મ્ઝ કરતાં એકદમ અલગ જ ફોર્મેટ ધરાવનાર આ શો. 'કૌન બનેગા કરોડપતિ' નો ખાલીપો ભરી શકશે કે કેમ એ તો સમય જતાં જાણ થશે.

નેટફિલકસઃબોલિવૂડમાં સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મનો વિક્રમ નોંધાવનારી 'ધૂરંધર' ૩૦ જાન્યુઆરીએ આ ઓટીટી પ્લેટફોર્મ ગજાવવા આવી રહી છે. આદિત્ય ધર દિગ્દર્શિત આ ફિલ્મમાં રણવીર સિંહ, અક્ષય ખન્ના, સંજય દત્ત, અર્જુન રામપાલ, આર. માધવન, સારા અર્જુન, માનવ ગોહિલ અને રાકેશ બેદી છે.જિયો હોટસ્ટારઃ આ ઓટીટી પ્લેટફોર્મ પર શુક્રવાર, ૨૩ જાન્યુઆરીના દક્ષિણના સ્ટાર કિચ્ચા સુદીપને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી ફિલ્મ 'માર્ક' રજૂ થશે. આ સિવાય, ૨૩ જાન્યુ.એ જ વિજય વર્મા, ફાતિમા સના શેખ, નસીરુદ્દીન શાહ અભિનીત ફિલ્મ 'ગુસ્તાખ ઈશ્ક' રજૂ થશે અને આજે જ શ્રીયા સરન, ગોપાલ દત્ત, નકુલ મહેતા અભિનીત 'સ્પેશ જનરેશન' રજૂ થશે.સોમવારે ૨૬ જાન્યુઆરી નિમિત્તે દેશભક્તિની અનેક ફિલ્મો ઓટીટી પર રજૂ થશે.

મેટ્રોમાં સ્ટંટ કરવો વરુણ ધવનને ભારે પડ્યોઃ મુંબઈ મેટ્રોએ એક્શન હીરોને આપી કડક ચેતવણી

બોલીવુડનો લોકપ્રિય અભિનેતા વરુણ ધવન હાલમાં પોતાની લેટેસ્ટ ફિલ્મ 'બોર્ડર ૨' ની સફળતાના કારણે ચર્ચામાં છે, પરંતુ આ વખતે તે કોઈ ફિલ્મી સીન માટે નહીં પણ મેટ્રોમાં કરેલી એક ભૂલના કારણે હેડલાઈન્સમાં આવ્યો છે. તાજેતરમાં વરુણનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થયો છે, જેમાં તે મુંબઈ મેટ્રોની અંદર કસરત કરતો જોવા મળી રહ્યો છે. પોતાની ફિલ્મોમાં અદભૂત એક્શન કરનાર વરુણ માટે મેટ્રોના કોચમાં કરેલા આ 'પુલ-અપ્સ' હવે વિવાદનું કારણ બન્યા છે અને પ્રશાસને તેની સામે લાલ આંખ કરી છે.આ ઘટના શનિવારની હોવાનું કહેવાય છે, જ્યારે વરુણ ધવન મુંબઈના ભારે ટ્રાફિકથી બચવા માટે મેટ્રોમાં સફર કરી રહ્યો હતો. તે સમયે તેણે અન્ય મુસાફરોની હાજરીમાં મેટ્રોના લોખંડના હેન્ડલ પકડીને પુલ-અપ્સ કરવાનું શરૂ કર્યું હતું. આ વીડિયો સામે આવતા જ 'મુંબઈ મેટ્રો ઓપરેશન કોર્પોરેશન લિમિટેડ' (MMMOCL) એ તેને પોતાના સત્તાવાર એકાઉન્ટ પર શેર કરીને ચેતવણી આપી હતી. મેટ્રો પ્રશાસને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, આ હેન્ડલ્સ મુસાફરોની પકડ માટે છે, લટકવા કે કસરત કરવા માટે નહીં.મેટ્રો પ્રશાસને સોશિયલ મીડિયા પોસ્ટમાં વરુણને ટેગ કરીને જણાવ્યું કે, મેટ્રો રેલવે એક્ટ ૨૦૦૨ હેઠળ આવી હરકતો ગુનો ગણાય છે. આ નિયમ હેઠળ દંડ અને ગંભીર કિસ્સાઓમાં જેલની સજા પણ થઈ શકે છે. મેટ્રો પ્રશાસનની આ કડક સૂચના બાદ સોશિયલ મીડિયા યુઝર્સે પણ તંત્રની પ્રશંસા કરી છે. લોકોનું કહેવું છે કે સેલિબ્રિટી હોય કે સામાન્ય માણસ, જાહેર પરિવહનના નિયમો દરેક માટે સમાન હોવા જોઈએ. વરુણ ધવન જેવા યુથ આઈકોને આવી જવાબદારી વગરની હરકત ટાળવી જોઈએ તેવી ચર્ચાઓ પણ તેજ બની છે.જોકે, વરુણ ધવન માટે વ્યવસાયિક રીતે આ સમય ખૂબ જ સારો ચાલી રહ્યો છે. તેની ફિલ્મ 'બોર્ડર ૨' જે ૨૩ જાન્યુઆરીએ રિલીઝ થઈ છે, તે બોક્સ ઓફિસ પર ધમાકેદાર પ્રદર્શન કરી રહી છે. સની દેઓલ, દિલજીત દોસાંઝ અને અહાન શેટ્ટી જેવા સ્ટાર્સથી સજ્જ આ ફિલ્મ અત્યાર સુધીમાં ૧૪૦ કરોડથી વધુની કમાણી કરી ચૂકી છે. અનુરાગ સિંહ દ્વારા નિર્મિત આ ફિલ્મ ૧૯૯૭ની ક્લાસિક ફિલ્મ 'બોર્ડર'ની સિક્વલ છે, જેને દર્શકોનો ભરપૂર પ્રેમ મળી રહ્યો છે.

ગણતંત્ર દિવસ પર બોર્ડર ૨ એ આપી આ ચાર મોટી ફિલ્મોને પછડાટ જાણો કેટલા કરોડનો કર્યો વકરો

ગણતંત્ર દિવસ પર બોર્ડર ૨ ફિલ્મે તોતિંગ કમાણી કરી હતી. ઓપનિંગ ડે પર જ આ ફિલ્મે ટંકશાળ પાડી હતી અને રોજ નવા રેકોર્ડ બનાવી રહી છે. ગણતંત્ર દિવસ એટલે કે ૨૬ જાન્યુઆરીના રોજ ફિલ્મે ચાર મોટી ફિલ્મોને ધોબી પછડાટ આપી હતી. જોકે તેમ છતાં શાહરુખ ખાનની પઠાણને પછાડી શકી નહોતી.

રિપબ્લિક ડે પર કેટલું કર્યું કલેકશન

બોર્ડર ૨ ફિલ્મે ૨૬ જાન્યુઆરી એટલે કે રિપબ્લિક ડે પર ૫૯ કરોડનું કલેક્શન કર્યું હતું. જે તેના ત્રીજા દિવસના કલેકશન કરતાં ૮.૨૬ ટકા વધારે હતું. બોર્ડર ૨નું દેશભરમાં કુલ કલેકશન ૧૭૭ કરોડ રૂપિયા થઈ ગયું છે. જ્યારે ગ્રોસ કલેકશન ૨૧૨.૨ કરોડ રૂપિયા છે.

ગણતંત્ર દિવસ પર આ ફિલ્મોને રાખી પાછળ

બોર્ડર-૨ ફિલ્મએ ગણતંત્ર દિવસ પર કમાણી મામલે ચાર મોટી ફિલ્મોને ધોબી પછડાટ આપી હતી. જેમાં ફાઈટર, પદ્માવત, રઈસ અને અગ્નિપથ જેવી ફિલ્મો સામેલ છે. જોકે શાહરુખ ખાનની પઠાણને પછાડી શકી નહોતી. પઠાણ ફિલ્મે ગણતંત્ર દિવસ પર ૬૮ કરોડ રૂપિયાનો વકરો કર્યો હતો.

પઠાણઃ ૬૮ કરોડ (બીજો દિવસ)
બોર્ડર ૨ઃ ૫૬ કરોડ (ચોથો દિવસ)
ફાઈટરઃ ૩૯.૫૦ કરોડ (બીજો દિવસ)
પદ્માવતઃ ૩૨ કરોડ (બીજો દિવસ)
રઈસઃ ૨૬.૩૦ કરોડ (બીજો દિવસ)
અગ્નિપથઃ ૨૨.૮૦ કરોડ (પ્રથમ દિવસ)

બોર્ડર ૨નું વર્લ્ડવાઈડ કલેકશન

બોર્ડર ૨ ફિલ્મ વર્લ્ડવાઈડ ૨૩૯.૨ કરોડની કમાણી કરી લીધી છે. જેમાં ઓવરસીઝથી થયેલી ૨૭ કરોડની કમાણી પણ સામેલ છે.

કેટલા કરોડના ખર્ચે બનેલી છે ફિલ્મ

બોર્ડર ૨ ફિલ્મ ૨૭૫ કરોડના ખર્ચે બની છે. દેશભરના ૪૮૦૦ સ્ક્રીન્સ પર ૧૭૦૦૦ શો સાથે રજૂ થઈ છે. લોકોની માંગના કારણે કેટલાક શહેરમાં ફિલ્મના શો વધારવામાં આવ્યા છે. આ ફિલ્મમાં સની દેઓલ, વરૂણ ધવન, દિલજીત દોસાંજ અને અહાન શેટ્ટી લીડ રોલમાં છે. ફિલ્મનું ટ્રેલર અને ગીત આવ્યા બાદ તેને મિશ્ર પ્રતિભાવ સાંપડ્યો હતો. જેનું એક કારણે ૨૯ વર્ષ પહેલા આવેલી બોર્ડર ફિલ્મ હતી, લોકોએ આ ફિલ્મ સાથે તુલના કરતા બોર્ડર ૨ થોડી નબળી લાગતી હતી. પરંતુ રિલીઝ થતાં જ સ્ટોરી અને કલાકારોના અભિનેય દર્શકોનું દિલ જીતી લીધું હતું. અનેક જગ્યાએ લોકો ટ્રેકટર-ટ્રોલી ભરીને તથા ભારત માતા કી જયના નારા લગાવીને બોર્ડર ૨ ફિલ્મ જોવા થિયેટરમાં પહોંચ્યા હતા.

આમિર ખાને સુનિલ ગ્રોવરની મિમિક્રી સ્કીલના વખાણ કર્યા

કોમેડિયન સુનિલ ગ્રોવરે છેલ્લા કેટલાંક વર્ષમાં બોલિવૂડના અનેક જાણીતા કલાકારોની આબેહુબ મિમિક્રી કરીને લોકોને ભરપુર મનોરંજન પૂરું પાડ્યું છે. સલમાન ખાન, અમિતાભ બચ્ચન, શાહરુખ ખાન, અજય દેવગન, ગુલઝાર હોય કે પછી આમિર ખાન, તે દરેક કલાકારને આબેહુબ આત્મસાત કરી લે છે. તાજેતરમાં સુનિલે જ્યારે આમિરની નકલ કરી તો તેનાથી આમિર ખાન સહિત બધાં જ ખુબ પ્રભાવિત થયા હતા. તેના આ વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થયા હતા. પછી તો આમિરે તેની ફિલ્મ હેપ્પી પટેલના પ્રમોશનલ વીડિયોમાં પણ સુનિલ ગ્રોવરને સામેલ કર્યો હતો.

તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં આમિરે સુનિલના ખુબ વખાણ કર્યા છે. આમિરે સુનિલને ખુબ ટેલેન્ટેડ ગણાવ્યો હતો. આમિરે કહ્યું કે સુનિલ માત્ર મિમિક્રી જ નથી કરતો પરંતુ તે એક અદભુત કલાકાર પણ છે.

આમિરે કહ્યું, "તમને ખબર છે, આજકાલ મને આ પ્રશ્ન બહુ જ પૂછાય છે, પરંતુ મારે કહેવું જ પડશે કે સુનિલ ખુબ ટેલેન્ટેડ છે. મને એને જોવામાં ખુબ મજા આવે છે. એ માત્ર નકલ નથી કરતો, એ એક બહુ સારો અભિનેતા પણ છે. તે માત્ર તમારા હાવભાવ કે અવાજની નકલ કરીને અટકતો નથી, એ તેનાથી પણ ઘણા ડગલાં આગળ છે."

આમિરે આગળ કહ્યું, "એ સમજે છે કે તમે કઈ રીતે વિચારો છો અને કોઈ શબ્દો કે પરિસ્થિતિમાં તમે કેવો પ્રતિસાદ આપશો. તે એમાં ઘણો ઉંડો ઉતરે છે. મેં એને મને ભજવતો જોયો છો, એ સલમાન પણ ઘણો સારો ઠભજવે છે. તે ઘણા કલાકારોની મિમિક્રી ઘણી સારી રીતે કરી જાણ છે. એ ખુબ ટેલેન્ટેડ છે. એમાં પણ કપિલનો છેલ્લો શો, હું હસીને ગોટા વળી ગયેલો. એ ખરેખર અદભુત કલાકાર છે."

તાજેતરમાં ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોમાં કાર્તિક આર્યન અને અનન્યા પાંડે મહેમાન હતાં. ત્યારે એ એપિસોડમાં સુનિલ ગ્રોવર આમિર ખાન બનીને આવ્યો હતો અને આમિર પાપરાઝી સાથે કઈ રીતે વાતચીત કરે છે, તેની મિમિક્રી કરી હતી. તેણે આમિરની બોલવાની રીત, કપડાં અને ચાલવાની રીત સહિત બધું જ આબેહુબ કર્યું હતું. તેણે કાર્તિક સાથે લગ્ન બાબતે મજાક પણ કરી હતી.

ફિલ્મ્સની સક્સેસ બોક્સ ઓફિસની બહાર

એક સમય હતો જ્યારે બોલિવૂડ ફિલ્મનું ભવિષ્ય માત્ર એક જ દિવસે નક્કી થઈ જતું હતું: શુક્રવાર. ફિલ્મના ફર્સ્ટ ડે કલેક્શન પછી વીકએન્ડ ટ્રેન્ડ અને સોમવારના અંક જોઈને જ ટ્રેડ અને મીડિયા ફિલ્મને હિટ, ફ્લોપ કે ડિઝાસ્ટર જાહેર કરી દેતા. ફિલ્મ કેટલી ચાલી? એનો અર્થ સીધો કેટલા કરોડ કમાયા? એવો થતો, પરંતુ આજે હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રી એ તબક્કે આવી પહોંચી છે જ્યાં ફિલ્મનું જીવન શુક્રવારથી શરૂ થઈને ત્યાં જ પૂરું થતું નથી. ઘણી વખત તો ફિલ્મની સાચી જર્ની થિયેટરમાં નહીં, પરંતુ ઓટીટી પ્લેટફોર્મ પર શરૂ થાય છે. એટલે જ આજે હિટ ફિલ્મની વ્યાખ્યા પૂરી રીતે બદલાઈ રહી છે.

આ બદલાવ અચાનક આવ્યો નથી. કોરોના કાળ દરમિયાન જ્યારે થિયેટર્સ બંધ હતા, ત્યારે 'ગુલાબો સિતાબો', 'શકુંતલા દેવી', 'લુડો', 'શેરની' જેવી ફિલ્મ્સ સીધી ઓટીટી પર રિલીઝ થઈ. એ સમયે દર્શકો પાસે કોઈ બોક્સ ઓફિસ નંબર નહોતા, કોઈ ફર્સ્ટ ડે રિપોર્ટ નહોતા. ફિલ્મ માત્ર એની વાર્તા, અભિનય અને અનુભવ પરથી જ જોવાઈ. ત્યાંથી એક મહત્ત્વનો ફેરફાર શરૂ થયો. ચર્ચા કેટલું કમાયું પરથી ખસીને ફિલ્મ કેવી લાગી તરફ જવા લાગી. થિયેટર્સ ખુલ્યા પછી પણ આ આદત રહી ગઈ. હવે દર્શકો ફિલ્મને જજ કરવા માટે ઓટીટી વ્યૂઅરશિપ, રીવોચ વેલ્યુ, સોશ્યલ મીડિયા ચર્ચા અને સમય સાથે એ કેટલી યાદ રહે છે તેને પણ મહત્ત્વ આપે છે.

પાછલાં થોડાં વર્ષોમાં એવી ઘણી ફિલ્મ્સ આવી છે જે થિયેટરમાં ખાસ ચાલી નહીં, પરંતુ ઓટીટી પર આવીને નવી ઓળખ મેળવી ગઈ. 'લાલ સિંહ ચઢ્ઢા' એનું મોટું ઉદાહરણ છે. બહુ મોટી અપેક્ષાઓ સાથે રિલીઝ થયેલી આ ફિલ્મ થિયેટરમાં લાંબી ન ચાલી શકી અને ઝડપથી ફ્લોપ ગણાઈ ગઈ, પરંતુ ટ્વીકક્ષેટ પર આવ્યા પછી ઘણા દર્શકોએ ફિલ્મને શાંતિથી, પ્રેશર વગર જોઈ અને એની લાગણીસભર બાજુને સ્વીકારી. ભલે ફિલ્મ હિટ ન બની હોય, પરંતુ એ સાબિત થયું કે થિયેટરમાં નિષ્ફળતા એટલે દર્શકોનો સંપૂર્ણ ઇનકાર નહીં.

આ જ વાત 'વિક્રમ વેધા' સાથે પણ જોવા મળી. ફિલ્મને ઓપનિંગ સારું મળ્યું, પરંતુ જેટલી મોટી ફિલ્મ હતી એ પ્રમાણે બોક્સ ઓફિસ પર ટકી શકી નહીં. ઓટીટી પર આવ્યા પછી ફિલ્મના પર્ફોર્મન્સની ચર્ચા વધી. એ જ રીતે 'ભીડ', 'એન એક્શન હીરો' અને 'જયેશભાઈ જોરદાર' જેવી ફિલ્મ્સ થિયેટરમાં અસર ન કરી શકી, પરંતુ ઓટીટી પર આવ્યા પછી એમના વિષય અને પ્રયાસ માટે વાતો થઈ.

આવી બદલાતી પરિસ્થિતિમાં મધ્યમ બજેટ અને કન્ટેન્ટ આધારિત ફિલ્મ્સને ખાસ ફાયદો થયો છે. 'લાપતા લેડીઝ' થિયેટરમાં સામાન્ય રન પછી ઓટીટી પર આવી અને ધીમે ધીમે વર્ષની સૌથી વખાણેલી ફિલ્મ્સમાં સામેલ થઈ. એની સાદગી, પર્ફોર્મન્સ અને લાગણીસભર વાર્તાએ ઓટીટી દર્શકો સાથે કનેક્શન બનાવ્યું. આવી ફિલ્મ્સ થિયેટરમાં મોટા 'શો-શરાબા' વચ્ચે ઘણી વખત દબાઈ જાય છે, પરંતુ ઓટીટી પર એમને પોતાની જગ્યા મળે છે. 'કટહલ ' અને 'ઝ્વિગાટો' જેવી ફિલ્મ્સ પણ એ જ કેટેગરીમાં આવે છે.

આ બધાની સાથે ઇન્ડસ્ટ્રીની વિચારધારા પણ બદલાઈ છે. આજે મોટાભાગના પ્રોડ્યુસર ફિલ્મ રિલીઝ થાય એ પહેલાં જ ઓટીટી ડીલ ફાઇનલ કરી લે છે. મજબૂત ઓટીટી સેલ થિયેટરમાં થતી ખોટને કવર કરી શકે છે અથવા રિસ્ક ઘટાડે છે એટલે હવે માર્કેટિંગ પણ બદલાયું છે. 'શેરશાહ' ફિલ્મ સીધી ઓટીટી પર આવી અને દર્શકોએ તેની ચર્ચા કરી અને હિટ નીવડી ત્યારે તેનું એક ઓટીટી હિટ ફિલ્મની જેમ જ માર્કેટિંગ કરવામાં આવ્યું હતું.

સોશ્યલ મીડિયા એ બદલાવને વધુ તેજ બનાવે છે. ઓટીટી પર ટ્રેન્ડ થતી ફિલ્મ, ક્લિપ્સમાં ફરતી ફિલ્મ, રીલ્સમાં દેખાતી ફિલ્મ, ઘણી વખત બોક્સ ઓફિસ હિટ ફિલ્મ કરતાં વધુ હાજરી અનુભવે છે. "૧૨૨ હ્વ્ઠ્ઠ્ઠ્ર" એનું ઉત્તમ ઉદાહરણ છે. ફિલ્મે થિયેટરમાં ધીમે પરંતુ સ્થિર કમાણી કરી, પરંતુ સાચી સફળતા ત્યારે આવી જ્યારે દર્શકોએ પોતાની રીતે ફિલ્મને ભલામણ કરવી શરૂ કરી. ઓટીટી અને સોશ્યલ મીડિયાએ મળીને થિયેટર ફિલ્મને લાંબું જીવન આપ્યું.

આજે ઘણા લોકો ખાસ કરીને નાની, લાગણીસભર ફિલ્મ્સ માટે થિયેટર જવા કરતાં ઓટીટી રિલીઝની રાહ જુએ છે. જો ફિલ્મમાં મોટો સ્કેલ, એક્શન કે ઇવેન્ટ ફીલ ન હોય તો ઘરે આવી જશે એવી માનસિકતા વધી છે. એટલે જ મોટી મસાલા ફિલ્મ્સ થિયેટરમાં ચાલે છે, જ્યારે ડ્રામા અને સ્લાઈસ ઓફ લાઈફ ફિલ્મ્સ ઘણી વખત ઓટીટી પર દર્શકો શોધે છે. આજના સમયમાં ફિલ્મ થિયેટરમાં ફ્લોપ હોવા છતાં કુલ મળીને નફાકારક બની શકે છે. આ વિચાર દસ વર્ષ પહેલાં અકલ્પનીય હતો.

કેટલાક ફિલ્મમેકર્સ માને છે કે આ રીતે સિનેમાનો સામૂહિક અનુભવ ખોવાઈ રહ્યો છે, છતાં એ પણ સત્ય છે કે ઓટીટી એ ફિલ્મ્સને લાંબું જીવન આપ્યું છે અને વધુ લોકો સુધી પહોંચાડી છે. આ રીતે જુઓ તો શુક્રવારથી ઓટીટી સુધીનો પ્રવાસ માત્ર પ્લેટફોર્મનો બદલાવ નથી, પરંતુ વિચારધારાનો બદલાવ છે. અને ફિલ્મ ઇન્ડસ્ટ્રી, ઇચ્છા હોય કે ન હોય, આ બદલાયેલા અર્થ સાથે જીવવાનું શીખી ગઈ છે.

લાસ્ટ શોટ

આજની ટ્રેડ ભાષા બદલાઈ છે. હવે ઓટીટી હિટ, ડિજિટલ સક્સેસ, મોસ્ટ વોચ્ડ જેવા શબ્દો સામાન્ય બની ગયા છે.

ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાની ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ૧૦ વર્ષની યાદગાર ઇનિંગ્સ પૂર્ણ, સોશિયલ મીડિયા પર શેર કરી ભાવુક પોસ્ટ

૧૦ વર્ષની યાદગાર ઇનિંગ્સ પૂર્ણ

ભારતીય ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૧૦ વર્ષ પૂર્ણ કર્યા બાદ કહ્યું કે આ ફક્ત શરૂઆત છે અને તે ફક્ત તે માર્ગ પર આગળ વધી રહ્યો છે જેના પર તે ખરેખરમાં ચાલવા માંગે છે.

ઈન્સ્ટાગ્રામ પર હાર્દિકે લખ્યું, "આ સફરના ૧૦ વર્ષ, જ્યારે હું ૩૩ વર્ષનો થઈશ. મને જે રમત ખૂબ ગમે છે તે રમવી એક વાત છે, અને તેના દ્વારા મારા દેશની સેવા કરવી બીજી વાત છે. હું તમને બધાને પ્રેમ કરું છું, દરેક વસ્તુ માટે આભાર. ભગવાનનો આભાર, જે મુશ્કેલીઓ અને પડકારોએ મને અહીં સુધી પહોંચાડ્યો છે... ઘણા લોકોએ મને આપેલી તકો માટે... આ જીવન જીવવાની તક માટે."

"આ વર્ષે મને શીખવ્યું છે કે આ તો ફક્ત શરૂઆત છે. હું તે માર્ગ પર ચાલવાનું શરૂ કરી રહ્યો છું જેના પર ખરેખર ચાલવા માંગુ છું."

હાર્દિકે એમ પણ કહ્યું કે જો તે "એક યુવાન હાર્દિક હોત જે બરોડા માટે રમવા માટે થોડા વધારાના માઈલ દોડતો હતો - એક બેટ્સમેન જે નેટમાં એવા બોલરોને વધારાના બોલ ફેંકતો હતો જેમને બેટિંગ પ્રેક્ટિસ કરવાની તક મળતી ન હતી, ૧૯ વર્ષની ઉંમરે ઓલરાઉન્ડર બનવા, અને નોટિસ કરવું અને રિજેક્ટ થવા વિશે વિચારે- તો દેશ માટે રમવું એ મારા માટે સૌથી ફળદાયી સફર રહી છે."

" ભગવાને મારા માટે મોટો પ્લાન બનાવ્યો હતો, જ્યારે ૨૬ જાન્યુઆરીએ મને ડેબ્યૂ કરવાની મંજૂરી આપી." તેમણે કહ્યું, "હું આ રમતા-રમતા મોટો થયો છું, અને હું તેને રમતા-રમતા જ વૃદ્ધ થઈ જઈશ."

પોતાની શરૂઆતથી જ, હાર્દિકે ભારતની વાઈટ બોલની ક્રિકેટ સફળતામાં મુખ્ય ફાળો આપ્યો છે અને મેન ઇન બ્લુ સાથે ૨૦૨૪ T20 વર્લ્ડ કપ અને ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે. અને છેલ્લા કેટલાક વર્ષોમાં મુખ્ય મેચોમાં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન ૨૦૨૪ T20 વર્લ્ડ કપમાં આવ્યું હતું, જ્યાં તેણે ૬ ઇનિંગ્સમાં ૪૮.૦૦ની સરેરાશ અને ૧૫૧થી વધુના સ્ટ્રાઈક રેટથી ૧૪૪ રન બનાવ્યા હતા. તેણે ૧૭.૩૬ની સરેરાશથી ૧૧ વિકેટ લીધી, જેમાં તેનો શ્રેષ્ઠ સ્કોર ૩/૨૦ હતો. ફાઈનલમાં, તેણે છેલ્લી ઓવર ફેંકી અને ડેવિડ મિલરની મેચવિનિંગ વિકેટ લીધી, જેમાં સૂર્યકુમાર યાદવે શાનદાર કેચ પકડ્યો.

૯૪ વનડે મેચોમાં, તેણે ૬૮ ઇનિંગ્સમાં ૩૨.૮૨ની સરેરાશ અને ૧૧૦.૮૯ના સ્ટ્રાઈક રેટથી ૧,૯૦૪ રન બનાવ્યા છે, જેમાં ૧૧ ફિફ્ટી અને ૯૨★નો શ્રેષ્ઠ સ્કોર છે. તેણે ૩૫.૫૦ની સરેરાશથી ૯૧ વિકેટ પણ લીધી છે. જેમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન ૪/૨૪ છે. ૧૨૭ T20I મેચોમાં તેણે ૨૮.૫૪ની સરેરાશથી ૨,૦૨૭ રન, ૧૪૩થી વધુનો સ્ટ્રાઈક રેટ, સાત ફિફ્ટી અને ૭૧★નો બેસ્ટ સ્કોર બનાવ્યો છે.

ટેસ્ટ મેચોમાં, તેણે ૧૮ ઇનિંગ્સમાં ૩૧.૨૯ની સરેરાશથી ૫૩૨ રન બનાવ્યા છે, જેમાં એક સદી અને ચાર ફિફ્ટીનો શ્રેષ્ઠ સ્કોર છે. તેણે ૩૧.૦૫ની સરેરાશથી ૧૭ વિકેટ લીધી છે અને ૫/૨૮નો શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

U-19 વર્લ્ડકપ સુપર સિક્સમાં IND Vs ZIM

વૈભવ ગિલનો રેકોર્ડ તોડી શકે છે ; ઝિમ્બાવ્વે આજ સુધી ભારત સામે જીતી શક્યું નથી

અંડર-૧૯ વર્લ્ડ કપના સુપર સિક્સ સ્ટેજમાં આજે ભારત અને ઝિમ્બાબ્વેની ટીમો આમને-સામને થશે. મેચ બપોરે ૧ વાગ્યાથી બુલાવાયોના ક્વીન્સ સ્પોર્ટ્સ ક્લબમાં રમાશે. બંને ટીમો સુપર સિક્સના ગ્રુપ-૨માં સામેલ છે અને આ સ્ટેજની આ છઠ્ઠી મેચ હશે.

ભારતીય ટીમ જ્યાં ગ્રુપ સ્ટેજમાં શાનદાર પ્રદર્શન કરતા અમેરિકા, બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડને હરાવીને અજેય રહી, ત્યાં ઝિમ્બાબ્વેનો પ્રવાસ ઉતાર-ચઢાવ ભરેલો રહ્યો. તેને પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ સામે હારનો સામનો કરવો પડ્યો, જ્યારે સ્કોટલેન્ડ સામેની તેની પ્રથમ મેચ વરસાદને કારણે રદ થઈ ગઈ.

આ મેચમાં ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી ભારતીય કેપ્ટન શુભમન ગિલનો રેકોર્ડ તોડી શકે છે. વૈભવના યુથ વનડે કરિયરમાં અત્યાર સુધી ૧૦૮૭ રન છે અને તેની પાસે ભારતીય કેપ્ટન શુભમન ગિલના ૧૧૪૯ રનના રેકોર્ડને તોડવાની તક છે. જો વૈભવ આ મુકાબલામાં ૬૨ રન બનાવી લે છે, તો તે ગિલને પાછળ છોડી દેશે.

યુથ વનડે ક્રિકેટમાં ટીમ ઈન્ડિયા આજ સુધી ઝિમ્બાબ્વે સામે એક પણ મેચ હારી નથી. બંને ટીમો વચ્ચે અત્યાર સુધી કુલ ૬ મેચ રમાઈ છે અને તમામ ૬ મેચ ભારતે જીતી છે. ઝિમ્બાબ્વેને હજુ પણ તેની પ્રથમ જીતની રાહ છે, જ્યારે ભારત આ રેકોર્ડને વધુ મજબૂત કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

ટી૨૦ વર્લ્ડકપ: બાંગ્લાદેશ વિવાદ મામલે BCCIનું પ્રથમ પ્રતિક્રિયા, પાકિસ્તાનની ઝાટકણી કાઢી

ICCએ ટી૨૦ વર્લ્ડકપ ટુર્નામેન્ટમાંથી બાંગ્લાદેશની હકાલપટ્ટી કરી સ્કોટલેન્ડને સ્થાન આપ્યું છે. પાકિસ્તાન પણ બૉયકોટની ધમકી આપી રહ્યું છે. એવામાં સમગ્ર મામલે પહેલીવાર BCCI તરફથી મોટું નિવેદન આવ્યું છે. BCCIના ઉપપ્રમુખ રાજીવ શુક્લાએ કહ્યું છે કે, ભારત તો ઈચ્છતું હતું કે બાંગ્લાદેશ પણ ટુર્નામેન્ટ રમે, પણ પાકિસ્તાન તેને ગેરમાર્ગે લઈ ગયું.

રાજીવ શુક્લાએ કહ્યું છે કે, અમે તો ઈચ્છતા હતા કે બાંગ્લાદેશ પણ રમે. અમે તેમને કહ્યું હતું કે ભારતમાં તમારા ખેલાડીઓને પૂર્ણ સુરક્ષા આપવામાં આવશે. કોઈ સમસ્યા નહીં થાય. પરંતુ તેઓ કહેતા રહ્યા કે અમે નહીં જ રમીએ. રમીશું તો શ્રીલંકામાં જ રમીશું. આખો કાર્યક્રમ નક્કી થઈ જાય પછી છેલ્લી ઘડીએ ના બદલી શકાય. ત્યારે જઈને ICCએ સ્કોટલેન્ડને સામેલ કરવું પડ્યું. પાકિસ્તાન જ બાંગ્લાદેશને ગેરમાર્ગે લઈ ગયું. પાકિસ્તાન કારણ વગર આ વિવાદમાં ઝંપલાવે છે. બાંગ્લાદેશને ઉશ્કેરવામાં તેનો મોટો હાથ છે. આ ખોટું કહેવાય.

ICCએ ટી૨૦ વર્લ્ડકપમાંથી બાંગ્લાદેશની હકાલપટ્ટી કરતાં પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ સતત બાંગ્લાદેશના સમર્થનમાં ICCને ધમકી આપી રહ્યું છે. એવામાં પાકિસ્તાની મીડિયા અહેવાલોમાં દાવો કરાયો છે કે પાકિસ્તાન ભારત સાથેની મેચોનો બૉયકોટ કરી શકે છે. જોકે જો પાકિસ્તાન સમગ્ર ટુર્નામેન્ટનો જ બહિષ્કાર કરે તો ICC કડક કાર્યવાહી કરે તેવી શક્યતા છે. એવામાં હવે પાકિસ્તાન સરકાર તથા પાકિસ્તાની ક્રિકેટ બોર્ડ એવી ચર્ચા ચાલી રહી છે કે ટુર્નામેન્ટમાં ભારત સિવાયની જ મેચોમાં રમીએ. જો પાકિસ્તાન ભારત સાથેની મેચનો બહિષ્કાર કરે તો તેને બે પોઈન્ટનું નુકસાન થશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના પ્રમુખ મોહસિન નકવીએ કહ્યું છે કે અમે પાકિસ્તાનના વડાપ્રધાન શરીફ સાથે ચર્ચા વિચારણા બાદ નિર્ણયની જાહેરાત કરીશું.

ICCએ ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬માંથી બાંગ્લાદેશને બહાર કરવાનો આદેશ આપ્યો છે. ભારતમાં ન રમવાની જીદે ચઢેલા બાંગ્લાદેશને બદલે હવે સ્કોટલેન્ડ ટુર્નામેન્ટ રમશે. સ્કોટલેન્ડને ટુર્નામેન્ટમાં સામેલ કરવાની પુષ્ટિ પણ થઈ ગઈ છે. ICCએ બાંગ્લાદેશના ક્રિકેટ બોર્ડના આ અંગે પત્ર પણ લખ્યો છે. બાંગ્લાદેશની હકાલપટ્ટી બાદ હવે સ્કોટલેન્ડની ગ્રુપ-ઝમાં એન્ટ્રી થઈ છે. આ ગ્રુપમાં ઈંગ્લેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ, નેપાળ અને ઈટાલી સામેલ છે. નોંધનીય છે કે છેલ્લા ત્રણ સપ્તાહથી ICC અને બાંગ્લાદેશ વચ્ચે ખેંચતાણ ચાલી રહી હતી. બાંગ્લાદેશની જીદ હતી કે તેમની ટીમ ભારત નહીં આવે અને તેમની મેચો પાકિસ્તાનની જેમ શ્રીલંકામાં શિફ્ટ કરવામાં આવે. જોકે ICCએ સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે ટુર્નામેન્ટમાં રહેવું હોય તો ભારત આવીને જ રમવું પડશે. ICC બોર્ડની મીટિંગમાં પણ ૧૪-૨થી બાંગ્લાદેશની મેચો ભારતમાં જ કરાવવાનો નિર્ણય લેવાયો હતો. જોકે બાંગ્લાદેશનો દાવો હતો કે ભારતમાં તેમના ખેલાડીની સુરક્ષાનો ખતરો રહેશે.

બાંગ્લાદેશની વચગાળાની સરકારે સ્પષ્ટ કર્યું હતું કે ગમે તે ભોગે તેમની ટીમ ભારત તો નહીં જ આવે. નોંધનીય છે કે બાંગ્લાદેશ ભારત સાથે પંગો લઈ રહ્યું છે તે વિવાદનું મૂળ IPL સાથે જોડાયેલું છે. હાલમાં જ IPLમાંથી બાંગ્લાદેશના ખેલાડી મુસ્તફિઝુર રહેમાનની હકાલપટ્ટી કરવામાં આવી હતી. ત્યારથી જ બાંગ્લાદેશ રોષે ભરાયેલું હતું. બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ થઈ રહેલી હિંસાના કારણે IPLમાં બાંગ્લાદેશી ખેલાડીનો વિરોધ થયો હતો. ભારે આક્રોશ અને વિરોધના કારણે તેને IPLમાંથી રીલીઝ કરવામાં આવ્યો હતો.

BCCIના પૂર્વ અધ્યક્ષ આઈએસ બિન્દ્રાનું નિધન

૧૯૯૩-૯૬ સુધી BCCIના અધ્યક્ષ રહ્યા; ભારતને ક્રિકેટની ગ્લોબલ સુપરપાવર બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના પૂર્વ અધ્યક્ષ ઈન્દ્રજીત સિંહ બિન્દ્રાનું રવિવારે નવી દિલ્હીમાં નિધન થયું. તેઓ ૮૪ વર્ષના હતા. બિન્દ્રા માત્ર એક પ્રશાસક જ નહીં, પરંતુ ભારતીય ક્રિકેટના એ સમયના વ્યૂહરચનાકાર હતા જ્યારે ક્રિકેટની દુનિયા પર ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાનું પ્રભુત્વ હતું. તેમણે માત્ર મોહાલીને વિશ્વના શ્રેષ્ઠ ક્રિકેટ સ્થળ તરીકે ઓળખાવી જ નહીં, પરંતુ ભારતમાં વર્લ્ડ કપ લાવવામાં પણ મોટી ભૂમિકા ભજવી.

બિન્દ્રાનો ક્રિકેટ પ્રશાસનમાં પ્રવાસ ઘણો લાંબો રહ્યો. તેઓ ૧૯૯૩ થી ૧૯૯૬ સુધી BCCIના અધ્યક્ષ રહ્યા. જોકે, પંજાબ ક્રિકેટ એસોસિએશન (PCA) પર તેમની પકડ અજોડ હતી. તેઓ ૧૯૭૮થી ૨૦૧૪ સુધી, એટલે કે સતત ૩૬ વર્ષ સુધી PCAના ચીફ રહ્યા. મોહાલીનું શાનદાર સ્ટેડિયમ તેમની જ દેન છે, જેને પાછળથી તેમના સન્માનમાં 'આઈ.એસ. બિન્દ્રા સ્ટેડિયમ' નામ આપવામાં આવ્યું. આ જ મેદાન પર ૨૦૧૧ વર્લ્ડ કપની તે ઐતિહાસિક સેમિફાઈનલ

રમાઈ હતી, જેમાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું.

૧૯૮૦ના દાયકા સુધી વર્લ્ડ કપ ફક્ત ઈંગ્લેન્ડમાં જ યોજાતો હતો. બિન્દ્રાએ એનકેપી સાલ્વે અને જગમોહન દાલમિયા સાથે મળીને આ પરંપરા તોડી. આ ત્રણેયના પ્રયાસોથી જ ૧૯૮૭માં પ્રથમ વખત વર્લ્ડ કપ ઈંગ્લેન્ડની બહાર ભારત અને પાકિસ્તાનમાં આયોજિત થયો. તેમણે ભારત, પાકિસ્તાન અને શ્રીલંકા જેવા એશિયન દેશોને એક કર્યા જેથી ક્રિકેટનું પાવર સેન્ટર એશિયા તરફ શિફ્ટ થઈ શકે.

બિન્દ્રા એક કુશળ રાજદ્વારી અને અમલદાર પણ હતા. પૂર્વ ભારતીય ટીમના મેનેજર અમૃત માથુરના મતે, ૧૯૮૬માં જ્યારે ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો હતો અને ઓસ્ટ્રેલિયા-ઈંગ્લેન્ડ સુરક્ષા કારણોસર અહીં રમવા તૈયાર નહોતા, ત્યારે બિન્દ્રાએ જ રસ્તો કાઢ્યો હતો. તેમણે પાકિસ્તાનના તત્કાલીન સૈન્ય તાનાશાહ જનરલ ઝિયા-ઉલ-હકને ભારત પ્રવાસે આવવાનું સૂચન કર્યું હતું, જેથી માહોલ શાંત થાય અને વર્લ્ડ કપનો માર્ગ મોકળો થઈ શકે.

મુંબઈ ઈન્ડિયન્સે RCB ને ૧૫ રનથી હરાવ્યું, નેટ શીવર - બ્રન્ટે WPL ની પ્રથમ સદી ફટકારીને ઇતિહાસ રચ્યો

મુંબઈ ઈન્ડિયન્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ને ૧૫ રનથી હરાવ્યું. સોમવારે વડોદરામાં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતા મુંબઈએ નેટ શીવર બ્રન્ટની અણનમ સદી અને હેલી મેથ્યુઝની અડધી સદીની મદદથી ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૧૯૯ રન બનાવ્યા. જવાબમાં, RCB નિર્ધારિત ઓવરમાં નવ વિકેટે ૧૮૪ રન જ બનાવી શક્યું. તેમના તરફથી રિચા ઘોષે સૌથી વધુ ૯૦ રન બનાવ્યા.

ટોસ પછી પ્રથમ બેટિંગ કરતા, મુંબઈ ઈન્ડિયન્સે મજબૂત અને સંતુલિત ઈનિંગ રમી, ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૧૯૯ રન બનાવ્યા. શરૂઆતની વિકેટ ગુમાવ્યા બાદ, હેલી મેથ્યુઝ અને નેટ શીવર બ્રન્ટે ઈનિંગની કમાન સંભાળી અને તેને આક્રમક રીતે આગળ ધપાવી. બંનેએ બીજી વિકેટ માટે ૧૩૧ રનની શાનદાર ભાગીદારી કરી, જેનાથી મુંબઈ મોટા સ્કોર તરફ આગળ વધ્યું.

હેલી મેથ્યુઝે ૩૯ બોલમાં ૯ ચોગ્ગાની મદદથી ૫૬ રન બનાવ્યા, જ્યારે બ્રન્ટે સમગ્ર મેચ દરમિયાન પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું, અણનમ રહી અને સદી ફટકારી. મુંબઈએ છેલ્લી ઓવરોમાં રન રેટ જાળવી રાખ્યો અને RCB બોલરોને વાપસી કરવાની તક આપી નહીં. RCB માટે લોરેન બેલ સૌથી સફળ બોલર રહી, તેણે બે વિકેટ લીધી.

નેટ શીવર બ્રન્ટે મહિલા પ્રીમિયર લીગમાં પ્રથમ સદી ફટકારીને ઇતિહાસ રચ્યો. તેણીએ વડોદરામાં RCB સામે ૫૭ બોલમાં અણનમ ૧૦૦ રન બનાવ્યા, જેમાં ૧૬ ચોગ્ગા અને ૧ છગ્ગા ફટકાર્યા. આ ઈનિંગ સાથે, તે WPL ઇતિહાસમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોરની યાદીમાં ટોચ પર પહોંચી ગઈ.

તેની પહેલા, જ્યોર્જિયા વોલ (૯૯), સોફી ડિવાઇન (૯૯), એલિસા હીલી (૯૬), બેથ મૂની (૯૬) અને સ્મૃતિ મંધાના (૯૬) જેવા મોટા નામો સદી ચૂકી ગયા હતા, પરંતુ બ્રન્ટે આ સિદ્ધિ હાંસલ કરીને મહિલા પ્રીમિયર લીગમાં એક નવો રેકોર્ડ બનાવ્યો.

...પરંતુ સૂર્યકુમાર યાદવના ફોર્મમાં પાછા ફરવાથી રાહત મળી

વિશાખાપટ્ટનમ : ટી૨૦ વર્લ્ડ કપ પહેલા ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવનું ફોર્મમાં વાપસી ટીમ ઈન્ડિયા માટે મોટી રાહત છે. સતત બે અડધી સદી ફટકારીને, તેણે માત્ર પોતાની ખરાબ રમત જ દૂર કરી નથી, પરંતુ ટીમ મેનેજમેન્ટની ચિંતાઓ પણ હળવી કરી છે.

ગુવાહાટીમાં ભારતે ૧૫૪ રનનો લક્ષ્યાંક ૧૦ ઓવરમાં પ્રાપ્ત કર્યા પછી ન્યુઝીલેન્ડના ડેરિલ મિશેલનો સૂર્યકુમાર યાદવના બેટ પર મજાક કરતો દેખાવ તેમના ફોર્મનો પુરાવો હતો. તે મેચમાં સૂર્યકુમાર યાદવે ૨૬ બોલમાં ૫૭ રન બનાવ્યા હતા. આ પહેલા તેમણે રાયપુરમાં ૩૭ બોલમાં ૮૨ રન બનાવ્યા હતા. આ તેમની સતત બીજી અડધી સદી હતી.

રાયપુરમાં તે ઇનિંગનું મહત્વ સમજાવતા દિગ્ગજ ક્રિકેટર સુનિલ ગાવસ્કરે કહ્યું, 'તેનાથી તેને જરૂરી આત્મવિશ્વાસ મળ્યો. તે ફોર્મનો અભાવ નહોતો, તે રનનો અભાવ હતો. તે નેટમાં ખૂબ સારી બેટિંગ કરી રહ્યો હતો. તેને ત્યાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો ન હતો. પરંતુ મેચમાં તે તેના માટે કામ કરી રહ્યું ન હતું. ક્યારેક, આગળ વધવા માટે થોડું નસીબની જરૂર પડે છે. આ વખતે, તેને કોઈ નસીબની જરૂર નહોતી.'

તે પહેલાં, પરિસ્થિતિ ચિંતાજનક હતી. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૪ થી ૨૩ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી, સૂર્યકુમાર યાદવ ૨૩ ઇનિંગ્સમાં એક પણ અડધી સદી ફટકારવામાં નિષ્ફળ ગયો, અને આ સમયગાળા દરમિયાન, ૧૫ વખત તેને પ્રથમ ૧૦ બોલમાં જ ઝડપી બોલરો દ્વારા આઉટ કરવામાં આવ્યો, જેના કારણે તેના ફોર્મ પર પ્રશ્નો ઉભા થયા.

ભૂતપૂર્વ ભારતીય ઓપનર આકાશ ચોપરાના મતે, સૂર્યકુમાર સમજી ગયો છે કે રન બનાવવા માટે ક્રીઝ પર સમય વિતાવવો પડે છે અને દરેક બોલ પર મોટો શોટ ન મારવો પડે છે. તેણે મેદાનમાં વધુ શોટ રમવાની અને વધારે તકો ન લેવાની જરૂર છે.

નવસારી મહાનગર પાલિકા ખાતે ૭૭મા પ્રજાસત્તાક દિવસની ગૌરવભરી ઉજવણી

વિકાસ કામોમાં યોગદાન આપનાર મહાનુભવોનું સન્માન કરાયું

નવસારી, તા.૨૭

નવસારી મહાનગરપાલિકા દ્વારા ગતરોજ નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય કચેરી ખાતે ૭૭મા ગણતંત્ર દિવસની ગૌરવભરી ઉજવણી કરવામાં આવી હતી. પ્રજાસત્તાક દિવસની ઉજવણીની શરૂઆત મહાનુભાવોની પ્રતિમાઓને સૂત્રમાળા અર્પણ કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ ફુવારા ખાતેથી શરૂ થઈ ટાવર રોડ માર્ગે પસાર થઈ નવસારી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે સમાપ્ત થતી પ્રભાત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ શાળાઓ દ્વારા દેશભક્તિ આધારિત કૃતિઓ રજૂ કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રેલી બાદ માનનીય મ્યુનિસિપલ કમિશનર શ્રીના અધ્યક્ષસ્થાને ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી તથા રાષ્ટ્રગાન સાથે દેશપ્રેમની ભાવના પ્રગટ કરવામાં આવી હતી.

ત્યારબાદ માનનીય કમિશનરશ્રી દ્વારા નવસારી મહાનગરપાલિકાની છેલ્લા એક વર્ષની વિકાસ ગાથા અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી તેમજ આવનારા સમયમાં હાથ ધરાનાર વિકાસકામોની રોડમેપ અંગે પોતાનું દૃષ્ટિકોણ રજૂ કરવામાં આવ્યું હતું. સરકારશ્રીના માર્ગદર્શન હેઠળ નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં જાહેર જનતાની સુખાકારી માટે કરવામાં આવતાં વિવિધ વિકાસકાર્યો અંગે પણ તેમણે ચર્ચા કરી હતી. કાર્યક્રમના અંતે નવસારી શહેર વિસ્તારમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ખેલ, કલા, શિક્ષણ તથા વિજ્ઞાન ક્ષેત્રે પોતાનું વિશિષ્ટ યોગદાન આપનાર તેમજ નવસારી શહેરને ગૌરવ અપાવનાર વિદ્યાર્થીઓ અને અન્ય જાહેર જનતાને સન્માનપત્રો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ અધિકારીઓ, કર્મચારીઓ તથા ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં રાષ્ટ્રીય એકતા, સંવિધાનિક મૂલ્યો અને સ્વચ્છ તથા સમૃદ્ધ નવસારીના સંકલ્પ સાથે ભવ્ય રીતે સંપન્ન થયો હતો.

ભુજના મુખ્ય ઈદગાહ ખાતે ગણતંત્ર દિવસે ધ્વજ વંદન

સુરત, તા.૨૭

ભુજ શહેરની ઐતિહાસિક મુખ્ય ઈદગાહ ખાતે ૨૬ જાન્યુઆરી — ભારતના ગણતંત્ર દિવસના પાવન અવસરે ધ્વજ વંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ધ્વજ વંદન સાથે કરવામાં આવી, ત્યારબાદ રાષ્ટ્રગાન ગવાયું. આ પ્રસંગે શહેરના આગેવાનો, સમાજના જવાબદાર વ્યક્તિઓ, યુવાનો તેમજ મોટી સંખ્યામાં નાગરિકોએ હાજરી આપી હતી. વક્તાઓએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ભારત દેશ વિવિધતા વચ્ચે એકતાનું ઉત્તમ ઉદાહરણ છે અને આપણું બંધારણ તમામ નાગરિકોને સમાન અધિકાર અને સ્વતંત્રતા આપે છે. ગણતંત્ર દિવસ આપણને દેશપ્રેમ, એકતા અને ભાઈચારાનો સંદેશ આપે છે. કાર્યક્રમ શાંતિપૂર્ણ અને ઉત્સાહભેર સંપન્ન થયો હતો. અંતે દેશની પ્રગતિ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી.

વીટી ચોક્સી લો કોલેજ ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી

એડવોકેટ શ્રેયસ દેસાઈના હસ્તે તિરંગો લહેરાવાયો

સુરત, તા.૨૭

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ ખાતે ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૭૭મા પ્રજાસત્તાક પર્વની ગરિમાપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે એડવોકેટ શ્રી શ્રેયસ દેસાઈ (ચેરમેન, એડમિનિસ્ટ્રેટિવ કમિટી, વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરત) ની ગૌરવવંતી ઉપસ્થિતિ રહી હતી. ડૉ. ઈરમાલા દયાલ (ઈન્ચાર્જ આચાર્ય, વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરત) ના સંકલન હેઠળ કોલેજના ઈન્ટરનલ ક્વોલિટી એશ્યોરન્સ સેલ તથા સાંસ્કૃતિક સમિતિ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે મુખ્ય અતિથિ એડવોકેટ શ્રી શ્રેયસ દેસાઈ ના હસ્તે ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સન્માનપૂર્વક સલામી આપવામાં આવી હતી. પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં શ્રી શ્રેયસ દેસાઈએ વિદ્યાર્થીઓને વર્તમાન સમયમાં આત્મનિર્ભર બનવા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે શિક્ષણની સાથોસાથ તેની સાથે સંકળાયેલા વાતાવરણના મહત્વ વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઈ.સ. ૧૯૩૫થી કાર્યરત આ પ્રતિષ્ઠિત સંસ્થાના પ્રાંગણમાં આયોજિત આ સમારોહમાં વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતોની પ્રસ્તુતિ કરી હતી. આ ઉજવણીમાં કોલેજ પ્રાંગણની તમામ સંસ્થાઓના અગ્રણીઓ, જેમાં વી.ટી. ચોક્સી સાર્વજનિક લો કોલેજના ઈન્ચાર્જ આચાર્યા ડૉ. ઈરમાલા દયાલ, વી.ટી. ચોક્સી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશનના આચાર્યા ડૉ. પત્રલેખા એ. બરાડ, એસ.પી.બી. ઈંગ્લિશ મીડિયમ કોલેજ ઓફ કોમર્સના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ એન. પંડ્યા, સાર્વજનિક લો કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ભદ્રેશ એ. દલાલ તેમજ બી.આર.સી.એમ. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના આચાર્ય ડૉ. જયેશ એન. દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ કોલેજોના શૈક્ષણિક સ્ટાફ, વહીવટી સ્ટાફ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓની ગરિમામય હાજરીએ રાષ્ટ્રીય પર્વના આ અવસરને દીપાવ્યો હતો.

શાળા ક્રમાંક ૧૯૧ અને ૧૯૩માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી

સુરત, તા.૨૭

ઉર્દૂ શાળા નંબર ૧૯૧ તથા ગુજરાતી શાળા નંબર ૧૯૩ દ્વારા સંયુક્ત ઉપક્રમે આયોજિત ઝંડા સલામી નું કાર્યક્રમ ૨૬/૧/૨૦૨૬ ના સોમવારે સવારે ૮/૩૦ કલાકે સામાજિક કાર્યકર નિસાર ભાઈ લાઈટવાળા ના વરદહસ્તે રાખવામાં આવ્યું હતું જેમાં મુખ્ય મહેમાન તરીકે અસલમભાઈ સાયકલ વાળા માજી કોર્પેટર સુરત શહેર રોશનભાઈ મંડપ વાળા અફસર ભાઈ પલંબર રહેમત ભાઈ અખ્તર એન શેખ અને મહિલા અને બાળમિત્ર ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ શફીભાઈ શેખ હાજર રહ્યા હતા કાર્યક્રમ ને સફળ બનાવવામાં આચાર્ય શ્રી રાજેશભાઈ શાળાના શિક્ષક ભાઈ બહેનો ખૂબ જહેમ ઉઠાવી હતી.

ગટ્ટુ વિદ્યાલય ખાતે ગણતંત્ર દિનની દેશ ભક્તિથી છલકાતી ઉજવણી

ધ્વજવંદન બાદ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

અંકલેશ્વર, તા.૨૭

અંકલેશ્વર સ્થિત શ્રી ગટ્ટુ વિદ્યાલય ખાતે ૨૬ જાન્યુઆરીના રોજ ભારતના ગણતંત્ર દિવસની ઉજવણી દેશપ્રેમ, ગૌરવ અને ઉત્સાહના ભાવથી ઓતપ્રોત માહોલમાં કરવામાં આવી હતી. રાષ્ટ્રધ્વજની શાનદાર ફરક સાથે સમગ્ર શાળા પરિસર "વંદે માતરમ" અને "જય હિંદ"ના ગુંજનથી ગૂંજી ઉઠ્યો હતો.

આ ગૌરવસભર પ્રસંગે શાળાના ગૌરવરૂપ ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા લગુ ઉદ્યોગ ભારતી, ભરૂચના જનરલ સેક્રેટરી શ્રી વિશિત પટેલ અને શ્રીમતી દિવ્યા પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે અંકલેશ્વર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ સોસાયટીના માન. સંયુક્ત સચિવ તથા શાળાના સહ-સંયોજક શ્રી સુભાષ પટેલ, સ્ટેટ બોર્ડ પ્રિન્સિપાલ શ્રીમતી સુષ્મા ચૌધરી, ઉપપ્રિન્સિપાલ શ્રીમતી અંજલી પટેલ, સીબીએસઈ પ્રિન્સિપાલ શ્રીમતી મિશેલ ગણેશાણી તથા ઉપપ્રિન્સિપાલ શ્રીમતી સુચેતા રાયની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભા વધારી હતી.

મુખ્ય અતિથિ શ્રી વિશિત પટેલે પોતાના હૃદયસ્પર્શી સંબોધનમાં વિદ્યાર્થી જીવનની યાદોને ભાવુકતાપૂર્વક યાદ કરતાં જણાવ્યું હતું કે શ્રી ગટ્ટુ વિદ્યાલય માત્ર એક શૈક્ષણિક સંસ્થા નથી, પરંતુ સંસ્કાર, શિસ્ત અને વ્યક્તિત્વ ઘડતરનું પવિત્ર મંદિર છે.

આ અવસરે શ્રી સુભાષ પટેલે પોતાના સંબોધનમાં શાળા ટીમ અને માતા-પિતાની સક્રિય ભાગીદારી દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે લેવામાં આવતા સતત પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે ખાસ નોંધ લેતા જણાવ્યું હતું કે શ્રી ગટ્ટુ વિદ્યાલય ખાતે શરૂ કરાયેલા કેમ્બ્રિજ મોન્ટેસોરી પ્રી-પ્રાઇમરી વર્ગો સમગ્ર ભરૂચ જિલ્લામાં પ્રથમ અને એકમાત્ર એવા છે, જે શાળાની ગુણવત્તાસભર અને આગવી શિક્ષણ દૃષ્ટિનું પ્રતિબિંબ છે.

ઉજવણી અંતર્ગત શાળાના વિવિધ હાઉસ દ્વારા શિસ્તબદ્ધ અને આકર્ષક માર્ચપાસ્ટ રજૂ કરવામાં આવ્યો હતો. દેશભક્તિ ગીતો, મનોહર નૃત્યો અને ઊર્જાસભર સાંસ્કૃતિક કાર્યક્રમોએ ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા અને રાષ્ટ્રપ્રેમની લાગણીને નવી ઉંચાઈએ પહોંચાડી હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થી ધ્રુવકુમાર સાન્યાલને નેશનલ શોટોકાન કરાટે ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવા બદલ વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું. આવનારી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં દેશનું પ્રતિનિધિત્વ કરનાર ધ્રુવકુમાર શાળાના દરેક વિદ્યાર્થી માટે પ્રેરણાસ્રોત બની રહ્યો છે. કાર્યક્રમનું સમાપન સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતી ઉષ્માભરી વોટ ઓફ થેન્ક્સ સાથે કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર આયોજન ટીમના પ્રયત્નોને બિરદાવવામાં આવ્યા હતા.

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના સરા ગામે પ્રજાસતાક પર્વની ભવ્ય ઉજવણી દરમિયાન જેમાં સરા ગામની દીકરી ને સન્માન પત્ર આપ્યું છે. દીકરીની સલામ દેશને નામ ચિ. વ્હાલી દીકરી દર્શના બેન દિનેશ ભાઈ ચૌધરી. આજનો ૭૭ગણતંત્ર દિવસ આપના માટે તથા આપના પરિવાર માટે તથા ગમજનો માટે આનંદ નો દિવસ પ્રજાસતાક દિન પર્વ ની ઉજવણી હોઈ આ દીકરી અન્ય દીકરી માટે દિવા દાંડી સમાન આપને સન્મામતા શાળા પરિવાર. શાળા વિયસ્થાપક સમિતિ તેમજ શાળા ગમજનો અને સમસ્ત શાળા પરિવાર તરફથી હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

અલથાણ ખાતે ખોડીયાર જન્મ જયંતિની ઉજવણી

રબારી સમાજ દ્વારા ભંડારો અને ભજન કિર્તનનું આયોજન કરાયું

સુરત, તા. ૨૭

ભટાર રોડ ખોડીયારનગર ખાતે આવેલી આઈશ્રી ખોડીયાર માતાજીની ગઈકાલ તા.૨૬ જાન્યુઆરીના રોજ જન્મ જયંતિ ઉજવવામાં આવી હતી. અલથાણ-ભટાર રોડ પર આવેલા આ મંદિરની સ્થાપના ૪૧ વર્ષ પહેલા કરવામાં આવી હતી. રબારી તળજાભાઇ દેવજીભાઈને આઇ ખોડીયાર સ્વપ્નમાં આવ્યા હતા અને તેમણે અહીં મારો વાસ હોવાનું જણાવ્યું હતું. દરમિયાન રબારી બંધુઓએ ભેગા થઈ આસ્થા સાથે અલથાણ ખાતે મંદિર બનાવ્યું હતું. મુળ પાટણ જિલ્લાના શિયોલ ગામ ખાતે રહેતા રબારી સમુદાયનાં લોકો અલથાણ ખાતે પણ વર્ષોથી રહે છે. દરમિયાન દર વર્ષે ખોડીયાર માતાની સાલગીરી ઉજવવામાં આવે છે. ગઇકાલે જન્મ જયંતિ નિમિત્તે ભંડારો, ભજન-કિર્તનના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

AIDS સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ગણતંત્ર દિવસની ઉજવણી કરાઈ

રમત-ગમત ખેલભાવના મૂલ્યોનું સિંચન કરે છે : પારસ પટેલ

અંકલેશ્વર, તા.૨૭

અંકલેશ્વર સ્થિત AIDS સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૨૬ જાન્યુઆરીના રોજ ભારતના ગણતંત્ર દિવસની ઉજવણી દેશપ્રેમ, શિસ્ત અને ખેલભાવનાના ઉદ્ગાર સાથે અત્યંત ગૌરવસભર અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. રાષ્ટ્રધ્વજ ફરકાવતાં જ સમગ્ર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ "જય હિંદ" અને "વંદે માતરમ"ના ગગનભેદી નાદથી ગુંજીત થઈ ઉઠ્યો હતો.

આ ગૌરવપૂર્ણ કાર્યક્રમમાં AIDS સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ મેનેજમેન્ટ કમિટીના સભ્ય શ્રી પારસ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના એડમિનિસ્ટ્રેટર શ્રી કૃષ્ણ મહારૌલ તથા આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટર શ્રી સ્મિત પટેલની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ ગૌરવસભર બનાવ્યો હતો.

મુખ્ય અતિથિ શ્રી પારસ પટેલે પોતાના પ્રેરણાદાયક સંબોધનમાં જણાવ્યું હતું કે રમતગમત માત્ર શારીરિક તંદુરસ્તી પૂરતી સીમિત નથી, પરંતુ તે શિસ્ત, સમર્પણ, ટીમ સ્પિરિટ અને ખેલભાવના જેવા જીવનમૂલ્યોનું સંસ્કાર આપનાર શક્તિશાળી માધ્યમ છે.

આ અવસરે શ્રી કૃષ્ણ મહારૌલે જણાવ્યું હતું કે AIDS સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માત્ર રમતગમતની સુવિધાઓ પૂરાં પાડતું કેન્દ્ર નથી, પરંતુ વરિષ્ઠ નાગરિકોના આશીર્વાદ, કોચેસના માર્ગદર્શન અને યુવા ખેલાડીઓના ઉત્સાહથી દેશપ્રેમ, શિસ્ત અને સર્વાંગી વ્યક્તિત્વ વિકાસને પોષતું જીવંત મંચ છે. તેમણે યુવા ખેલાડીઓને રમતગમતને જીવનનો અભિન્ન ભાગ બનાવી સ્વસ્થ ભારત અને સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં સક્રિય યોગદાન આપવા અપીલ કરી હતી. શ્રી સ્મિત પટેલે પણ યુવા ખેલાડીઓને નિયમિત તાલીમ, અનુશાસન અને સકારાત્મક દૃષ્ટિકોણ સાથે આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

ગણતંત્ર દિવસની ઉજવણી દરમિયાન ખેલાડીઓ, કોચેસ, વરિષ્ઠ નાગરિકો તથા ઉપસ્થિત સૌએ રાષ્ટ્રધ્વજને સલામી આપી દેશપ્રેમ અને બંધારણીય મૂલ્યો પ્રત્યે પોતાની નિષ્ઠા પુનઃદ્રઢ કરી હતી. યુવા ખેલાડીઓની શિસ્તબદ્ધ ઉપસ્થિતિ અને વરિષ્ઠ નાગરિકોના ઉત્સાહભર્યા સમર્થનથી સમગ્ર કાર્યક્રમ ગૌરવસભર ઊંચાઈએ પહોંચ્યો હતો.

કાર્યક્રમનું સમાપન સૌનો આભાર વ્યક્ત કરતી ઉષ્માભરી વોટ ઓફ થેન્ક્સ સાથે કરવામાં આવ્યું હતું, જેમાં કાર્યક્રમના આયોજન અને સફળ અમલીકરણ માટે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની મેનેજમેન્ટ ટીમ, કોચેસ, વરિષ્ઠ નાગરિકો અને યુવા ખેલાડીઓના સહયોગને વિશેષ રીતે બિરદાવવામાં આવ્યો હતો.

આરએમપીએસ ઇન્ટરનેશનલ સ્કૂલમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરાઈ

અંકલેશ્વર, તા.૨૭

આર.એમ.પી.એસ. ઈન્ટરનેશનલ સ્કૂલમાં પ્રજાસત્તાક દિનની ખૂબ જ ઉત્સાહ અને દેશભક્તિના ઉત્સાહ સાથે ઉજવણી કરી. શાળાએ માનનીય ટ્રસ્ટીઓ શ્રી રાકેશ જૈન, શ્રી મહાવીર જૈન, શ્રી પિકાશ સોલંકી, ડાયરેક્ટર અને પ્રિન્સિપાલ શ્રી મેલરોય મેકડોનાલ્ડ,ઓપરેશન હેડ શ્રી દર્શન જૈન, ફ્લાઈંગ કિડ્સના પ્રિન્સિપલ શ્રી અર્ચના નેગી પટેલ, શ્રી જીતેન્દ્ર જૈન અને અન્ય મહાનુભાવોનું તિલક કરી તેમજ બેચ લગાવી NCCના વિધ્યાર્થીઓ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.. આ કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીત સાથે ધ્વજ લહેરાવીને કરવામાં આવી, જેનાથી બધા ઉપસ્થિતોમાં ગર્વ અને એકતાની ભાવના જાગી. NCC કેડેટ્સની આગેવાની હેઠળ પ્રભાવશાળી માર્ચ પાસ્ટ પરેડ યોજાઈ, જેમાં શિસ્ત અને ટીમવર્કનું પ્રદર્શન કરવામાં આવ્યું. ત્યારબાદ એક મુખ્ય હાઈલાઈટ શાળાના ડાયરેક્ટર & પ્રિન્સિપાલ સરે હૃદયસ્પર્શી વક્તવ્ય પ્રજાસત્તાક દિન નિમિત્તે આપ્યું હતું. જેમાં પ્રજાસત્તાક દિવસના મહત્વ અને ભારતના નાગરિક તરીકેની આપણી જવાબદારીઓ પર ભાર મૂકવામાંઆવ્યો હતો.

વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રેરક સમૂહ ગીતે કાર્યક્રમમાં એક સુમેળભર્યું અને પ્રેરણાદાયક પીછું ઉમેર્યું જેમાં દેશભાવનાની એકતાને અર્થપૂર્ણ રીતે રજૂ કરી. બાહયપ્રદશન કરાટે માટે રિયાંશ કોઠીવાલાનું સન્માન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ દ્વારા મનમોહક દેશભક્તિનું નૃત્ય પ્રદર્શન, સંવિધાન અને સંવાદિતાના મૂલ્યો કેળવતું નાટકનું પ્રત્યક્ષીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં તેમની પ્રતિભા અને સર્જનાત્મકતા દર્શાવવામાં આવી.

RMPS ના આદરણીય ટ્રસ્ટીઓએ તેમના સમજદાર ભાષણો દ્વારા સભાને સંબોધિત કરી. તેમના પ્રોત્સાહનના શબ્દોએ વિદ્યાર્થીઓ અને સ્ટાફને આપણા બંધારણમાં સમાવિષ્ટ મૂલ્યોને જાળવી રાખવા પ્રેરણા આપી.

ભારત-યુરોપીયન સંઘ
પહેલા પાનાનું ચાલુ

યુરોપને ડરાવવાની કોશીશ કરતા ટ્રમ્પ શાસનના નાણામંત્રી સ્કોટ બેસેન્ટે કહ્યું હતું કે યુરોપ તેની જ સામેના યુદ્ધમાં ભંડોળ પુરુ પાડવા જેવું કરી રહી છે.

અમોએ જે રીતે રશિયાથી યુરોપને બચાવવા માટે ભારત પર ૨૫% ટેરિફ નાખ્યા છે અને તે જ યુરોપ હવે ભારત સાથે વ્યાપાર કરી રહ્યું છે. હજુ હાલમાં જ અમેરિકી મંત્રીએ સ્વીકાર્યું હતું કે ભારતે રશિયા પાસેથી ક્રુડતેલ ખરીદી ખૂબજ ઘટાડી દીધી છે તેથી તેના પરના ૨૫% ટેરિફ રદ કરવા પ્રમુખ ટ્રમ્પ નિર્ણય લેશે. તે વચ્ચે આજના વિધાનો સૂચક છે.

રાજસ્થાનમાં વાવાઝોડા
પહેલા પાનાનું ચાલુ

છૂટોછવાયો વરસાદ પણ પડી રહ્યો છે. રાજ્યમાં ૨૮ અને ૨૯ જાન્યુઆરીએ ગાઢ ધુમ્મસ છવાશે અને ઠંડા પવનો ફૂંકાશે. ૩૧ જાન્યુઆરીથી ફરી વરસાદ પડી શકે છે.

પશ્ચિમ બંગાળમાં
પહેલા પાનાનું ચાલુ

ભાજપના ધારાસભ્ય અશોક ડિંડાએ આરોપ લગાવ્યો કે અડધી રાત્રે ગોડાઉનનો મેન દરવાજો બંધ હતો, જેના કારણે ઘણા મજૂરો બહાર નીકળી શક્યા ન હતા.

રાજ્યના વીજળી મંત્રી આરુપ બિસ્વાસે કહ્યું કે ગાઢ ધુમાડો હટ્યા પછી જ સ્પષ્ટ થશે કે અંદર કોઈ ફસાયું હતું કે નહીં. તેમણે જણાવ્યું કે કોલકાતા નગર નિગમની ડિમોલિશન ટીમને દિવાલો તોડવા માટે બોલાવવામાં આવી હતી જેથી ધુમાડો બહાર નીકળી શકે.

સંસદના બજેટ સત્ર
પહેલા પાનાનું ચાલુ

યોજાશે.SBIનો દાવો-બજેટમાં ૨૦૨૭ માટે સરકારનો કેપેક્સ ૧૨ લાખ કરોડ રૂપિયાથી વધુ સંભવિત

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ના એક રિપોર્ટ અનુસાર કેન્દ્ર સરકારનો મૂડી ખર્ચ (નાણાકીય વર્ષ) FY-૨૭માં ૧૨ લાખ કરોડ રૂપિયાથી વધુ થવાની અપેક્ષા છે, જે વાર્ષિક ધોરણે લગભગ ૧૦%નો વધારો નોંધાવશે. રિપોર્ટના આંકડા દર્શાવે છે કે બજેટના અંદાજો અનુસાર કુલ મૂડી ખર્ચ ૠ૩-૧૬ માં ૨.૫ લાખ કરોડથી વધીને FY-26 માં ૧૧.૨ લાખ કરોડ રૂપિયા થઈ ગયો.

કલેકટર ટીના ડાબી
પહેલા પાનાનું ચાલુ

આ વીડિયો એક્સ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને વોટ્સએપ પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં લોકો અનેક પ્રકારની પ્રતિક્રિયાઓ પણ આપી રહ્યાં છે.જોકે, આવું પહેલી વખત નથી કે ટીના ડાબી પોતાના કામના કારણે વિવાદમાં આવ્યાં હોય! આ પહેલા પણ તેઓ અનેક વખત સોશિયલ મીડિયામાં ચર્ચાનું કેન્દ્ર બન્યાં હતાં.

શંકરાચાર્યના
પહેલા પાનાનું ચાલુ

હતા. હકીકતમાં, તેઓ (અલંકાર અગ્નિહોત્રી) પોતે જ બધાને મળવા ત્યાં ગયા હતા. ત્યાં ADM એડમિનિસ્ટ્રેશન, અમારા સિટી ADM અને ફ્રસ હાજર હતા.

તેમને કોફી પણ ઓફર કરવામાં આવી હતી. કોફી પર સારી વાતચીત થઈ. તેમને બંધક બનાવવાની કે એવી કોઈ વાત નહોતી. તેઓ પોતે જ વાતચીત માટે ત્યાં ગયા હતા અને વાત કર્યા પછી ચાલ્યા ગયા. વાતચીતમાં કહેવામાં આવ્યું કે જો તેમને કોઈ માનસિક તકલીફ હોય તો એક-બે દિવસની રજા લઈ લે. જો તમને લાગે કે તમને કોઈ તકલીફ છે, તો ચાર દિવસની રજા લઈ લો. પરંતુ તેઓ આ માટે તૈયાર નહોતા, તેથી મૈત્રીપૂર્ણ વાતચીત પછી તેમને પાછા મોકલી દેવામાં આવ્યા.

પ્રજાસત્તાક પર્વની
પેજ-૨ પાનાનું ચાલુ

કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રે તથા મહાનુભાવોના હસ્તે જિલ્લા વહીવટીતંત્ર, આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ, ૧૦૮ ઈમરજન્સી સેવા તેમજ વિવિધ અભિયાનો અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગીઓ અને સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રજાસત્તાક પર્વની ઉજવણી દરમિયાન શાનદાર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લામાંની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિથી ભરપૂર નૃત્ય, ગીત અને નાટ્ય રજૂઆતો કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જેમાં એ.બી. સ્કૂલ ચિખલી, જીવન સાધના હાઇસ્કૂલ ખૂંધ તથા દા.એ. ઈટાલિયા કન્યા શાળા ચિખલીને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમાંકે પુરસ્કૃત કરાયા હતા.

આ ઉપરાંત, વિવિધ વિભાગોની સિદ્ધિઓને ટેબ્લોઝ મારફતે પ્રદર્શિત કરવામાં આવી હતી. જેમાં આઇ.સી.ડી.એસ. શાખાને પ્રથમ અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીને દ્વિતીય ક્રમાંકે પુરસ્કૃત કરાયા હતા. બેન્ડની સુરાવલીઓ સાથે પોલીસ વિભાગની પ્લાટુન્સ દ્વારા શિસ્તબદ્ધ માર્ચપાસ્ટ યોજાઈ હતી. આ અવસરે મંત્રીશ્રીએ વિકાસ કામો માટે રૂ. ૨૫ લાખનો ચેક જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેને અર્પણ કર્યો હતો. આ કાર્યક્રમમાં નવસારી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈ, વલસાડ સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, નવસારી ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પ લતા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ, નિવાસી અધિક કલેક્ટરશ્રી વાય.બી. ઝાલા તેમજ પદાધિકારીઓ, અધિકારીઓ, નાગરિકો અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સાંધિયેર
પેજ-૨ પાનાનું ચાલુ

કરોડથી વધુ વિકાસ કામોની ભેટ આપી છે અને નજીકનાં દિવસો માં રૂ.૭૦ લાખનાં ખર્ચે સેનાખાડી ઉપર પ્રોટેકશન વોલ તથા બે ગામને જોડતો એક રસ્તા માટે સરકારમાંથી ગ્રાન્ટ મંજુર કરાવવાની ખાત્રી આપું છું.આ પ્રસંગે ઓલપાડ બી.આર.સી.બ્રિજેશ પટેલે સ્વાગત પ્રવચન થકી આ શાળાનાં નવનિર્મિત ભવનમાં કુલ પાંચ ઓરડાઓ,ભૂલકાઓનાં રમત-ગમત માટે અલાયદો રૂમ, ટોયલેટ,ડીઝીટલ લેબ.,મધ્યાહન ભોજન શેડ સહિતની વિવિધ સુવિધાથી ગ્રામજનોને માહિતગાર કર્યા હતા. આ સમારોહમાં ઓલપાડ ભાજપ સંગઠન પ્રમુખ કુલદીપસિંહ ઠાકોર,ઓલપાડ ભાજપ સંગઠન મહામંત્રી સુનિલભાઈ પટેલ,સાંધિયેર ગામ નાં સરપંચ મેહુલભાઈ આહિર,સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ નાં પ્રમુખ કિરીટભાઈ પટેલ, ઓલપાડ બી.આર.સી બ્રિજેશભાઈ પટેલ, સુ.જિ.પં.મજુર અને હળપતિ આવાસનાં ચેરમેન અશોક રાઠોડ,ગામના ૯૨ વર્ષીય વયોવૃદ્ધ નિવૃત્ત પ્રોફેસર અનેજનસંઘથી ભાજપ નાં સક્રિય મોભી જયવંતભાઈ ટેલર,સાંધીએર દૂધ મંડળીનાં પ્રમુખ બાલુભાઈ પટેલ,સેવા સહકારી મંડળીનાં પ્રમુખ વિરલ પટેલ સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો તથા તાલુકાનાં અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા.

પાવરગ્રીડ
પેજ-૨ પાનાનું ચાલુ

છે. ત્યારે ફરી એક વાર ખેડૂતોએ ખેડૂત સમાજ ઉપર વિશ્વાસ મૂકી લડતમાં જોડાવવાની જરૂર છે. આવનાર દિવસોમાં ટ્રેક્ટર રેલી યોજી ખેડૂતોએ પોતાની તાકાત બતાવવાનો સમય પાકી ગયો

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૨૭ જાન્યુઆરી ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

રાષ્ટ્રીયકૃત તથા ખાનગી બેંકોની સજ્જડ હડતાળ

સપ્તાહમાં પાંચ દિવસ કામકાજ ચાલુ રાખવા બેંક કર્મચારીઓની માંગ : રાષ્ટ્રવ્યાપી હડતાળને પગલે આર્થિક વ્યવહારો અસરગ્રસ્ત

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭

દેશભરના બેંક યુનિયનો દ્વારા આજે બેંક હડતાળ પાડવામાં આવી હતી. બીજા અને ચોથા શનિવાર ઉપરાંત બાકીના શનિવારે પણ બેંકોનું કાર્ય બંધ રાખી રજા જાહેર કરવાની પડતર માંગણી અંગે આજે સુરત સહિત સમગ્ર દેશમાં અંદાજે ૮ લાખ જેટલા કર્મચારી-અધિકારીઓના અલગ-અલગ યુનિયનોએ હડતાળ કરતા કરોડો રૂપીયાની ટ્રાન્જેકશનો અટવાયા હતા. સુરત શહેરમાં પણ બેંકીંગ સીસ્ટમ આજે હડતાળને પગલે બંધ રહેતા નાણાકીય વ્યવહારો ખોરવાયા હતા.

ઓલ ઇન્ડિયા બેંક એમ્પલોયીઝ એસોસિએશન, યુનાઇટેડ ફોરમ ઓફ બેંક યુનિયન સહિત દેશના ૯ અલગ-અલગ યુનિયનો દ્વારા આજે જાહેર ક્ષેત્રની તેમજ ખાનગી બેંકો, વિદેશી બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો તથા સહકારી બેંકો કાર્યરત અંદાજે ૮ લાખ કર્મચારી અને અધિકારીઓ દ્વારા આજરોજ અખિલ ભારતીય બેંક હડતાળનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સુરત શહેરમાં પણ બેંક કર્મચારી-અધિકારીઓ દ્વારા આજે હડતાળ પાડવામાં આવી હતી. બેંક કર્મચારી-અધિકારી યુનિયનોની માંગણી છે કે, બેંકિંગ ક્ષેત્રમાં ૫ દિવસીય કાર્ય સપ્તાહ અમલમાં મુકવા માટે સરકારની મંજુરી આપવી તેમજ હાલ જે રીતે બીજા અને ચોથા શનિવારે રજા હોય છે તે સિવાયના તમામ શનિવારો પણ જાહેર રજા રહેવી જોઈએ.

આ અંગે ગુજરાત રાજ્ય યુએફબીયુ કન્વીનર નિતેશ પરમારે જણાવ્યું હતું કે, ઈન્ડીયન બેંક્સ એસોસિએશન દ્વારા ગઇ તા.૭-૧૨-૨૦૨૩ના રોજ (યુએફબીયુ) સાથે થયેલા સમજુતીપત્રા તેમજ ૮-૩-૨૦૨૪ના સેટલમેન્ટ મુજબ સરકારને ભલામણ કરવામાં આવી છે. બીજા અને ચોથા શનિવાર ઉપરાંત બાકીના શનિવારે પણ બેંક કાર્ય બંધ રાખવાની યુનિયનોની માંગણીને ૨૦૨૨માં સરકારે વિચારણા હેઠળ રાખવાનું જણાવ્યું હતું. જોકે આ બાબતે કોઇ અપડેટ આવ્યું ન હોય આજે સોમવારથી શુક્રવાર સુધી જ કાર્ય સમય ઉપરાંત દરેક શનિવારના રોજ રજાની માંગણી બેંક કર્મચારી યુનિયનો દ્વારા કરવામાં આવી હતી.

આજે દેશભરમાં બેંક કર્મચારીઓ દ્વારા સજ્જડ હડતાળ યોજવામાં આવી હતી. સુરતમાં ઘોડદોડ રોડ, કરીમાબાદ ખાતે એકત્ર થયેલા રાષ્ટ્રીયકૃત તથા ખાનગી બેંકોના કર્મચારીઓ દ્વારા પોતાની માગણીઓ સંદર્ભે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ સહભાગી થયા હતા. (તસવીર : હનીફ મલેક)

કતારગામનો પરિવાર શ્રીમંતના પ્રસંગમાં ગયો અને ઘરે ચોર આવ્યા

પરસોત્તમનગરના મકાનમાંથી રૂા.૨.૪૫ લાખની ચોરી

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭

કતારગામ બાપાસીતારામ ચોક પાસે આવેલા પરષોત્તમનગરમાં રહેતા ૪૨ વર્ષિય નોકરીયાત યુવક તેના બહેનને ત્યાં હજીરા શ્રીમંતના પ્રસંગમાં પરિવાર સાથે ગયો હતો તે સમયે મકાનમાં પ્રવેશી ગયેલા તસ્કરો સોના ચાંદીના ઘરેણા મળી કુલ રૂ.૨.૪૫ લાખની ધાપ મારી ગયા હતા. આ મામલે કતારગામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

કતારગામ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર કતારગામ પરષોત્તમનગર સોસાયટી બ્લોક નં.૧૧૧માં રહેતા વીજય ઈશ્વરભાઈ પટેલ ઉ.વ.૪૨ ગઇ તા.૨૫ જાન્યુઆરીના રોજ સવારે હજીરા ખાતે રહેતી તેમની બહેનને ત્યાં શ્રીમંતનો પ્રસંગ હોય ત્યાં ગયા હતા. દરમિયાન તસ્કરો તેમના ઘરમાં પ્રવેશ કરી રૂમની તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના રોકડા રૂ.૧૪ હજાર મળી કુલ રૂ.૨.૪૫ લાખની ચોરી કરી ગયા હતા.

સુરતમાં રહેતી પત્નીને મુંબઈથી મળવા આવેલા પતિને ઝેર પીવડાવી મારી નાખ્યો

લિંબાયતના અનવરનગરમાં બનેલી ચોંકાવનારી ઘટના : પરિણીતા ઈશરતને પતિ હૈદરઅલી સાથે રહેવું ન હતું

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭

લિંબાયત નવાનગર ખાતે બાળકો સાથે રહેતી પત્નીને મુંબઈથી મળવા આવેલા પતિને રાત્રિના સમયે હળદરવાળા દુધમાં ઝેરી દવા ભેળવી મારી નાંખવામાં આવ્યો હોવાની ચકચારીત ઘટના લિંબાયત પોલીસ ચોપડે નોંધાઈ છે. આ મામલે લિંબાયત પોલીસે હત્યાનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. ફરીયાદમાં એવો ઉલ્લેખ કરાયો છે કે, પત્ની ઈશરતખાતુનને પતિ હૈદરઅલી બાકરઅલી સાથે રહેવું ન હતું.

લિંબાયત પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ બિહારના પુર્વાચિમ્પારણ જિલ્લા મોતીહારી રામગઢવાના વતની અને હાલ લિંબાયત મહાપ્રભુનગર મટકાવાળી ગલીમાં રહેતા અરશદઅલી બાકરઅલી ઠકુરાઈ ઉ.વ.૩૩ મૌલાના તરીકે ધાર્મીક શિક્ષણ આપવાનં કામ કરે છે. દરમિયાન તેના ભાઈ હૈદરઅલી બાકરઅલી ઉ.વ.૩૯ જે મુંબઈમાં રહીને કામ ધંધો કરે છે. તેની પત્ની ઈશરતખાતુન હાલ લિંબાયત નવાનગર ખાતે બાળકો સાથે એકલી રહે છે. દરમિયાન ગઇ તા.૧ જાન્યુઆરીના રોજ મુંબઈથી ઈશરતખાતુનને પતિ હૈદરઅલીએ ફોન કરીને તે બાળકોને મળવા માટે સુરત આવી રહયો હોવાનું જણાવ્યું હતું. જોકે પત્ની ઈશરતખાતુને હૈદરઅલીને ઘરે આવવાની ના કહી હતી. તેમ છતાં ગત ૧ જાન્યુઆરીએ હૈદરઅલી સુરત આવ્યો હતો.

રાત્રિના સમયે ઈશરતખાતુને પતિ હૈદઅલીને હળદરવાળી દુધમાં ઝેરી દવા પીવડાવી દીધી હતી. દુધમાં ઝેર ભેળવી દેવાયું હોય પીતાની સાથે જ હૈદરઅલીની તબિયત લથડી હતી. તેને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ લઇ જવાયો હતો જ્યાં તેની સારવાર બાદ રજા અપાઈ હતી. દરમિયાન તા.૫ જાન્યુઆરીના રોજ હૈદરઅલી ઘરે સુતો હતો તે સમયે તેને મારી નાંખવાના ઈરાદે ઈશરતખાતુને તેને ગળા તેમજ છાતીના ભાગે હાથથી દબાણ આપી મારી નાંખ્યો હતો. આ હત્યા અંગે ગઇકાલે લિંબાયત પોલીસ સ્ટેશનમાં મૌલાના અરશદલીએ હત્યાનો ગુનો નોંધાવ્યો હતો.

સરથાણામાં ભાઈ-ભાભી સાથે રહેતી યુવતીની આત્મહત્યા

મૃતક યુવતીની એક વર્ષ પૂર્વે યુવક જોડે સગાઈ પણ થઈ ગઈ હતી

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭

વ્રજ ચોક સરથાણા ખાતે યુવતીએ અકળ કારણોસર પોતાના ઘરે ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી

મૂળ જિલ્લા ભાવનગર ગારીયાધારના વતની અને હાલ સરથાણા વ્રજ ચોક કૃષ્ણનગર ખાતે ૨૨ વર્ષીય કલ્પના દિનેશ પરમાર મોટા ભાઈ અને ભાભી સાથે રહેતી હતી. ગઈકાલે સાંજના સુમારે કલ્પના પરમારએ પોતાના ઘરે ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે કલ્પના પરમાર ના માતા પિતા વતન ખાતે રહે છે એ અહીં ભાઈ ભાભી સાથે રહેતી હતી. કલ્પનાએ ભરેલા આપઘાત પાછળનું કારણ જાણવા મળ્યું નથી. એક વર્ષ પહેલાં જ અમરોલી ખાતે રહેતા સમાજના જ એક યુવક સાથે સગાઈ પણ થઈ હતી. આ ઘટનાને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

ચોકબજાર પાસે આવેલા ઐતિહાસિક કિલ્લાની બરોબર પાછળ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. કિલ્લાની સુંદર દિવાલો પાછળ જ ગંદકી ખદબદી રહી હોય તંત્ર કિલ્લાનું ગૌરવ જાળવી રાખે તે જરૂરી થઈ પડ્યું છે. (તસવીર : હનીફ મલેક)

સચીનમાં દારૂના નશામાં આધેડે પુરૂષનો બાથરૂમમાં આપઘાત

સાડા ત્રણ મહિના પૂર્વે મૃતકની પુત્રવધૂએ આ ઘરમાં જ આપઘાત કર્યો હતો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭

સચિન જીઆઈડીસી ખાતે દારૂના નશામાં આધેડે પોતાના રૂમની બાજુમાં આવેલા બાથરૂમમાં ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી. મૃતકે કયા કારણોસર પગલું ભર્યું છે તે જાણવા મળ્યું નથી.

મૂળ યુપીના અને હાલ સચિન જીઆઈડીસી શિવનગર પાસે સાંઈ શ્રદ્ધા સોસાયટીમાં રહેતા ઉમાશંકર ઉર્ફે રાજા ગિલ્લે પ્રજાપતિ ઉંમર વર્ષ ૪૬ લોખંડની કંપનીમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગઈકાલે ઉમાશંકરે પોતાના રૂમ નજીકના બાથરૂમમાં પતરાની છતના લોખંડની એંગલ સાથે ઝરીનો ધાગો બાંધી જરીના ધાગા વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું કે ઉમાશંકર પત્ની અને પુત્ર સાથે રહેતો હતો તેણે દારૂના નશામાં કયા કારણોસર પગલું ભર્યું તે જાણી શકાયું નથી. તદુપરાંત સાડા ત્રણ મહિના પહેલા મૃતક ઉમાશંકરની પુત્રવધુ એ પણ તે જે રૂમમાં રહે છે એ જ રૂમમાં ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી.

સમાજ સામે કોઈ પણ દાદાગીરી ચલાવી લેવાશે નહીં : હિરા સોલંકી

સુરતમાં કોળી સમાજની વિસાળ બેઠકને સંબોધન કરતા ધારાસભ્ય હિરા સોલંકી

સુરત, તા.૨૭

બગદાણાના પૂર્વ સરપંચ નવનીત બાલધિયા પર થયેલા જીવલેણ હુમલાના મામલે ગુજરાતનું રાજકારણ અને સામાજિક વાતાવરણ ગરમાયું છે. આ કેસમાં માયા આહીરના પુત્ર જયરાજ આહીરની ધરપકડ બાદ ગત રાત્રિના ધારાસભ્ય હીરા સોલંકીએ સુરત ખાતે કોળી સમાજની એક વિશાળ બેઠકને સંબોધન કર્યું હતું. હીરા સોલંકીએ અત્યંત આક્રમક શૈલીમાં જણાવ્યું હતું કે, આઠ લોકો મળીને એકને મારે છે, તોય ભડના દીકરાએ માફી નથી માગી. છેતરીને માર્યો અને તેનો વીડિયો બનાવ્યો એ મને ખટક્યું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે, સમાજ સામે થતી કોઈપણ પ્રકારની દાદાગીરી હવે ચલાવી લેવામાં આવશે નહીં. ૨૬ જાન્યુઆરીની રાતે સુરતના સરથાળા વિસ્તારમાં આવેલા મેલડી માતાના મંદિર નજીક કોળી સમાજની બેઠક મળી હતી. આ બેઠકમાં વરાછા અને આસપાસના વિસ્તારોમાં વસતા સમાજના અંદાજે ૧૦૦૦થી વધુ લોકો આ એકત્ર થયા હતા. આ બેઠકમાં ધારાસભ્ય હીરા સોલંકી સાથે અન્ય અગ્રીણીઓ પણ હાજર હતાં. આશ્ચર્યની વાત એ હતી કે, લોકો જમીન પર બેસીને ખૂબ જ શાંતિપૂર્વક અને ગંભીરતાથી ધારાસભ્ય હીરા સોલંકીને સાંભળી રહ્યા હતા. આ બેઠક માત્ર એક ચર્ચા નહોતી, પરંતુ નવનીત બાલધિયા પર થયેલા અત્યાચાર સામે એક મજબૂત વિરોધ પ્રદર્શન સમાન હતી. લોકોમાં ધારાસભ્યના આગમનથી એક અલગ જ પ્રકારનો ઉત્સાહ હાજર લોકોમાં જોવા મળ્યો હતો.

ન્યુ મગદલ્લામાં એમેઝોનના ડીલર યુવાનની આત્મ હત્યા

મૃતકની પત્ની સર્ગભા હોવાથી પિયરમાં રહે છે

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭

એમેઝોનની ડીલરશીપ ધરાવતા ન્યુ મગદલ્લાના યુવકે પોતાના બેડરૂમમાં રહસ્યમય સંજોગોમાં ફાંસો લગાવી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. મૃતકની પત્ની પ્રેગ્નેન્ટ હોય પ્રથમ ડિલિવરી માટે દોઢ બે માસથી પિયરે ગઈ હતી.

ન્યુ મગદલ્લા ખાતે સરસ્વતી વિદ્યાભવનની પાછળ પરિવાર સાથે રહેતો કિરીટ દિપક પટેલ ઉંમર વર્ષ ૩૫ ફ્રદ્વફ્રર્ડહની ડીલરશીપ ધરાવી ઘરેથી ડિલિવરી કરવાનું કામ કરતો હતો. કિરીટ પટેલએ ગઈકાલે સાંજે પોતાના ઘરના બેડરૂમમાં ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી. ઉમરા પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તથા શરૂ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે મૃતક કિરીટ પટેલે કયા કારણોસર પગલું ભર્યું તે જાણવા મળ્યું નથી વધુમાં કિરીટ પટેલ પત્ની સહિતના પરિવાર સાથે રહેતો હતો હાલ પત્ની પ્રેગનેટ હોય દોઢ બે માસથી ડિલિવરી માટે ગઈ હતી. આ દરમિયાન કિરીટ પટેલે પોતાના ઘરે અત્યંતિક પગલું ભરી લીધું હતું. આ ઘટનાને બદલે પરિવારમાં ભારે શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

વેડરોડની સગીર છોકરી સાથે યુવકે અડપલાં કરી ધમકી આપી

કિશોરીના પરિવારને યુવક મંથન ગોંડલિયાએ ધમકી ભર્યા મેસેજ મોકલ્યા

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭

ચોકબજાર વેડરોડ વિસ્તારમાં રહેતી સગીરાને પટાવી ફોસલાવી પ્રેમજાળમાં ફસાવી તેની સાથે શારીરિક અડપલા કર્યા બાદ સગીરાના પરિવારને વોટ્સએપમાં ધમકી ભર્યા મેસેજ મોકલનાર ૨૧ વર્ષિય ગેરેજવાળા સામે છેડતીનો ગુનો નોંધાયો છે.

ચોકબજાર પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ અમરેલી જિલ્લાના સરદારનગર શેરી નં.૩ ખાતે રહેતા મંથન હિતેશ ગોંડલીયાએ ૨૦૨૪ના જુલાઈ મહિનાથી વેડરોડ વિસ્તારની એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી લીધી હતી. સગીરાની મળવા માટે અલગ-અલગ જગ્યાએ બોલાવ્યા બાદ તેની સાથે શારીરિક અડપલા કરવામાં આવ્યા હતા. દરમિયાન પરિવારજનોને આ બાબતે જાણ થતા મંથન ગોંડલીયાએ વોટ્સએપ ઉપર સગીરાના પરિવારને મેસેજ કરવાનું શરૂ કર્યું હતું. સગીરાના પરિવારને અને સગીરાને ધમકી ભર્યા મેસેજ મોકલવામાં આવતા હોય આ મામલે ગઈકાલે ચોકબજાર પોલીસ મથકમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

સર પ્રક્રિયા અંતર્ગત લોકોને પડતી હાંલાકી અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન મુદ્દે આજે આમ આદમી પાર્ટી દ્વારા કલેક્ટર કચેરી બહાર સુત્રોચ્ચાર કરી આ પ્રક્રિયાને સરળ બનાવવાની માંગ સાથે કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું. (તસવીર : હનીફ મલેક)

૭૭માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે તાપી નદી કોઝવે ખાતે એક વ્યક્તિએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવો પહેરવેશ તેમજ માસ્ક પહેરીને નાના બાળક સાથે તિરંગો લહેરાવ્યો હતો. (તસવીર : હનીફ મલેક)

બેગમપુરા મસ્જીદના પાંચ ટ્રસ્ટીઓની નિમણૂક રદ કરતો હુકમ ગેરકાયદે ઠર્યો

મિસરી ખાન મહોલ્લાની મસ્જીદ અંગેના વિવાદમાં વકફ ટ્રિબ્યુનલનો હુકમ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭

બેગમપુરા ખાતે આવેલી મિસરીખાન મહોલ્લા મસ્જીદના વહીવટ માટે ૫ મુતવલ્લીઓ(ટ્રસ્ટી)ની નિમણૂંક અંગે વકફ બોર્ડે કરેલા હુકમને રાજ્ય વકફ ટ્રિબ્યુનલે ગેરકાયદેસર ઠેરવી રદ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

વર્ષ ૨૦૧૯માં બેગમપુરા વિસ્તારમાં આવેલી મિસરીખાન મહોલ્લા મસ્જિદના વહીવટ માટે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા જાવેદ શેખ, રફીક ભરૂચી, અસલમ ગાડીવાલા, યાસીખાન પઠાણ, ઈબ્રાહીમ શેખને નવા મુતવલ્લી તરીકે નોંધવા માટેનો ફેરફાર રિપોર્ટ મંજૂર કર્યો હતો. આ ફેરફાર રિપોર્ટને હુસેનખાન પઠાણે ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલમાં પડકાર્યો હતો. હુસેન પઠાણ તરફે દલીલો થઈ હતી કે વકફ બોર્ડે અન્ય હિતધારકોને સાંભળ્યા વગર જ ઉતાવળે આ હુકમ પસાર કર્યો હતો. વધુમાં પ્રતિવિવાદી જાવેદ શેખ સામે અનેક કાયદાકીય કેસો પેન્ડીગ હોવા છતા તેની વિગતો છુપાવવામાં આવી છે તેવો પણ હુસેન પઠાણ તરફે ટ્રિબ્યુનલમાં આક્ષેપ કરાયો હતો. ટ્રિબ્યુનલે હુસેન પઠાણની અપીલ મંજૂર કરી વકફ બોર્ડના મુતવલ્લીઓની નિમણૂંક અંગેનો અગાઉના હુકમને રદ કર્યો હતો. તેમજ મીસરીખાન મહોલ્લા મસ્જીદના રોજબરોજના વહીવટ માટે તાત્કાલિક સ્થાનિક વતનીની વહીવટદાર તરીકે નિમણૂંક કરવા પણ હુકમ કર્યો હતો.

ઉધના વિસ્તારમાં યુવક એકા એક ઢળી પડતા મોત

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭

સુરતના ઉધના વિસ્તારમાં ૨૫ વર્ષીય યુવાનનું અચાનક બેભાન થયા બાદ મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઈ છે.

ઉધના રોડ નં.૬ પર આવેલી શ્રીનાથ ટેક્સટાઈલ કંપનીના પ્લોટ નં.૩૬ માં રહેતા રમેશભાઈ કમલાપત શર્મા (ઉં.વ. ૨૫) ગઈકાલે તારીખ ૨૬/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યાના અરસામાં પોતાના નિવાસસ્થાને અચાનક બેભાન થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. ઈ.એમ.ટી. શર્મિષ્ઠાબેન યુવાનને સારવાર અર્થે સવારે ૦૮:૫૦ વાગ્યે હોસ્પિટલ લઈ આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડૉક્ટર ઊર્જીતભાઈએ તપાસ કરી ૦૮:૫૬ વાગ્યે યુવાનને મૃત જાહેર કર્યો હતો.